પ્રથમાવૃત્તિ

ચિત્રકાર
ઇન્દ્રવદન સી. પારેખ, ઇ. ડી. એ.
ગ્રીન વીલા, સ્લેટર રોડ,
મુંબઈ-૭.

આ આવૃત્તિના સોલ એજન્ટસ
મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ
બુકસેલર્સ અને પબ્લીશર્સ
નાણાવટ – સુરત

• મુદ્રક •
જશવંતસિંહ ગુલાબસિંહ ઠાકોર
• "સુરત સિટિ" પ્રિન્ટિંગ પ્રેસ, •
• ચૌટા પૂલ પાસે – સુરત. •

બે બોલ

શિક્ષણશાસ્ત્રમાં, જીવનના બીજા કેટલાક પ્રદેશો જેમ નવા નવા પ્રયોગોને અનન્ત અવકાશ છે. એ રીતે શિક્ષણશાસ્ત્રને પ્રાયોગિક વિજ્ઞાન (experimental science) કહીએ તો ખોટું નથી. માધ્યમિક શાળાઓ અને કૉલેજોમાં ભણતાં વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક ઉપરાંત ઇતર-વાચન આપવાનો પ્રયોગ અંગ્રેજીદ્વારા સફળ રીતે થયો છે. આવો અખતરો ગુજરાતીમાં કરવાની ઇચ્છાથી જ આ પુસ્તકનું સંપાદન કાર્ય હમે કરવા પ્રેરાયાં. આ પ્રયોગની સફળતાનો પ્રશ્ન બાજુએ રાખી આવી જ જાતના વાચન તરીકે ગુજરાતી નવલકથાઓને પણ ટૂંકાવી રજુ કરવાનો હમારો વિચાર છે. વાર્તાના વસ્તુમાં વિક્ષેપ ન આવે અને રસક્ષતિ ન થાય એવી નવલકથા ટૂંકાવવા માટે અનુકૂળ પડે. પણ આ તો ભવિષ્યની વાત થઈ-

જે જે લેખક બંધુઓએ પોતાની કૃતિ પ્રગટ કરવાની રજા આપવાની ઉદારતા દર્શાવી આ સંપાદન કાર્ય હમારે માટે શક્ય બનાવ્યું છે ત્હેમના હમે અત્યંત ઋણી છીએ.

ઉપોદ્ઘાત લખી આપી બાપુશ્રી ભાનુશંકર વ્યાસે પણ હમને ઉપકૃત કર્યા છે.

બી ૯. મુળજી મહાલ,
નીપ્રા-નગર,
મુંબાઈ ૯.

રમણ ન. વકીલ.
પુષ્પા ર. વકીલ.

અલ્પ સમયમાં અને અલ્પ સાધનમાં

પ્રાચીન અને અર્વાચીન

ગુજરાતી ગદ્ય, પદ્ય અને નાટ્ય–સાહિત્યનો

અભ્યાસ કરવા

મુંબાઈ સરકારના કેળવણીખાતાએ પાઠ્યપુસ્તક તરીકે મંજુર કરેલું

• સાહિત્યરત્ન •

સુધારેલી આવૃત્તિ

પૃષ્ઠ ૨૦૦]	ભાગ પ્હેલો	[૦–૧૦–૦
પૃષ્ઠ ૨૯૦]	ભાગ બીજો	[૦–૧૪–૦
પૃષ્ઠ ૩૬૦]	ભાગ ત્રીજો	[૧– ૨–૦

•

સોલ એજન્ટસ

મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ,

બુકસેલર્સ અને પબ્લીશર્સ

નાણાવટ – સુરત.

અ ર્પ ણ

ગુજરાતી ટૂંકીવાર્તાસાહિત્યની

એકનિષ્ઠ સેવા કરનાર

અને તેને

સમૃદ્ધ કરનાર

શ્રી. ધૂમકેતુને–

•

સંપાદકો

•

પ્રસ્તાવના

ટૂંકીવાર્તાઓ ગુજરાતમાં જનપ્રિય બની છે એ હકીકત કોઈના લક્ષની બહાર ન જ હોય. એટલે જનપ્રિય બની શકે તે સાહિત્ય જ ઉત્તમ એવો નિર્ણય કરવાને હું પ્રેરાત નથી થતો. પરંતુ જનરુચિને—અને તે પણ અનેક દસકાઓ સુધી ભાષા અને સાહિત્ય ઘડતાં જતાં હોય તે દરમ્યાન સંસ્કાર પામતી જનરુચિને અવગણવી એ પણ નિરર્થક છે. તો ટૂંકીવાર્તામાં એવું કયું કલાતત્ત્વ છે જે આકર્ષણનું—રુચિનું કેન્દ્ર બને છે એટલું વિચારીએ.

એક બાબત તો સ્પષ્ટ જ છે કે વાર્તા એટલે વાર્તા—પછી તેનું વસ્તુ ઐતિહાસિક હોય, ઉત્પાદિત હોય કે ઇતિહાસ અને કલ્પના વ્યાપારનું મિશ્રણ હોય. પણ કથાતત્ત્વનો અંશ તો વાર્તામાં અવશ્યભાવિ ગણવો જોઈએ. જગતભરમાં રચાએલી વાર્તાઓ—સારી વાર્તાઓને એકત્ર કરીને, તે બધામાં કર્તાઓએ કયા કયા ક્ષેત્રમાંથી વસ્તુ લીધું છે અને એ પ્રમાણે વાર્તાઓની વિભાગવારના પાડવી એવા પાંડિત્યની આજે જરૂર નથી. સીધી વાત એટલી જ કે જેમ સાહિત્યના બીજા સ્વરૂપોને જીવન જોડે સંબંધ છે તેમ ટૂંકીવાર્તાને પણ છે; અને એ સંબંધ બહુ ગાઢ છે. અને આ સંબંધ અનેક રીતે ટૂંકીવાર્તામાં વ્યક્ત થાય છે. વ્યક્તિ કે સમષ્ટિના જીવનનો કોઈ પ્રસંગ હોય, કોઈ માનસિક અવસ્થા હોય, કોઈ વ્યક્તિના જીવનતત્ત્વનું—સમગ્ર જીવનનું નહિ—દર્શન હોય—આ બધું અને માનવજીવનની અનેક ઘટનાઓ ટૂંકીવાર્તામાં વસ્તુરૂપે પ્રવેશ પામે છે.

[illegible]

સમયમાં વાંચી શકીએ, એક બેઠકે વાંચી પૂરી કરીએ, [illegible] તે બધાં સ્થૂલ હોવા છતાં એક વસ્તુ સ્પષ્ટ છે કે ટૂંકીવાર્તામાં વસ્તુનું એવું સ્વરૂપ નિયોજાયેલું હોય છે કે તે જરા પણ વિક્ષેપ સહન કરી શકે નહિ. એમાં અવકાશ રસનિષ્પત્તિનું જે હોય છે તેમાં [illegible] (broad)ને અવકાશ નથી. એમાં stages નથી એમ કહેવાય નહિ પણ એ stages એટલાં સૂક્ષ્મ છે અને વાચકના માનસવ્યાપાર જોડે એ એવી સૂક્ષ્મ રીતે સંબદ્ધ થઈ જાય છે કે જરાક પણ વિક્ષેપ એ સૂક્ષ્મ પરમ્પરાને વ્યસ્ત કરી નાખે.

પ્રસ્તુત સંગ્રહમાં સ્વ. રમણભાઈ નીલકંઠથી ઉમાશંકર જોશી સુધીના વાર્તાલેખકોમાંથી પસંદગી કરવામાં આવી છે. ટૂંકીવાર્તાના સિદ્ધહસ્ત લેખકોની નામગણના કરવા માટે ગુજરાતમાં બહુ વિચાર કરવો પડે તેવું નથી. છતાં પસંદગીમાં સંપાદન કરનારની રુચિ અને ધોરણોને અવકાશ

છે. તે ઉપરાંત જે દૃષ્ટિબિન્દુથી સંપાદન કાર્ય થતું હોય તે દૃષ્ટિબિન્દુ પણ મહત્ત્વ મેળવે છે. પ્રસ્તુત સંગ્રહ હાઈસ્કૂલના શરૂઆતના ધોરણોમાં ઈતરવાચન તરીકે રજૂ કરવાનો આશય સંપાદકોનો છે. પસંદ કરેલી વાર્તાઓમાં વૈવિધ્ય ઠીક જળવાયું છે એ કહેવાની ખાસ જરૂર ભાગ્યે જ જણાય છે. રમુજ, હાસ્ય કે કટાક્ષની ચમત્કૃતિયુક્ત ગૂંથણી આપણે ત્યાં બહુ થોડા લેખકોએ કરી છે. એ ખરું છે કે એવી વાર્તાની રચનામાં સમતોલપણું જાળવી રાખવાનું કાર્ય સરળ નથી. અને તેથી જ ગંભીર વિષયને સ્પર્શતી સારી વાર્તાઓની સંખ્યા આપણને વધારે મળશે. ગુજરાતીઓના સ્વભાવમાં હાસ્ય કે રમુજ નથી એમ કહેવાનું સાહસ તો આજ કોઈ ન કરે. છતાં હાસ્ય અને રમુજવાળી સુશ્લિષ્ટ ટૂંકી વાર્તાઓ આપણે ત્યાં ઓછી લખાય છે એ તો સ્પષ્ટ જ છે. ઈતરવાચન તરીકેના પુસ્તકના ઉપયોગમાં પણ આ વૈવિધ્ય મદદરૂપ થઈ પડે તેવું છે. દરેક વાર્તા વિષે અહિં ઉલ્લેખ કરવો અનાવશ્યક છે. ગુજરાતના જીવનનું એક કે બીજું તત્ત્વ દરેકમાં અવશ્ય છે અને ગુજરાતનું જે વ્યક્તિત્વ આજે બંધાતું જાય છે તે સમયે નિર્ભય રીતે બાળકો પાસે રજુ કરી શકાય એવું વાચન આ સંગ્રહમાં છે.

ઈતરવાચનની ગુજરાતીમાં આવશ્યકતા છે કે નહિ એ પ્રશ્ન નિરર્થક છે. ગુજરાતી ભાષા અને સાહિત્યના અભ્યાસનું ક્ષેત્ર પ્રતિદિન વિશાળ બનતું જાય છે એ સ્પષ્ટ છે. નવા દૃષ્ટિબિન્દુથી રચાયેલાં-રચાતાં પાઠ્યપુસ્તકો આપણને મળે છે. જો કે ઘણેભાગે એ બધા વસ્તુના તાત્ત્વિક મૂલ્ય અને ઉપયોગિતાના ધોરણે થવાને બદલે ઘણેભાગે ઈતિહાસના અનુક્રમ પ્રમાણે થય છે. આ દૃષ્ટિ હમેશાં તજવા યોગ્ય છે એમ નહિ; છતાં ઈતિહાસક્રમની દૃષ્ટિ પ્રધાન હોય છે ત્યાં નકામી વસ્તુઓને પેસી જવાનો અવકાશ મળે છે એ ભૂલવું જોઈએ નહિ.

ગુજરાતીના પાઠ્યપુસ્તકોમાં પણ ગદ્યનાં બધાં સ્વરૂપો રજુ કરવાનો પ્રયત્ન સંપાદકો કરે છે એટલે તે બધામાં બે ત્રણ વાર્તાઓ અવશ્ય પ્રવેશ પામે છે છતાં પાઠ્યપુસ્તકનો અભ્યાસ જે રીતે થવો જોઈએ તે

જોતાં ઇતરવાચનનાં પુસ્તકનું સ્વરૂપ જુદી જાતનું રહે એ જરૂરનું છે. આપણે ત્યાં નવલકથાઓનાં ટૂંકાં રૂપ સ્કૂલના વિદ્યાર્થીઓને વાંચનમાં ઉપયોગી થઈ પડે તે દૃષ્ટિએ હજુ રચાયાં નથી. બેશક એવી નવલકથાઓ આપણે ત્યાં છે ખરી જેમને ટૂંકાવીને બાળકો પાસે રજુ કરી શકાય. પરંતુ બાળકોને ઇતરવાચન તરીકે કાંઈ આપવું કે નહિ એ બાબતનો વિચાર જ આપણા શિક્ષકો ક્વચિત્ કરે છે. પરિણામે સ્કૂલના પુસ્તકાલયમાં જે કાંઈ પુસ્તકો એકત્ર થયેલાં હોય તે બાળકો વાંચે. આવી પરિસ્થિતિમાં ઇતરવાચન તરીકે બાળકોને આપી શકાય તેવા પુસ્તકો તૈયાર કરવાનું કામ ઉપયોગી છે એ ચોક્કસ.

આ પ્રમાણે વકીલ દમ્પતીનો આ પ્રયાસ હું આદરપાત્ર ગણું છું. આવા કાર્યમાં માત્ર શિક્ષણ-પ્રેમ કરતાં સાહિત્ય અને શિક્ષણ બંનેનો પ્રેમ હોય અને એ બંનેના પરિશીલનથી ઘડાયેલી દૃષ્ટિ હોય તે વધારે જરૂરનું છે. તે છતાં પણ વ્યક્તિઓ અને સંસ્થાઓ શિક્ષણના ક્ષેત્રમાં અનેક અખતરા પણ કરે છે અને નવા અખતરાને પણ સત્કારવા એ ઉચિત છે. સંગ્રાહકોની પાત્રતા માટે હું કાંઈ કહું તે કરતાં ગુજરાત જેટલું જાણે છે એટલું પર્યાપ્ત છે. તેમના પ્રયાસને હું સફળતા ઇચ્છું છું.

ભાનુશંકર બા. વ્યાસ

અનુક્રમણિકા

શ્રી. રમણલાલ વકીલનાં પુસ્તકો

ઉરતન્ત્ર અને નાટ્યકલા

માનવજીવનનાં સનાતન અંશો રજુ કરતું નાટક અને નાટ્યકલાની
વિવેચના કરતો વિસ્તૃત નિબન્ધ પૃષ્ઠ ૧૦૮+૯૨

એક રૂપિયો

•

પ્રણય-કાવ્યો

પ્રણયજીવનના વિવિધ ભાવ, વિચારો અને પ્રસંગો
આલેખતો સચિત્ર કાવ્યસંગ્રહ પૃ. ૧૫૦

દોઢ રૂપિયો

•

ત્રણ નાટકો

હોંશથી વાંચી અ[illegible] શકાય તેવાં [illegible]

પૃ. [illegible]

વાર્તાસંગ્રહ

ગૌરીશંકર ગોવર્ધન જોષી (ધૂમકેતુ)

[જન્મ ગોંડળ પાસે વીરપુરમાં–ઇ. સ. ૧૮૯૨માં. ૧૯૨૦માં એમણે બી. એની પરીક્ષા પસાર કરી. ત્યારથી શિક્ષક તરીકે કામ કરે છે. હાલ અમદાવાદમાં રહે છે.

એમની વાર્તાઓમાં બહુધા ગરીબ ગ્રામ્યજીવનના પ્રસંગો અને પાત્રોનું સચોટ અને હૃદયસ્પર્શી આલેખન જોવામાં આવે છે. વાસ્તવિક સાદા દેખાતા પ્રસંગને મોહક અને કલામય રીતે મૂકવાની નૈસર્ગિક રીતિ એ એમના લખાણની વિશિષ્ટતા છે. અને આ કલાને લીધે આપણા અલ્પસંખ્ય ટૂંકીવાર્તાકારોમાં રા. ધૂમકેતુ વિશિષ્ટ પદ ભોગવે છે.

તણખા મંડળ ૧, ૨ ૩ અને પ્રદીપમાં એમની ટૂંકીવાર્તાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે.]

જીવન–પરાગ

એ વખતે ધોળકા લાઈનના રેલ્વેના પાટા બદલાતા હતા, એટલે વેજલપરથી સો સવાસો માણસ કામવા આવ્યું હતું ને ધોળકા રેલ્વેના પાટા પાસે સીમમાં પડાવ નાખીને પડ્યું હતું.

શ્રી. રમણલાલ વકીલનાં પુસ્તકો

ઉરતન્ત્ર અને નાટ્યકલા

માનવજીવનનાં સનાતન અંશો રજુ કરતું નાટક અને નાટ્યકલાની
વિવેચના કરતો વિસ્તૃત નિબન્ધ પૃષ્ઠ ૧૦૮ + ૯૨

એક રૂપિયો

•

પ્રણય – કાવ્યો

પ્રણયજીવનના વિવિધ ભાવ, વિચારો અને પ્રસંગો
આલેખતો સચિત્ર કાવ્યસંગ્રહ પૃ. ૧૫૦

દોઢ રૂપિયો

•

ત્રણ નાટકો

હોંશથી વાંચી અને ભજવી શકાય તેવાં હાસ્યપ્રધાન એકાંકી નાટકો

સપ્તરંગી પૂઠું. પૃષ્ઠ ૧૫૦

એક રૂપિયો

•

વાર્તાસંગ્રહ

ગૌરીશંકર ગોવર્ધન જોષી (ધૂમકેતુ)

[જન્મ ગોંડલ પાસે વીરપુરમાં—ઇ. સ. ૧૮૯૨માં. ૧૯૨૦માં એમણે બી. એ.ની પરીક્ષા પસાર કરી ત્યારથી શિક્ષક તરીકે કામ કરે છે. હાલ અમદાવાદમાં રહે છે.

એમની વાર્તાઓમાં જણાતું ગરીબ ગામડાંઓનાં [illegible] અને પાત્રોનું [illegible] અને દૂરદેશથી આલેખન લેવામાં આવે છે. [illegible] [illegible] [illegible] પ્રસંગને [illegible] અને કલાત્મક રીતે મુકવાની [illegible] રીતિ એ એમની કલમની વિશિષ્ટતા છે. અને આ પ્રકારે રીતે [illegible] [illegible] ટૂંકીવાર્તાકારોમાં શ્રી. ધૂમકેતુ વિશિષ્ટ પદ ભોગવે છે.

તણખા મંડળ ૧, ૨, ૩ અને [illegible]માં એમની ટૂંકીવાર્તાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે.]

જીવન-પ્રયાગ

એ વખતે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] હતા, [illegible] [illegible] કે [illegible] [illegible] [illegible] આવ્યું હતું ને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ગયું હતું.

કાનો અને એનો સસરો પૂંજો રેલ ની તરફથી આવે, પણ શહેરમાં આવતા હતા અને ગમે તેમ કરી એલિસબ્રીજ ઊતરી મોટી સડક પકડીને માણેકચોકમાં પહોંચવાનો એમનો વિચાર હતો. ઉત્તરાયણથી આઠેક દિવસ થયાં આવેલા. ભાટ ઢાળ ઊતર્યા હતા ને પછી પુલ્યાં અને અમદાવાદ તથા એનું માણેકચોક એમની આંખમાંથી ખસેડી જ કોઈક સોનેરીરૂપેરી અજવાળ જેવાં લાગેલાં, એટલે આજે તો બધે કામના આઠ વાગે કે નવ થાય ત્યાં માણેકચોકમાંથી જ બધું કરવાનો નિશ્ચય કરીને બન્ને નીકળ્યા હતા.

મોટી સડક ઉપર એક પછી એક ફેરવાળ વાગ આવ્યાં આવતાં હતાં, અને એમણે ઉડાડેલી ધૂળ શાંત થાય ન થાય ને પહેલાં મોટરે ઉડાડેલી ધૂળના ગોટેગોટામાં સસરો જમાઈ દટાઈ જતા હતા. થોડીક ઉતાવળ થાય ત્યાં પૂંજો બોલતો: 'મેં તો તમને પહેલેથી કહ્યું હતું કે બસે વાગુ ટાણું થાય. પણ ડગલી કરવાની તો તો માણેકચોકમાં જ.' જુવાન પણ નમ્ર છોકરા જેવા આનંદિત કાનો કાંઈ બોલ્યા વિના પાછળ પાછળ ચાલ્યો આવતો હતો. પૂંજો આજે પૈસામાં હોય, કે ગમે તેમ, પણ પોતાના જમાઈને માણેકચોકમાંથી જ ડગલીનું લુગડું અપાવી, ત્યાં ને ત્યાં દરજી પાસે શીવવા આપી પછી જ ઘેર પાછો ફરવાનો હતો.

'લોટ પણ ત્યાંથી લેવો છે?'

'હા, હા, તમે જુઓ તો ખરા, લોટ પણ ત્યાંથી જ લેવો છે. વશરામ લાવ્યો નાં, પરમદિ, રૂપિયાનો પચીશેર. પણ આપણે તો રૂપિયાનો બસે ચોવીશેર મળે—બાજરાનો—પણ લેવો છે તો માણેક-ચોકમાંથી જ.'

'મોડું બહુ થાશે.' કાનો બોલ્યો. કાનો જુવાન જોધ હતો પણ એના પગમાં પોતાના પ્રૌઢ સસરા જેવું જોમ ન હતું.

'બશેર જલેબી લેશું. ત્રણ દરવાજા પાસે ખાંચામાં પીળી ઘરમક મળે છે ને સસરો જમાઈ બે ય ખાતા આવશું. થોળી દુર જેટલી વાત એ છે, પછી બસેને સેપો પડી જાય.'

એક કુતરું પૂંજાની હડફટે આવતું રહી ગયું ને પાસેથી સડસાટ કરતી મોટર ચાલી ગઈ. એની ધૂળના ગોટાથી આસપાસનાં ખેતર છવાઈ

ગયાં. પણ પૂંજો તો અમદાવાદ અને માણેકચોક એ બે નામની જ માળા જપતો હતો.

'માણેકચોકમાં શું મનખો મળે છે! ધોળકે મેળામાં ય એટલાં નો થાય!'

સસરાને ભોળા જમાઈએ કરેલી આ તુલના જરાક ખૂંચી અને જમાઈ 'કલચર'માં-સંસ્કૃતિમાં-જરાક પાછળ લાગ્યો, માહિતીની દૃષ્ટિએ; પણ આજે પૂંજો મીઠાશના તોરમાં જ ન હતો; નહિતર કાનાને 'ઢોર જેવો છો' એમ કહી નાખત.

'તમારી સાસુ હરવાં અમે આવ્યાં હતાં, આજથી પાંચ વરસ પહેલાં. એનો મદવાડ વિરમગામનો કે નડિયાદનો કે અમદાવાદનો કોઈ ડાક્તર વરતી ન શક્યો; પછી આપણી વશરામની વહુએ કામ દીધાં.'



અત્યારે પૂંજો એના સાથે મિત્રની જેમ વરતી રહ્યો હતો. પૃ. ૬

ગયાં. પણ પૂછો તો અમદાવાદ અને માણેકચોક એ બે નામની જ માળા જપતો હતો.

'માણેકચોકમાં શું મનખો મળે છે! ધોળકે મેળામાં ય એટલાં નો થાય!'

સસરાને બોલ્યા જમાઈએ કરેલી આ તુલના જરાક ખૂંચી અને જમાઈ 'કલ્ચર'માં-સંસ્કૃતિમાં-જરાક પાછળ લાગ્યો. માહિતીની દૃષ્ટિએ; પણ આજે પૂછો તો નીડરતાના તોરમાં જ ન હતો; નહિતર કાનાને 'ઢોર જેવો છો' એમ કહી નાખત.

'તમારી સાસુ જીવતાં અમે આવ્યાં હતાં, આજથી પાંચ વરસ પહેલાં. એનો મંદવાડ વિરમગામનો કે નડિયાદનો કે અમદાવાદનો કોઈ દાક્તર વરતી ન શક્યો, પછી આપણી પથરાભની વહુએ ડામ દીધા.'



[illegible]

પૂંજાનાં પગલાં જરાક નરમ પડ્યાં. એટલે કાનો આગળ થઈ ગયો. મિત્રના ખભા પર હાથ મૂક્યો. તેમ એમ પૂંજે કાનાના ખભા ઉપર હાથ મૂકીને બોલ્યો : 'તમે નાના હતા. તમને ખબર નથી. પણ કડવીની મા બહુ ચાલાક માણસ હતું.'

કડવી પૂંજાની મોટી છોકરીનું નામ હતું.

ભોળીયો કાનો સસરાની સાથે ચાલી રહ્યો. અત્યારે પૂંજો એની સાથે મિત્રની જેમ વરતી રહ્યો હતો. પણ 'દેશના એક વીસું રૂપિયા બાકી છે તે ભરી ગયા પછી તમારા માણસને-આ કડવીને તેડી જજો' એમ એણે જ કહ્યું હતું.

'તમે નાના હતા. કડવી પણ નાની હતી. પણ તમારી સાસુએ ક્યાં વરો આવ્યો અને ક્યાં ગયો કાંઈ કળાવા દીધું નહિ. બહુ ચતુર માણસ.'

કાનો પોતાની સાસુના વખાણ સાંભળી રહ્યો. એને એટલી તો ખબર હતી કે, પોતે નમાયો બન્યો ત્યારે વેશુને ખાતર પણ સાસુએ સંબંધ જાળવી રખાવ્યો હતો અને એના દેશના રૂપિયા દશ વીસું ને બદલે છ વીસું લેવરાવ્યા હતા. સ્મૃતિમાં એની સાસુની મૂર્તિ પૂજ્ય અને પ્રેમભરેલી હતી.

પણ પૂંજાને તો આજે સાબરમતીનો આ કાંઠો જોઈને જૂનાં સંસ્મરણો જાગ્યાં હતાં.

તમારી સાસુ સાથે હું આવ્યો, ત્યારે અંહી આ બંગલા કે કાંઈ નહિ હો. બધે જંગલ. હું ને વશરામ તો લોટ લેવા હારે જ જઈએ. એ ને પેલો આરો દેખાય, ત્યાંથી અમે સીધા ખાનપુર દરવાજે નીકળી જાઈએ. પણ તમારી સાસુ-લખમીનો જ અવતાર-હવે એવા માણસ કળજગમાં મળે નહિ. શું તમને વાત કરું કાના!' પૂંજાએ કાનાના ખભા ઉપર હથેળી લગાવી. કાનો તો મુંગો મુંગો હોકારો જ ભણતો હતો.

'ભાઈ, કડવીના વિવાહ કર્યા ત્યારે તમારી સાસુએ મને કહ્યું હો, કે આપણો જમાઈ દુબળું માણસ છે તે દેશના રૂપિયા છ વીસું જ લેવા છે. ઉપર રાત જેવડું ધાબું છે. ખોટું નહિ બોલું. મારા મનમાં એક વીસું ઓછા લેવાનું હતું, પણ તમારી સાસુ, ચતુર માણસ, ભાઈ, મને પણ

ં કોણ જાણે શું, તે, એનો બોજ ઉચાપવાનું મન જ નો થાય. બાઈ, વીશું ઓછા કરાવ્યા; એમાંથી હજુ તમે એક વીશું બચ્યો નથી, પણ મનમાં એનો દખધોકો ન મળે. બાઈ, પછી વિવાદ તો કરવી , મકનું ઠરાવવું પતી ગયું ને મેં કહ્યું:

'શાં કેટલા રૂપિયા વધ્યા!'

'કાંઈ વધ્યું નથી. પચ્ચાશીશ રૂપિયા ઘટ્યા છે!' તમારી સાસુએ કહ્યું.

'હવે? વાણિયાનું ક્યાંથી ચૂકવશો! નેમચંદ એક દી ખમે ા નથી.'

'તમારી સાસુ બોલતાં બહુ મોડું. બાઈ, મને તો જવાબે ય નો ચો. ત્રીજે કે ચોથે દી, વરરામ ને મેઘો અને સતાપરવાળો કાળીઓ આવ્યા હતા. તમારાં સાસુ હોય એટલે મારે મનમાં ધરવી કાંઈ નહિ. બાઈ. હું તો હોકો ચગાવીને સેમડા હેઠે બેઠો તો હો, ને સ્થાની પેઠે વાતુએ વળગ્યો તો; પણ મનમાં ચટપટી કે જો નેમચંદ ા ચડશે તો આબરૂના કાંકરા થઈ જશે. બાઈ. તમારી સાસુએ તો ા, ગળ, ઘી બધુંય તૈયાર કપટર રાખ્યું ને સૌ ખાણે બેઠા. એટલામાં ચંદ આવ્યો. મારાં તો ધરણ જ મરી ગયાં. પણ તમારી સાસુ હુ માણસ. કોઠલામાંથી રૂપિયા પચ્ચાશીશ રોકડા કાઢીને ઓશરીની ઉપર જ નવા નકોર ખખડાવી દીધા. હું મનમાં થા પાઈ ગયો કે ગીએ રૂપિયા કાઢ્યા ક્યાંથી!'

'મેમાન તો ગયા. પછી મેં પૂછ્યું કે તેં રૂપિયા કાઢ્યા ક્યાંથી?' મલકાતીને દાઢીએ હાથ રાખીને એણે તો જવાબ દીધો કે તમારે કામ છે? કાઢ્યા ગમે ત્યાંથી.'

'ના પણ તું વાત કર, કે રૂપિયા આવે ક્યાંથી?' મેં કહ્યું.

'તમારી સાસુનો સ્વભાવ જરાક હસમુખો ખરો, મને કહે કે હું તો ા કરી આવી છું.'

'પણ હું કાંઈ માનું? મને ખબર હોય નાં, કે આ સતજુગનો કાંઈ ચોરી કરે?'

'મેં કહ્યું કે તું રૂપિયા ક્યાંથી લાવી એ કહે નહિતર મારે ભગરીનું ધી હરામ છે.'

'તમારી સાસુ તો [illegible] [illegible] એના જેવો રાગ કોઈનો નહિ હો. ભાઈ, મને [illegible] ભજનીને કહે કે 'હે હું તને ગીત ગવરાવું. ગીત ગા.' [illegible] ફળીમાં રાસડા શરૂ કર્યા.'

'કાનકે [illegible], [illegible]

રાજ [illegible]'

'એટલામાં ત્યાં રૂકશી નીકળી. ત્યાં તો શામળી આવી ને એની તેલનો શીશો લઈને આવી'તી એ પણ ભૂલી ગઈ. આખુંયે [illegible] ગયું. ને ભાઈ રૂપિયાની વાત રૂપિયાને ઠેકાણે રહી ને [illegible] [illegible] ભૂલી ગઈ. એટલી બધી આનંદીમાં ને હું એવડો શું કરું? મનમાં હતું ભલે ગાઈ લે, પછી વાત.'

'ભાઈ, મેં તો સાંજે ખાણું દેતી વેળું: રૂપિયા ક્યાંથી લાવી એ વાત કર તો હા, નકર ખાવું હરામ.' પછી શું કરે? મને કહ્યું કે એ તો હું મુખીઆણીની પાસેથી ઉછીના લાવી છું. આગળે પછી ભરી દેશું.'

'હવે મારે કાંઈ મુખીઆણીને પૂછવા જવાય નહિ. વખતે મુખીઆણીએ છાનાછપના આપ્યા હોય એટલે મુખીને પૂછાય નહિ, અને આપણે મુખીઆણી હારે બોલવું શી રીતે? એટલે ભાઈ, રૂપિયાની વાત તો એમ થાળે પડી. ગામના વાણિયાનું તો ચૂકવી દીધું. પણ પરગામના વાણિયાના રૂપિયા સાત વીસું ને સાત હતા એ ક્યાંથી ભરવા? થોડાક રાખવા મોચી પાસે લેણા હતા તે આવ્યા. એક પાડો ખંડી નાખ્યો, પણ અંદર પેલે ગોકળીએ સોનીએ રૂપાના કરડા મૂકેલા. મારે એટે બરાબર દગો દીધેલ, તે માંડ એના રૂપિયા અરધા ઉપજ્યા. વળી તમારી સાસુ મુખીઆણી પાસેથી થોડાક લાવ્યાં ને એમ ઓટાગોટા કરી અમે તો નામું ચુકવવા હાલ્યાં.'

'પણ દીપચંદ તો ક્યાંય થાતો નથી હો, સાત વીસુંને આઠ રૂપિયાનું નામું નીકળ્યું, પણ એણે તો પાંચ વીસું રાખ્યા ને બીજા બે વીસું ને આઠ પાછા આપ્યા. કે'વા માંડયો કે નામું ચૂકતે નહિ કરું.'

'તમારી સાસુ કહે, મારે હવે પઈનુંય દેણું રાખવું નથી. નામું ચૂકતે કરો.'

'પણ દીપચંદ માને નહિ. કહે કે ના તમારા જેવું કળ ચૂકતે નામું કરી જાય તો તો પછી દુનિયામાં વહેવાર કેમ હાલે ? તમતારે રૂપિયા બે વીસું ને આઠ પાછા લઈ જાઓ અને વાપરો ને મારું નામું બસે બાકી રહ્યું.'

'મેં કહ્યું, પણ દીપચંદકાકા વળી ખપ પડશે તો તમારે ત્યાં જ કનડવા આવીશ.'

દીપચંદ કહે, 'તારી વાત સાચી, પણ તું અમારો ખાતેદાર રહે એવી અમારે આશા ન હોય ?'

'બાઈ, હા ના કરતાં રૂપિયા બે વીસુંને આઠ બાકી રાખ્યા. દીપચંદ બચારો લાખનું માણસ હો.'

'મહીને રૂપિયે પૈસા લેખે સાવકારી વ્યાજ નોંધ્યું ને અમારી ગાંઠે રૂપિયા પાછા બંધાવ્યા.'

'પછી હું ને તમારી સાસુ તો રૂપિયા લઈને પાછાં વળ્યાં. ત્યાં દીપચંદ પાછળ દોડ્યો. અને કહે, 'હાલો પાછા, તમારું કામ છે.' દુકાને ગયો ત્યાં બાઈ, દોઢ શેર ઘી, ત્રણ શેર જેટલો ગોળ, દશ શેર ઘઉં મેં આગળ મક્યાં. અને કહે, ઉપાડી લો, તમારું આટલું નામું થાય તો મારે પણ સોપારીનો કટકો આપી જાણવો જોઈએ. બહુ ના કહી, પણ કાંઈ માને ? પછી મેં પણ એને બે રૂપિયા પાઘડીના કરીને આપ્યા અને અમે ઘેર આવ્યાં.'

× × × × ×

જેવી મીઠાશ જૂનકાળની વાતમાં માણી, તેવી જ મીઠાશ પેલી બશેર જલેબીમાં લેતાં લેતાં પૂંજાએ કાનાને સઘળી વાત પાછા ફરતી વખતે કહી સંભળાવી હતી. સાબરમતીનો વિશાળ પટ ખાલી પડ્યો હતો; ઉપર ધોળી દૂધ જેવી ચાંદની વરસતી હતી; નીચે જલેબીની સુગંધ આકર્ષક અને મોહક બની રહી હતી અને ચાંદનીમાં પસાર થતી આછી વાદળીની છાયા જેવી સ્મરણકથા પણ સુંદર હતી.

થોડા વખત પછી પૂંજાનું આ ચતુર બૈરું મરણ પામ્યું હતું. લક્ષ્મી જતાં પૂંજાનો સઘળો જીવનરસ ઓસરી ગયો. છોકરી લલનાને, લઈને એ ઓરસે બેઠો રહે. પેલો જૂનો લીમડો, એનો જીવનસંગાથી

જેવો હોકો, અને ભલું હોય તો એકાદ રસ્તું ખસ્તું કુતરું. બસ જાણે કોઈ કામ ધંધો ન હોય તેમ એ બેઠો જ રહેતો. સૂરજ ઉગતાથી આથમતા સુધી, કેટલાક પેનશનર ખાટ ઉપર હીંચક્યા કરે છે તેમ પૂંજો પેલા ઓટલા ઉપર હોકો લઈને બેઠો જ હોય!

પણ લક્ષ્મી મરી ગઈ ત્યારે પૂંજાએ નાત કરી હતી એટલે એનું દેવું થયું હતું. જમાઈ પાસેથી દેશના રૂપિયા વધુ મળે એવો સંભવ હતો નહિ, એટલે પૂંજો ધીમે ધીમે કામે જવા લાગ્યો. ને મહેનત કરીને સૌનું દેણું ચૂકવવા લાગ્યો.

લક્ષ્મીને મરી ગયાં ત્રણ વર્ષ થયાં, તે દરમ્યાન અનેકવાર એને બીજું ઘર કરાવવાનો પ્રયત્ન થયો. પણ પૂંજો એક જ જવાબ વાળતો: 'ના, મારાં છોકરાં દખી થાય, એની માએ મને ભળાવ્યાં છે.

છોકરીને સાચવવી, મજૂરી કરવી, ને ભત્રીજાની વહુ છણકા કરતી આવે ને બે રોટલા ટીપી જાય તે ખાઈ લેવા એ સઘળી વાતથી પૂંજો કાયર કાયર થઈ ગયો. આડોશીપાડોશી સૌ એને વળગ્યાં કે હવે તો તું બીજું ઘર કરી લે. એટલું છતાં એ ટકી રહ્યો હતો. જો કે હવે નાતમાં તો એની વાત પણ થાતી હતી કે છતે પૈસે દુઃખી થાય છે. પણ પૂંજાનો વિચાર હતો કે દેણું ચૂકવાઈ જાય, બન્ને છોકરાં પોતપોતાને ઘેર આવતાં જતાં થાય ને પછી કામઠું માણસ મળી જાય તો વળી ઘર સંસાર ફરી માંડવો. એક વખત પૂંજો મજુરીએ ગયો ત્યારે શામડી બાવળનો ભારો લઈને આવતી હતી. શામડી પાસેના ગામડાની હતી અને એટલામાં પોતાના રૂપ અને યૌવનને લીધે પ્રસિદ્ધ હતી. ઘણાએ એને હાંસડી બાંધવા કહેવરાવ્યું હતું, પણ શામડી એક જ તોછડો જવાબ વાળતી; 'મારે તો હથેળીમાં થુંકાવે એવું શોખીન માણસ જોઈએ.' એની મારકણી આંખ અને નવું જોબન એને પુરુષ પ્રત્યે જરાક બેદરકારીથી જોતાં શીખવી રહ્યાં હતાં. જ્યારે સ્ત્રીને પોતાના રૂપનું ભાન થાય છે ત્યારે એની મસ્તી ઓર પ્રકારની બને છે. શામડીની જરાક બીનેવાન શામડીની મરેલી દેહ આવી મસ્તી ભોગવી રહી હતી. પૂંજો રસ્તે મળ્યો ત્યારે શામડીએ જરાક મશ્કરીમાં, જરાક બેદરકારીમાં અને જરાક, પૂંજા

જેવું નાતમાં મોભાવાળું માણસ આવું મળે ત્યારે બોલવું જોઈએ એવા વિવેકથી સહજ કહ્યું:

'ક્યાં હાલ્યો પૂંજા?' માથા ઉપરનો ભારો નીચે રેડવીને તે વાતો કરવા ઉભો.

પૂંજો એની સામે ઉભો રહ્યો: 'જાઉં છું બીડ વાઢવા.'

'ઉધડું રાખ્યું છે?'

'હા. તું સમજ્યો ક્યાં જાય છે? બીડ વાઢવા આવને?'

'મારે તો આવે છે ભૂખરાત. તારે ત્યાં બીડ વાઢવા કોણ આવે?' શામડી એને ચીડવવા માટે જ બોલી.

'કેમ? મારો શો વાંક ગનો દીઠો?'

'વાંક ગનો કાંઈ નહિ,' શામડી લહેકાથી બોલી 'પણ તારી હાંસડી કોઈ બાંધતું નથી, તે કાંક કહેવાપણું હશે નાં?' જુવાન ને રૂપાળી સ્ત્રીએ મારેલો આ ટોણો પૂંજાને છાતી સોંસરવો નીકળી ગયો. વળી શામડી ટોણો માર્યા પછી જરાક મલકી પડી.

'મારામા શું કહેવાપણું છે? મેં લખમીની પાછળ નાત નથી કરી? શું મેં મારી દીકરીને વળાવી નથી? મારી હાંસડી બાંધવા તો એક કહેતાં એકોતેર તૈયાર થાય છે. પણ મારે કાંઈ રૂપકડું ઘરમાં લાવીને લોકની આંખે ચડવું નથી.'

આ ફટકો શામડીને સોંસરવો નીકળે એવો હતો. 'હા, ભાઈ, હા. અમે તો બસેને કાળાં રહ્યાં, તું કોક મટમડી લાવજે.' એટલું બોલીને શામડીએ ભારો માથે મઢાવતાં ઉમેર્યું: 'પણ પૂંજા જોજે હો, રૂપકડી ગોતવામાં ક્યાંક છેતરાઈ જતો નહિ!'

અને એ તીર સોંસરવી નીકળે એવી મોહક દૃષ્ટિ નાખીને શામડી ચાલતી થઈ.

તે દિવસથી પૂંજો જુદો બની ગયો હતો. શામડી જ ઉપર એનું મન ચોટ્યું હતું. વધારે તો એટલા માટે કે શામડીનો ટોણો પાછો એને જ સોંપવાની એની વૃત્તિ જાગી ઉઠી હતી. આઘાત પ્રત્યાઘાતમાંથી ઉત્પન્ન થતો પ્રેમ ઘણી વખત કુદરતી પ્રેમ કરતાં વધારે બળવાન, વેગભર્યો ને જુસ્સાભરેલો હોય છે. શામડીને પોતાના ઘરમાં બેસાડીને એની સાથે

કડવીએ તરત ગુસ્સો ગળગાળ્યો, પણ [illegible] [illegible] [illegible], દીવામાંથી
હાથમાં રાખીને જ થંભી ગઈ.

'બાપા!'

'કેમ દીકરી? કડવી! શું છે?'

'આ આપણું પાણિયારું છે કાં?'

પૂંજાને આ સવાલથી નવાઈ લાગી. પણ તેણે ડોકું ધુણાવીને હા પાડી.

'એ તો હમણાં એવું છે, કડવી! તારી મા જીવતાં એ પાણિયારાનું રૂપ જુદું હતું. ત્યાં તાંબા પિત્તળની હેલ રહેતી, નીચે ચૂના જેવી ગાર થાતી ને ઉપર ચિત્રામણ હતાં.'

કડવી છેક પૂંજા પાસે આવી.

'બાપા! મારે એક વાત કરવી છે. મારી માએ તમને કહેવાની કહી હતી.'

પૂંજો પથારીમાંથી અરધો બેઠા જેવો થઈ ગયો. તેની આંખ ભૂતકાળના પડદા ચીરીને કડવીની મુખાકૃતિમાં સચવાયલું લક્ષ્મીનું મોં જોઈ રહી. તેના ચહેરા પર દીવાનો પ્રકાશ પડતો હતો. અને મોં ઉપર અપાર્થિવ તેજ હતું.

'કોણે તારી માએ કહી છે?–તું આજ હવે મને એ વાત કહેવા બેઠી?'

'આ ચૂલો જોયો?'

'હા.'

'અને આ પાણિયારું. બાપા, એ બેની વચ્ચે મારી માએ રૂપિયા સાચવીને રાખ્યા છે!'

'હેં!'

'અને મને કહ્યું હતું કે તારા બાપા મંજૂરી કરીને કામી ખાય, ત્યાં સુધી કાંઈ બતાવીશ નહિ; રૂપિયા જોઇને નવી બાયડીના છંદમાં પડશે અને તમને દુઃખ પડશે. પણ તારા બાપા દુઃખી થાતા હોય, કોઈ આબરનો સવાલ આવ્યો હોય, કાળદુકાળ પડે, તમારી માંદગીમાં ખપ પડે
રૂપિયા [illegible].'

અંતરના ઉગ્ર મંથનમાં પડ્યો હોય તેમ પૂંજો કડવીની સામે જોઈ રહ્યો: કડવી! તેં બેટા, આજ સુધી આ વાત સાચવી રાખી. આવું તારું ડહાપણ, એ તો તારી મા સિવાય ક્યાંયથી મળે નહિ. શું એની ચતુરાઈ! જો ને, આજ ખરે ટાણે એણે મને બચાવી લીધો!'

પૂંજો વધારે બોલી શક્યો નહિ, તેનું અંતઃકરણ અનેક વિચારો કરી રહ્યું હતું.

એટલામાં બારણું ઉઘડ્યું ને વણઝમને તેડીને કાનો આવ્યો.

પૂંજાને જરાક સારું છે, એ જોઈને બન્નેને હૈયે ધરપત વળી. કડવી પૂંજા માટે શેરો તૈયાર કરી રહી હતી; બીજે દિવસે સવારે પૂંજાએ કાનાને બોલાવ્યો. રાતમાં કડવીએ રૂપિયા દોઢસો ઓંમાંથી કાઢી લીધા હતા: પૂંજાએ પોતાની પથારી નીચેથી એક રૂપિયો કાઢ્યો: 'લ્યો કાના, આ રૂપિયો. ઘી ગળ, લઈ આવો ને શેરો કરીને આજ તો સૌ ખાઈએ. બજારમાંથી પાછા ફરો, ત્યારે શામળીને જમવાનું નોતરું દેતા આવજો!'

સજળ નેને કડવીએ બાપની સામે જોયું. એની માએ ભાખ્યું હતું એ જ પ્રમાણે ભવિષ્ય થયું. પૂંજો હવે બીજું ઘર કરશે. ભાઈ, દોઢસો રૂપિયા ક્યાંથી!

શામળી જમવા આવી એનું યૌવન ને રૂપ તો સૌને આંજે તેવાં જ હતાં.

સૌ જમવા બેઠાં.

એક તાંસળીમાં પૂંજે પણ શેરો ઉઘારી રહ્યો હતો. એને વિશ્વાસ બેઠો હતો કે હવે પોતે સાજો થઈ ગયો છે.

'શામળી! આજ તો મેં તમને એક વાત કહેવા બોલાવ્યાં છે!'

શરમની મારી બિચારી કડવી નીચે જોઈ ગઈ. કાનો બોલ્યો નહિ. પણ એનું મન દુભાયું. શી વાત છે એ સૌને ખબર હતી.

'તમારે માટે મેં બલોયાં લઈ રાખ્યાં હતાં, સાડલો લઈ રાખ્યો હતો. પછી તો હું માંદો પડ્યો.'

કડવીનો અંતરાત્મા કકળી ઉઠ્યો. માએ જે આગાહી કરી હતી તે જ પ્રમાણે થયું.

'અને કાલ તો અચાનક કડવીની મા સોણામાં આવ્યાં. એવું ને એવું તાજું શરીર છે, નમણી આંખે મારી તરફ જોઈ રહ્યાં છે' કડવી, કાનો ને શામડી સૌ સાંભળી રહ્યાં.

'જાણે મારી સાથે હમણાં બોલશે, પણ કોણ જાણે કેમ કાંઈ બોલ્યાં નહિ. પણ ઈશારત કરીને કહ્યું કે રૂપિયા દોઢસો મેં તારે માટે રાખ્યા છે, તે ભોંમાંથી ખોદી લે. ખાઈ પીને તાજો થા. મજુરી કરીને કામતા થઈ જા અને છોકરાંને સાચવ !'

'હેં !'

'હા. સાચું કહું છું, મેં વેણ આપ્યું, પછી જ અલોપ થયાં.,

કડવી મનમાં ને મનમાં હસી રહી.

'હવે મારાથી બીજી વાત નો થાય. બલોયાં ને સાડલો પાછાં લખમીનાં થઈ ચૂક્યાં ! લખમી તો સુખડના લાકડા જેવી હતી. એની કાયા હાલી, ત્યાં સુધી અમને સૌને પાળ્યાં અને કાયા ગઈ ત્યારે પણ મીઠી માયા ભૂલી નહિ !'

કડવી બાપાની સામે જોઈ રહી. પૂંજો જાણે લક્ષ્મીને પ્રત્યક્ષ જોતો હોય તેમ બોલી રહ્યો હતોઃ 'હવે તો લખમી આવી ગઈ ઘર સંભાળવા, એટલે હવે મને નિરાંત થઈ. મને મનમાં તો હતું જ કે લખમી જેવી દેવતાઈ જીવ મને ભૂલે તો નહિ !

×

માણેકચોકમાંથી પાછા ફર્યા પછી, સાબરમતીના પટમાં જલેબી ખાતાં ખાતાં પૂંજાએ પોતાની આખી સ્મરણકથા કાનાને સંભળાવીઃ 'માથે રાત જેવું ધાર્યું છે, કાના ! સાચું કહીશ હો, ભાઇ ! એ દિવસની ઘડીને આજનો દી મેં શામડીને ફરીને નીરખી નથી કે કેવીક છેને શું કહે છે.'

'અને મને સપનું બપનું કાંઈ ન મળે. પણ મનમાં ઉગી નીકળ્યું કે હે જીવ, જેણે જીંદગીભર મને કાંઈ વરતાવા દીધું નહિ, એનું આટલું સંભારણું ન રાખુ તો તો પછી મનખા દેહ મળ્યો નો મળ્યો.'

મેં તો નવાંનકોર બલોયાં, સાડલો, સઘળું એમને એમ રાખી મૂક્યાં.'

'આજ હવે મને ખબર પડી કે તમારી સાસુ કહેતાં કે હું તો સુખીયાણી પાસેથી પૈસા લાવી, ચોરી લાવી, એ બધુંય ગપ, આપણે

રેઢભાઈ તે પોરશેલી જાન. ઉધાં ખરચ કરતાં પાણું વાળી લેવાના નહિ. એવો વરો કે એવું ટાણું આવે ત્યારે તમારી સાસુ પાંચ પૈસા ભેગા કરી રાખે. પૈ પૈસો કરીને સાચવી રાખે અને આજ હવે ખબર પડે છે કે એ બધું ય સાચવી સાચવીને ખરે ટાણે જવાબ આપે એમ રાખી મૂકે. તમારી સાસુની ચતુરાઈ તો ધાવી નથી હો.'

'અને ડકવીને મરતી વખતે પાસે બોલાવીને કહ્યું, 'દીકરી! આ વાત તારા પેટમાં રાખજે હો. તારો બાપ મારી પાછળ નાત કરે તો એની મજૂરીમાંથી ભલે કરે. તારા વર પાસે વધુ પૈસા માગે તો તું ના પાડજે અને હું જે પૈસા દેખાડું છું એ તો ખરે ટાણે વાપરજે. અમથા અમથા ખનાવીશ માં.'

'મને મનમાં થાતું જ'તું કે તમારી સાસુ મારી ઘરવખરી સચવાઈ રહે, એવું કાંઈકને કાંઈક કરતાં ગયાં હશે અને જુઓને, એમ જ થયું! એવા કોક મનજગના જીવ નીકળી આવે છે!'

'જલેબીવાળો ખાલી કાગળ ફગવીને પૂંજે બેઠો થયો ને આથે આથે ડુંગના ચડને જોઈ રહ્યો. સાસરો જમાઈ મૂગે દેપે ને ભારે પગે પોતાના વાસ તરફ પાછા ફર્યા. પણ લક્ષ્મીની જીવનસુગંધ જંગલના પવનમાંથી પણ આવી રહી હતી.

(તણખા : મંડળ-ત્રીજું)

રમણભાઈ મહીપતરામ નીલકંઠ

(ઈ. સ. ૧૮૬૮-૧૯૨૮)

[૧૮૮૭માં અમદાવાદમાં એમણે વકીલાત શરૂ કરી. સાથે સાથે જાહેરજીવનમાં પણ તે આગળ પડતો ભાગ લેતા. ૧૯૨૬માં સર થયા. સર રમણભાઈ ગુજરાતી હાસ્યરસ પ્રધાન સાહિત્યના પિતા લેખાય છે. આ દિશામાં એમનું ભદ્રંભદ્ર હજુ પણ અજોડ રહ્યું છે. પણ મુખ્યત્વે રમ. સાહિત્યજગતમાં વિવેચક તરીકે કીર્તિ પામેલા. એમણે કાવ્યો અને નિબંધો તેમજ રાઈનો પર્વત નામે નાટક પણ લખ્યાં છે. આમ સર રમણભાઈની પ્રવૃત્તિ અનેકદેશીય હતી]

ચીઠ્ઠી

રજાનો દિવસ હતો. અને હું ચોકમાં હિંચકે બેસી નવલકથાનું [illegible] વાચતો હતો. નોકરે આવીને કહ્યું, 'કોઈ મળવા આવ્યું છે.' [illegible] આવનારને અંદર લાવવા મેં સંમતિ આપી. તેને મારી સામે પાટ બેસાડી આવવાનું પ્રયોજન પૂછ્યું. તેણે મારા હાથમાં પત્ર મૂક્યો. [illegible] અક્ષર અજાણ્યા હતા અને તેમાં સહી કરનારનું નામ પણ અજાણ્યું [illegible] પત્રમાં લખ્યું હતું. "હું ગઈ સાલ આપને આણંદ સ્ટેશને મળ્યો [illegible] તે યાદ હશે. એ ચાહ વેચનારા ચાહની તારીફ આપ્યા કરતા હતા [illegible]મ કહેતું કે ટેબલ ઉપર ચાહની દુકાન છે ત્યાંની ચાહ આ જનેથી [illegible] કાગળ લાવનારની હકીકત સાંભળી તેની ઈચ્છા પ્રમાણે તેને [illegible]કૃપા મહેરબાની કરશો. તા. ક. આ માણસ મારા સગામાં છે." [illegible] પ્રણામ મારા સ્મૃતિમાં નહોતો, અને અક્ષરો જૂજ ઓળખાણ

ઉપર ભારે બોજો મુકાય છે એમ મને લાગ્યું પરંતુ संबन्धमाभाषण**पूर्वमाहुः।** (વાતચિત થઈ એટલે તરત મૈત્રી થએલી ગણાય છે) એ રઘુવંશનું વચન લક્ષમાં લઈ પત્ર લાવનારને તેની હકીકત કહેવા મેં કહ્યું: તે બોલ્યો.

"મારા ભાણેજ છગનલાલ માટે વહીવટદાર સાહેબ વધારે પગારની જગાની ભલામણ નથી કરતા. છગનલાલને આ જગાએ આઠ વરસ થયાં અને વસ્તીપત્રકમાં પિંજરાના મહોલ્લામાં એને ગાળો આપી પોલી. પણ છગનલાલ રૂશવત ખાય છે એમ નોંધણી કામદારે વહીવટદાર સાહેબના મનમાં ખોટો વહેમ ઘાલ્યો છે, પણ નોંધણી કામદારની મરજી એ જગા પોતાના ભાઈબંધ અમથાલાલના દીકરા છોટાલાલને આપવાની છે. બહારથી એમ બતાવે છે કે અમથાલાલ સાથે મારે ભાઈબંધી નથી. પણ નોંધણી કામદાર અહિં આવ્યા પહેલાં સાવલીમાં હતા ત્યારે અમથાલાલના ઘરથી ત્રણ ઘર છેટે રહેતા હતા. એ કહે છે કે હું દશ ઘર છેટે રહેતો હતો તે ખોટું છે. ત્રણ ઘર છેટે રહેતા હતા એવો પુરાવો હું આપ સાહેબને બતાવું."

મેં કહ્યું, "મારે એવો પુરાવો શું કામ જોવો પડે?"

"વહીવટદાર સાહેબની ખાતરી કરાય કે નોંધણી કામદારને અમથાલાલ સાથે ભાઈબંધી છે."

"તમારે તેમની ખાતરી કરવી હોય તો તમે કરો."

"નાયબ ફોજદાર સાહેબને પૂછશો તો તે પણ હા કહેશે."

"શાની હા કહેશે?"

"સાવલીમાં અમથાલાલના ઘરથી ત્રણ ઘર છેટે નોંધણી કામદાર રહેતા હતા તેની. ઊંટની ચોરીની તપાસ કરવા નાયબ ફોજદાર સાહેબ ત્યાં ગયા હતા. રાવળીઆનું ઉંટ હતું અને બજાણીયા ચોરી ગયા એવું ચારણ લોક કહેતા હતા."

"આ બધી હકીકત મને કહેવાની શી મતલબ છે?"

"વહીવટદાર સાહેબ ઉપર આપ સાહેબ ચીઠ્ઠી લખી આપો કે છગનલાલ રૂશવત નથી ખાતો અને બચરવાળ છે, તો એની ભલામણ કરે.

"કયા ગામના વહીવટદાર અને તેમનું નામ શું?"

ચીઠ્ઠીના પ્રાર્થિનાએ ગામ અને નામ કહ્યું.

મેં કહ્યું "પણ હું એઓ સાહેબને ઓળખતો નથી. કોઈ દિવસ એમને મળ્યો નથી."

"પણ આપને તો એ નામે ઓળખતા હશે. આપનું નામ તો જાણીતું છે. એટલું લખી આપો કે છગનલાલ રુશવત નથી ખાતા અને બચરવાળ છે માટે ભલામણ કરીએ તો તો ગરીબ માણસનું કામ થાય."

"હું છગનલાલને ઓળખતો નથી. એ માણસને હું કોઈ દિવસ મળ્યો નથી. તો હું શી રીતે કહી શકું કે એ રુશવત નથી ખાતો! એ બચરવાળ છે તે બતાવવા તો તમે વહીવટદાર સાહેબ આગળ એનાં છોકરાંને લઈ ઉભા કરજો. મેં કાંઈ એનાં છોકરાં દીઠાં છે?"

"નોકરીની ખાતર ખોટો વહેમ રાખ્યો છે તેથી એ માર્યો જાય છે."

"જુઓ ભાઈ, હું તમને નથી ઓળખતો, વહીવટદાર સાહેબને નથી ઓળખતો, નોકરી ખાતાને નથી ઓળખતો, છગનલાલને નથી ઓળખતો. હું આ કામમાં શી રીતે વચ્ચે પડું?"

"અમલદારોની બધી ખટપટ છે. છગનલાલને રજા અપાવવા માટે એ અમલદારોના કાન ભંભેરે છે. કોટની ચોરીના કામમાં પણ એણે બહુ ખટપટ કરેલી. એનો મોટો કાકો પણ ખટપટીઓ છે."

"તેના માટે શું?"

"ગોવિંદલાલભાઈએ આપને કાગળ લખી આપ્યો છે. આપ સિવાય મારે બીજો આધાર નથી."

"ગોવિંદલાલભાઈ સાથે મેળાપ થયાનું મને યાદ રહ્યું નથી. પણ, મને એમણે જણાવ્યું તે મહેરબાની કરી છે. તમે એમના શા સગા થાઓ?"

"એમની દીકરીના દીકરાની સગાઈ મારા મામાની છોકરી વેરે થવાની છે."

"તમારી હકીકત મેં સાંભળી લીધી. હું ચીઠ્ઠી લખી આપી શકું તેમ નથી."

"પણ સાહેબ મારો ભાણેજ રુશવત ખાતો નથી અને બચરવાળ છે."

"[illegible] એ રુશવત ખાય છે અને બચરવાળ નથી?"

"તે સાહેબ ચીઠ્ઠી—"

"ચીઠ્ઠીની વાત કરશો જ નહિ. હવે બંધ કરો."

છગનલાલના પ્રામાણિકપણા વિષે અને ભોળા કુટુંબ વિષે ઘણાં આગ્રહનાં વચનો સાંભળી મારે એ માણસને આખરે વિદાય કરવો પડ્યો.

નવલકથા આગળ વાંચવી મેં શરૂ કરી. પણ અડધું પાન વાંચ્યું એટલામાં તો બીજો મળનાર આવી પહોંચ્યો. તેણે આપેલો કાગળ હું વાંચતો હતો. એટલામાં તેણે પાટ ઉપર બેઠા બેઠા ઊંચું કરી તથા લાંબો હાથ કરી બુમો પાડી કે જગાભાઈ! આવોને! ભગાભાઈ આવોને! મગાભાઈ આવોને! એમ કહી બારણે ઉભેલા પાંચ છ માણસોને તેણે ચોકમાં બોલાવ્યા. અને તેઓ આવી તેની જોડે પાટ ઉપર બેઠા. મને આપેલો કાગળ મારા ઓળખીતાનો હતો. તેથી આ મહાશયને મેં સત્કારણ ગણી આગમનનું કારણ પૂછ્યું. પ્રથમ આવનારે કહ્યું, "અમારા ગામમાં સરકાર સુધરાઈ ખાતુ કાઢે છે."

મેં કહ્યું, "બહુ સારું."

બધા બોલી ઉઠ્યા, "શું બહુ સારું? કર નાખે તેથી અમે બધા વેપારી માર્યા જઈએ."

"ગામમાં રસ્તા થશે, દીવાબત્તી થશે, નિશાળ નહિ હોય તો નિશાળ થશે, દવાખાનું થશે. એ બધું કંઈ કર નાખ્યા વગર થાય?"

"અમારે તો એમાંનું કાંઈ ના જોઈએ. નિશાળ તો હોય છે તે સરકારને બંધ કરવી હોય તો બંધ કરે. છોકરા નજીકને ગામ જઈ ભણશે. પણ સુધરાઈ ના જોઈએ. અમારું ગામ તો ખાડા ટેકરાવાળું છે. તેમાં સુધરાઈને શું કરવી છે? આજ લગી સુધરાઈ વિના ચાલ્યું અને હવે સુધરાઈ શા માટે કાઢે છે?"

"એ બધું મને શા માટે કહેવા આવ્યા છો?"

"દિવાન ઉપર ચીઠ્ઠી લખી આપો કે અમારા ગામમાં સુધરાઈ ના કાઢે?"

"એમ શી રીતે બને? રાજ દીવાન સાહેબને ચલાવવું અને હું અહિં બેઠા બેઠા ચીઠ્ઠીઓ લખું કે આમ કરજો અને આમ કરજો! રાજવહીવટના કામમાં માથું મારવાનો મને શો હક?"

"આપ દીવાન સાહેબને લખો કે 'આ ગામ સુધરાઈ કાઢવા સરખું નથી. સુધરાઈથી ગામમાં ખટપટ જાગશે માટે સુધરાઈ કાઢવી ન જોઈએ."

"દિવાન સાહેબે તજવીજ કરીને અને કાગળો વાંચીને જે અભિપ્રાય બાંધ્યો હોય તે મારી ચીઠ્ઠીથી ફેરવી નાંખે એ આપની માગણી વ્યાજબી છે? જેને માથે રાજની જવાબદારી હોય તે નક્કી કરે કે ફલાણું પગલાં લેવાં કે ન લેવાં. હું એમાં મારો અભિપ્રાય આપી શકું નહિ."

"ભાઈએ તો કહ્યું કે તમે જશો એટલે ચીઠ્ઠી લખી આપશે."

"મારે કેવી રીતે વર્તવું એ નિર્ણય કરવાની થોડી ઘણી છૂટ તો મને ખરી કે નહિ."

"એ ગામમાં સુધરાઈ સ્થપાવાથી પડવાનાં દુઃખ વિષે અનેક કલ્પનાઓ સંભળાવી ડેપ્યુટેશન ઘણી આનાકાનીથી વિદાય થયું.

નવલકથાનું પાનું હું પુરૂં કરી રહ્યો એટલે એક વહોરાને લઈ એક માણસ આવ્યો. તેણે કહ્યું, '—ભાઈએ કહ્યું છે કે આ વહોરાજીની હકીકત માટે એને ચીઠ્ઠી લખી આપવા જેવું છે.' સંદેશો કહી તે ચાલતો થયો અને વહોરાજીને બક્ષીસ રૂપે મૂકતો ગયો. વહોરાજીને પૂછતાં માલમ પડ્યું કે કોર્ટમાં તેની અપીલ ચાલવાની હતી. તે કોર્ટના ન્યાયાધીશ પર ચીઠ્ઠી જોઈતી હતી. મેં કહ્યું,

"ઈન્સાફના કામમાં ચીઠ્ઠી અપાય નહિ."

"મેં બી એવી ચીઠ્ઠી માંગય કે ઈન્સાફ કરજો."

"એઓ સાહેબ હમેશ ઈન્સાફ જ કરે છે ત્યારે ચીઠ્ઠીની જરૂર શી?"

"ફક્ત જમની અને ડાબી આંખ જેતલો ફરક રાખે એનતલી મારી અરજ છે."

"મતલબ કે મારે લખવું કે આ વહોરાજી તરફ પક્ષપાત કરી ગેરઈન્સાફ કરજો."

"નહિ સાબ. આડમ જાટને ડાબી જમનીમાં ફરક કરવો પરે છ."

"ઈન્સાફ કરનરને તો જેનું ખરુ હોય તે જમણુ અને જેનું ખોટુ હોય તે ડાબું. તમારુ ખોટુ જણાય તો પણ ન્યાયાધીશ તમને જમણુ ગણે એવા ભલામણ શી રીતે કરી શકાય?"

"ભાઈએ તો કયું કે ટમને જરૂર ચીઠ્ઠી લીખી આપસે."

"એઓ માણસ તો બહુ મોટા માણસ છે. એમણે આવી ભલામણ કરી તે બહુ નવાઈ લાગે છે. પણ એ-સાહેબના કામમાં ભલામણોમાં હું કદી ચીઠ્ઠી લખતો નથી કે ભલામણ કરતો નથી."

ડાબા જમણી આંખની ફીક્કાશથી મને અનેક પ્રકારે ફરી ફરીથી સમજાવી વહેવારુ ઘણી નામરજીથી વિદાય થયા પરંતુ નવલકથા આગળ વાંચવાનું મારા નસીબમાં નહોતું. મારો દરના વખતનો જાણીતો અને સરકારી નોકરીમાંથી બરતરફ થયેલો એક કારકુન તરત દાખલ થયો. તેની બરતરફીના હુકમમાં રહેલી ભૂલો વિગતવાર વિસ્તારી વિવેચન તેણે મને અનેક વાર સમજાવ્યું હતું. અને તેની પુનરુક્તિ માટે હું સજ્જ થયો. પરંતુ હવે તેણે જુદી દિશામાં વહાણ વાળ્યું હતું. તે બોલ્યો.

"મારી પ્રથમની નોકરી પાછી મેળવવાની માથાકુટ મેં મુકી દીધી છે. મને બીજી નોકરી મળે તો બસ છે. તમે મારા છોકરાને નિશાળમાં નોકરી અપાવી પણ ઇજનેર ખાતામાં નોકરી માટે મેં અરજી કરી છે. માટે ઇજનેર સાહેબ ઉપર મને ચીઠ્ઠી લખી આપો કે એમના ખાતામાં જો નોકરી મારા લાયક હોય તો મને રાખે. અને ઇજનેર સાહેબના ઉપરી સાથે તમારે ઓળખાણ હોય તો તેમના પર ચીઠ્ઠી લખી આપો અને વસુલાત ખાતાના મોટામાં મોટા અધિકારી સાથે તમારે પિછાણ હોય તો તેના પર ચીઠ્ઠી લખી આપો કે તમારા તાબાના સૌ અધિકારીઓને ભલામણ કરજો કે રૂા. ૭૫ ની જગા ખાલી પડે ત્યારે પહેલી આ માણસને આપે. અને જંગલખાતાના ઉપરીને તમે ઓળખતા હો તો તેના ઉપર ચીઠ્ઠી લખી આપો કે ખાલી પડતી જગા આ માણસને આપજો. અને હાલ જગા ખાલી ન હોય તો નવી જગા કહાડી આપજો. તમે લખશો તો જરૂર નવી જગા કહાડશે. મીઠા ખાતાના ઉપરીને તો તમે ઓળખો છો માટે તેના પર ચીઠ્ઠી લખી આપો કે મારો માણસ છે માટે આને જગા આપ્યા વગર ચાલે તેવું નથી; કોઈ એમની વિરુદ્ધ કહે તો સાંભળશો નહિ."

"તેના કરતાં હું તમને ગવર્નર જનરલ પર ચીઠ્ઠી લખી આપું તો કેમ?"

"શી ચીઠ્ઠી લખી આપશો?"

"ચીઠ્ઠીમાં એમ લખું કે આ માણસને સરકારી તીજોરીમાંથી એક લાખ રૂપીઆ આપજો. કેમકે નાણાં વિના એ બહુ દુઃખી થાય છે."

"તમારે મન તો મશ્કરી છે પણ અમે કામધંધા વગર હેરાન થઈએ છીએ."

"ત્યારે તમે જુદા જુદા અમલદારો પર મારી પાસે ભલામણની ચીઠ્ઠીઓ લખાવી મારી હાંસી કરવા પ્રયત્ન કરો છો, એ તમારા ધ્યાનમાં નથી આવતું ? એવી માગણી હું કરું તે તેઓ સ્વીકારી શકે ?"

"માગણી કરવામાં તમારું શું જાય છે ? મારું નસીબ સારું હશે તો કોઈ જગાએ જોગવાઈ થઈ જશે."

"તમારે મન તો એમ કે વાગે તો તીર નહિતર ટપ્પો ! હું મુરખ ગણાઉં તેની તમને ચિંતા નથી."

"સાહેબ, આટલી ઉમ્મરે મારી નોકરી ગઈ. હવે હું શો ધંધો કરું ? બરતરફ થયેલા માણસને નોકરીમાં રાખવા કોઈ ખુશ ના હોય એ શું વાજબી છે ? પરમેશ્વરને કોઈ કહેનાર નથી કે એ લોકોને આવી કુબુદ્ધિ કેમ આપે છે ?"

"મને એવો વિચાર આવે છે કે બધું મૂકી તમને પરમેશ્વર પર ચીઠ્ઠી લખી આપું કે 'આ માણસને સ્વર્ગમાં દાખલ કરજો. એણે કાંઈ પુણ્ય કર્યાનું તો મારા જાણવામાં નથી, પણ એ મારો ઓળખીતો છે.' પછી તમારે આ દુનિયાની વાતોની કાંઈ પરવા જ કરવાની નહિ. અને તમે સ્વર્ગમાં જઈ તમારા થએલા અન્યાય વિષે પરમેશ્વર સાથે સવાલ જવાબ કરજો."

"હજુ તો મારે ઘણું જીવવું છે. રસ્તો ખોદનારા મજુરોની હાજરી લખવાની હંગામી નોકરી મને મળે તેવી ચીઠ્ઠી લખી આપો એટલે બસ છે. હું રૂશ્વત લીધા માટે બરતરફ થયો નથી પણ વગર રજાએ ગેરહાજર રહેવા માટે બરતરફ થયો છું એટલું ચીઠ્ઠીમાં સમજાવજો."

ચીઠ્ઠી લઈ તે વિદાય થયો. પણ, સૂર્ય આથમે ને ચન્દ્ર ઉગે તેમ તેની પીઠ અદૃશ્ય થઈ ને તરત એક કંટ્રાકટી દાખલ થયો. તેણે એક મ્યુનિસિપાલિટીના નિશાળનું મકાન બાંધવાનો કોન્ટ્રાક્ટ રાખ્યો હતો. પણ બાંધકામમાં ચુનાને ઠેકાણે છાણું વાપર્યું હતું. ઈંટો પાકી લાલને બદલે

આમરસી વાપરી હતી. લાકડાં મલબારી સાગને બદલે વલસાડી સાગ વાપર્યાં હતાં. પાટિયાં આખાં ને બદલે ફાટવાળાં વાપર્યાં હતાં. વળીઓ ઓછી જાડાઈની વાપરી હતી. અને સ્કુને બદલે ખીલા વાપર્યા હતા. પાયા શરત પ્રમાણે ઉંડા કર્યા ન્હોતા; એવા કારણથી મ્યુનિસિપાલિટી તરફથી કોન્ટ્રાક્ટના પૈસા મળતા ન્હોતા.

મેં પૂછ્યું, "મ્યુનિસિપાલિટી આ વાંધા કાઢે છે તે ખોટા છે?"

"બીજા અદાવતીઆ કંટ્રાટીઓની નનામી અરજીઓ પરથી મ્યુનિસિપાલિટીએ આ વાંધા કહાડ્યા છે."

"પણ કોઈએ આ વાંધાના ખરખોટાપણા વિષે તજવીજ કરી છે?"

"સરકારી ઇજનેર ખાતાના ઓવરસિયરે મ્યુનિસિપાલિટીના લખાણ ઉપરથી તજવીજ કરી છે."

"તેમણે શો રીપોર્ટ કર્યો છે?"

"તેમણે તો લખ્યું છે કે મકાન તદ્દન રદ છે અને પાડી નાખવું જોઈએ."

"એટલે આ વાંધા એમને ખરા લાગ્યા છે?"

"હા, પણ મારા અદાવતીઆની ખટપટથી આ કામ ઉભું થયું છે?"

"કામ ઉભું થવાનું કારણ ગમે તે હોય પણ તમે કોન્ટ્રાક્ટ પ્રમાણે બાંધકામ કર્યું નહિ અને નબળું મકાન કર્યું તો તમને મ્યુનિસિપાલિટી નાણાં શી રીતે આપે?"

"સાહેબ હું માર્યો જાઉં છું. મારે માલ માટે વેપારીઓનાં બીલ ચુકવવાનાં છે અને કડીઆ સુતારના રોજ ચુકવવાના છે. મ્યુનિસિપાલિટી પૈસા ન આપે તો હું શી રીતે નાણાં પતાવું?"

"કપટ કર્યું તો તેનું ફળ ભોગવો."

"કપટ શાનું? બધા કંટ્રાટીઓ એમ જ કરે છે. એ તો છીંડે ચડ્યો તે ચોર. કંટ્રાક્ટ પ્રમાણે બધું કામ કરે તો કંટ્રાટીઓ કમાય શું? વચમાંના નાના નોકરોનાં મન મનાવવાં પડે અને હરીફાઈમાં કંટ્રાકટની રકમ તો ઓછી રાખવી પડે. ચશમપોશી વિના ધંધો ચાલે નહિ."

"એ નીતિશાસ્ત્ર તમને મુબારક હો. પણ હું આ કામમાં શું કરી શકું?"

' મ્યુનિસિપાલિટીના સેક્રેટરી સાહેબ ઉપર આપ ચીઠ્ઠી લખી આપો તો મારું કામ થાય."

" એવી ચીઠ્ઠી લખી આપું કે મ્યુનિસિપાલિટીનું હિત બગાડી આ માણસને નાણાં આપજો ?"

" સેક્રેટરી સાહેબ તો ધારે તે કરી શકે."

" શું ધારે ! તમારા બાંધકામ માટે ઇજનેર ખાતાએ રીપોર્ટ કર્યો હશે, એમણે પોતે રીપોર્ટ કર્યો હશે, સરકારી ઓવરસિયરે રીપોર્ટ કર્યો છે, તે છતાં તમને નાણું આપવાનું શી રીતે ધારે ?"

" તેથી શું !"

" એ તુમાર ગુમ થઈ જાય તો હું બીજા સારા રીપોર્ટ મેળવી શકું."

" સેક્રેટરી સાહેબને દગો કરવા ચીઠ્ઠી લખું એવી સુચના કરતાં શરમ નથી આવતી ?"

" સાહેબ, હું માર્યો જાઉં છું, બચરવાળ છું. ગરીબ માણસ છું. આપ બલામણ ન કરશો. પણ ચીઠ્ઠી લખી આપો તો બસ છે. હું તે ચીઠ્ઠી લઈને સેક્રેટરી સાહેબને આપીશ. ચીઠ્ઠીમાં ગમે તે લખજો."

" ગમે તે લખીશ તો ચાલશે ?"

" હા સાહેબ."

" નોટપેપર લઈ તે પર મેં ચીઠ્ઠી લખી આ પ્રમાણે વાંચી સંભળાવી :

" આ ચીઠ્ઠી લાવનાર જે માગણી કરે છે તે એવી અઘટિત છે કે હું તેની બલામણ કરું જ નહિ પણ ગરજવાનને અક્કલ નથી હોતી અને સ્વાર્થથી અંધાપો આવે છે તેના નમુના તરીકે આ માણસને આપની પાસે મોકલું છું. એ કહેશે તેથી આપને ક્રોધ ચડશે પણ કામના બોજામાં રમુજ પણ થશે."

" ને બોલી ઉઠયો, " સાહેબ ! આવી ચીઠ્ઠી !"

" તમે તો કહો છો ને કે ગમે તેવી ચીઠ્ઠી લખશો તો ચાલશે."

" ગમે તેવી એટલે મને ગમે તે રીતે ફાયદો કરે તેવી."

" હવે તમે અહિંથી ચાલ્યા જાઓ, નહિ તો તમે કરવા ધારેલા ગુના વિષે હું પોલીસને ખબર આપીશ."

" ફેબ્રુઆરી આવ્યો અને [illegible] નહિ" [illegible]

ચીઠ્ઠીના પ્રાર્થીઓની ' [illegible] ' [illegible] ખરીદી માટે, ઘર ભાડે આપવા માટે, [illegible] માટે, મતદારો શોધવા માટે, ભેંસની [illegible] માટે, કંઈક બારણું ખુલ્લું દેવા માટે વગેરે વગેરે કામ કરવા માટે જાતજાતની ચીઠ્ઠીઓ માગનારા એક પછી એક આવવા જ લાગ્યા. અને દરેક પાછો કે મારે બારણે કોઈએ પાટીયું મારવું જોઈએ કે " અહીં ચિઠ્ઠીઓ મળે છે." તે માટે હું બોર્ડને લખીને એવું આપ્યા પણ એવું પાટીયું લટકાવ્યું નહિ. પ્રાતઃકાળે આશા રાખી હતી કે આજે રજા છે તેથી આરામ લેવાશે, નવલકથા વંચાશે, અને કવિતાની ગોઠી કામ કરાશે. તે બધી આશા વ્યર્થ ગઈ. ચકિત થયો હતો ત્યારે સ્વ. મણિશંકરના 'વસન્તવિજય'માંના એક શ્લોકમાં થોડા શબ્દ બદલી હું ઉચ્ચારતો હતો:

" બેસી બની બધી વૃત્તિ ચીઠ્ઠીમાં લાગ જાય છે !
હાય ! એક જ આ મારા દેશમાં કેર થાય છે."

ચીઠ્ઠી લખી આપવાનો હક કોઈને વેચાતો લેવો હોય તો એક પૈસા માટે ' કુલ અભરામ ન હાવે ' ' અધર ' વેચાણ કરી આપવા હું ખુશી છું.

કનૈયાલાલ માણેકલાલ મુન્શી

[જન્મ ઇ. સ. ૧૮૮૭માં-ભરૂચમાં. ૧૯૧૩માં એડવોકેટની પરીક્ષા પાસ કરી મુંબાઇમાં સમર્થ ધારાશાસ્ત્રી અને રાજકીય નેતા તરીકે કીર્તિ પામ્યા. સાહિત્યસંસદની સ્થાપના થઈ ત્યારથી તેના પ્રમુખ છે. ૧૯૨૬માં શ્રી. લીલાવતી સાથે પુનર્લગ્ન કર્યું.

એક સમર્થ નવલકથાકાર અને અજોડ નાટ્યકાર તરીકે લોકપ્રિય છે. એમની અનેક ભાવનાઓ એમણે પોતાના નિબન્ધોદ્વારા વ્યક્ત કરી છે. વિવેચન સાહિત્યને ખેડવા પણ એમણે અથાગ શ્રમ લીધો છે. એમની ટૂંકીવાર્તાઓ નવલિકાઓ નામનાથી સંગ્રહરૂપે પ્રગટ થઈ છે.

ગુજરાતનો નાથ, પાટણની પ્રભુતા, પૃથ્વીવલ્લભ (નવલકથાઓ), પૌરાણિક નાટકો, સામાજિક નાટકો, લોપામુદ્રા, ધ્રુવસ્વામિનીદેવી (નાટકો) એ એમના મુખ્ય ગ્રન્થો છે.]

ગૌમતિ દાદાનું ગૌરવ

ઇંગ્લાન્ડની વાત કરવા તો બધા શૂરા છે. ક્યાં લોકશાસનની વાતો કરી તેથી આપણું કુલાભિમાન અને જાતિ-અભિમાન છોડી દેવાં? નહિ જ. [illegible] પ્રજાસત્તાક છે, "મગજ નમનું દેવનું [illegible]" છે. [illegible] કુલાભિમાનનું કુસુમ જ્યાં દેશમાં નષ્ટ હોય તો શું થશે? [illegible] વાત કરે છે. [illegible] કુલાભિમાન, શૌર્ય અને [illegible] ઉત્પન્ન [illegible]! જ્યારે સુમતિનું વંશપરંપરાનું ગૌરવ જોઉં છું, ત્યારે

જ્યારે દહાડામાં ત્રણ ત્રણ વખત નક્કી થઈ, નામ અને
માટે પેઢીધર ‘અત્રેયસ ગોત્રોત્પન્નોઽહં’ કરી બ્રાહ્મણો
પુત્રો હતા તેનો ગોખણો દીધા જેવો પુરાવો
જેમ કોઈ નદી જમીનમાં થઈને, અથવા ઝાડપાનથી
અને દેખાતાં ન દેખાતાં છતાં આખરે મૂળમાં જ એનું
માનીએ, પેઢીનામું ખોવાતાં-ભૂલાતાં. જ્યારે મૂળ પુરુષ
શકીએ; જ્યારે તે અત્રિ, બ્રહ્મા, વિષ્ણુ ને મહેશને
ભરથાર હોય; અને જ્યારે આમ બ્રહ્મા સુધીનો
ચોક્કસ થાય, તો પછી કોની મગદુર છે કે સુમતિશંકરનું
વાસ્તવિક નથી એમ કહેવાની હિંમત કરે? આ ચોક્કસ
ચીનના પદભ્રષ્ટ રાજાના પણ વંશગૌરવનો હિસાબ નથી.
સુમતિનાં ફોઈ અને કાકાને અત્રિ સંબંધી વાત કરતાં સાંભળો
તો એમ જ લાગે કે બ્રહ્મા, વિષ્ણુ, ને રુદ્રને અનસૂયાએ
સંતાડ્યા ત્યારે સુમતિનાં ફોઈ અને કાકા બારણા પછાડી ભરાઈ,
દાદીનું પરાક્રમ નિહાળી રહ્યાં હશે. અને જ્યારે કોઈ
સમષ્ટિનું સાત સોપારી મૂકી આવાહન થતું ત્યારે સુમતિના
વિમતિશંકરની છાતી એક વહેંત ઉંચી આવતી; અત્રિ બનેલા
ચંદનના ચાર વધારે છાંટા અને ફુલની બે મોટી પાંખડી ચડાવ્યા
તે રહેતા નહિ; તે ઉપરાંત તરત જ આમતેમ મગરુરીમાં
ધીરમતી ફોઈની સામું જોઈ "અત્રિ-સોપારી" દેખાડી આ
દાદા એવું કાંઈક નજરથી સૂચવતા.

પણ જો કુલગૌરવનુ કારણ આટલું જ હોત તો તેમાં જ
બધી નવાઈ ન્હોતી; કારણ કે બ્રહ્માના ઋષિપુત્રોથી જ
બ્રાહ્મણોની ઉત્પત્તિ થઈ છે; અને બાકી બીજા દેશોમાં તો
આંગળીએ આણેલા પુત્રોથી થઈ હોવાથી, આપણા સદ્‌ભાગ્યે કે તેઓ
બારોબાર સ્રષ્ટાથી જ આવેલા એ વાત સિદ્ધ છે. પણ
ગર્વનું કાંઈ બીજું પણ કારણ હતું, અને એમના કુટુમ્બીઓ
માનભર સાદે જ તે જણાવતા, નહિં તો માંહોમાંહે સમજતા હતા.
તો જાણે એમનામાં મતિ ન હોય તેમ છોકરા અને છોકરીઓ

નામ પાછળ "મતિ" રાખવામાં આવતું: સુમતિના કાકા વિમતિ, ફોઈ ધીરમતિ, બાપ શંકરમતિ, વગેરે વગેરે. કારણ એમ હતું કે એમનો પૂર્વજ "ગૌંમતિ" ઘણો પ્રતાપશાળી થઈ ગયો હતો; અને તેના વંશ જ બીજા બધા કરતા કોઈ અજબ રીતે ચડતા હોય તેમ બધા વર્તતા. એમને ત્યાંનાં બધાં અનડાઈ અને રૉફમાં રહેતાં; એમના કાકાઓ ન્યાતમાં, સ્મશાનમાં વરઘોડામાં આગળ આગળ ચાલતા; એમની ફોઈઓ કુટવામાં, ફટાણાંમાં બધા કરતાં જુદે જ રાગે અને જુદી જ તીખાશથી રસ ભેળતાં; એમના છોકરાઓને બીજાની જોડે રમવા દેવાની સખ્ત મનાઈ હતી. નિશાળોમાં માસ્તરને ચોક્કસ હુકમ હતો, કે, ખબરદાર અમારા છોકરાને બીજા સાથે બેસવા દીધો કે ફરવા દીધો તો! કારણ કે, તેઓ "ગૌંમતિના પેટ"ના હતા. એમના કુટુંબનાં બધાં ઉંચી મોર જેવી ડોકી કરી ચાલતાં. અવારનવાર વાત કરતાં "હું ગૌંમતિ પેટનો હોઉં તો" આમ અને તેમ કર્યાં કરતાં. વારંવાર "ગૌંમતિ"નું કુળ લજવવાનો ધાક બધાથી વધારેમાં વધારે દેખાડતાં.

સુમતિ નાનો હતો ત્યારે તેને બહુ ચીડ ચડતી, કારણ કે "ગૌંમતિ" કુલોત્પન્ન થયા છતાં એનામાં તેનો વા જરા ઓછો હતો. સમજ ન્હોતી પડતી કે એનામાં એવું શું છે કે ફળીઆના છોકરા જોડે ન રમાય, નિશાળમાં સાથે ન બેસાય, તેની સાથે ન ચણા મમરા ખવાય ને ન વરસાદમાં ઝીલવા જવાય. ધીરમતિ ફોઈ અને હરમતિ ફોઈ બે એને બહુ ધમકાવતાં, અને "ગૌંમતિ" કુલકલંક ઉડવાની આગાહી આપતાં. તેમાં હરમતિ ફોઈમાં કુલાભિમાન ઘણું સતેજ હતું. તેમનો ધણી જીવતો હતો. પણ સાસુ અને વર જોડે સાત વર્ષ સુધી પોતાનું કુલ મોટું છે એમ અનેક વાદવિવાદો કર્યા પછી પણ તેઓની મોભાબુદ્ધિ "ગૌંમતિ" કુલની મહત્તા ન સમજી શકી; અને તેવાં છીછરડાં લોકો જોડે રહેતા કરતાં કુલદીપિકા હરમતિ ફોઈએ જીવતા ધણીએ રંડાપો વેઠી, પિયરમાં બાકીની જીન્દગી પુરી કરવાનો આગ્રહ આદર્યો હતો. ઘણી વખત ફોઈને સુમતિ પૂછતો કે કેમ ફલાણું નહિ કરું! પૂછતાં જ ફોઈઓનો મિજાજ જતો; છોકરાની કુબુદ્ધિનો નાશ કરવા માટે ઈશ્વર પાસે યાચના રૂપે

તેમની આંખો આકાશ તરફ ફરતી, અને [illegible] ફોઈઓ પૂજાની ઓરડી તરફ આંગળી કરતી. અને એનું [illegible] કારણ હતું.

પૂજાની ઓરડીમાં કાંઈ અદ્ભુત છે એમ [illegible] "ગોંમતિ"નું [illegible] દેતાં બધાંની નજર તેના તરફ જતી. જાણે "ગોંમતિ" દાદા [illegible] બેઠા હોય તેમ તેનો ભાસ લાગતો. અને વર્ષમાં એક જ દિવસ—[illegible] વદ ચૌદશે—ઘરનાં મોટાં ભેગાં થતાં. છોકરાંઓને ઓરડીમાં પૂરતાં. અને ઘીનો દીવો કરી બધાં પૂજાની ઓરડીમાં જઈ ધ્યાને નૈવેદ્ય ધરાવતા. સુમતિને તે શું છે એ જોવાનું મન તો ઘણું થતું; પણ કાકાનો હુકમ તોડાય તેમ નહોતું. જ્યારે તે મોટો થયો ત્યારે તેને વાત કહેવામાં આવી કે પૂજાની ઓરડીમાં "ગોંમતિ" દાદાનાં પહેરેલાં કપડાં, મુગટ અને શણગાર છે. અને કુટુંબમાં એવી પણ કહેણી હતી કે જ્યાં સુધી એ વસ્ત્રાલંકાર આમ રહેશે ત્યાં સુધી કુટુંબની મહત્તામાં કાંઈ ખામી કદાપિ પડનાર નથી. ન્યાતના લોકો ગમે તે કહેતા, પણ તેઓમાં પણ કાંઈ દંતકથા ચાલતી; અને તેથી "ગોંમતિ" કુલતિલકોને ઘણું માન મળતું, અને યજમાનો દક્ષણા પણ સારી આપતા. ધીમે ધીમે ફોઈઓએ એને સમજાવ્યો કે જ્યારે બાવીસ વર્ષ પુરાં થાય ત્યારે જ "ગોંમતિ" દાદાનો પહેરવેશ જોવાનો લાભ પહેલી વખતે દરેક છોકરાછોકરીને મળે.

સુમતિ જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ તે પણ કુલદીપક નીવડશે એમ લાગ્યું. એનું માથું આકાશે ગયું, એનો સ્વભાવ અતડો થયો, એ પણ "ગોંમતિ"ના પેટને વારંવાર સંબોધતો થયો. બાવીસ વર્ષનો થાય ત્યાં સુધી પૂજાની ઓરડીમાં જવાય એમ નહોતું; પણ કલ્પનાના ઘોડા દોડાવી શો રેશમી પહેરવેશ, શાં ચમકતાં જવાહીરો, શો લચકાતો શિરપેચ, શી વૈજયંતી માલા અંદર પડ્યાં હશે, તેનો વિચાર કરતો. તેણે મનમાં ધાર્યું કે જરૂર "ગોંમતિ" દાદા વિક્રમ કરતાં તો બે ચાર દરજ્જે મોટા હશે જ. અંગ્રેજી ભણવા માંડ્યું ત્યારથી મેટ્રીકમાં ચાલતા રૂપીઆ રૂપીઆના હિન્દના ઈતિહાસો લઈ લઈ લીટીએ લીટીએ "ગોંમતિ" શબ્દ ખોળવાનો તેણે પ્રયાસ શરૂ કર્યો, ને પ્રયાસ મેટ્રીકમાં આવ્યો ત્યારે પુરો

થયો; કારણ કે તેને સમજ પડી કે દુનિયાના ઈતિહાસો તો અપૂર્ણ હોય છે. પાછી શ્રદ્ધા બેઠી અને નિશાળના પુસ્તકાલયમાંથી "મિલ"નો ઈતિહાસ ઘેર લાવી લીટીએ તપાસવી તેણે શરૂ કરી.

એક યજમાનની બોટી સલાહથી સુમતિને કૉલેજમાં મૂકવાનો નિશ્ચય થયો. બોર્ડીંગમાં આચાર હોવાને લીધે યજમાનોને ત્યાં સુમતિને મૂક્યો. અને પોતાની જાતિ અને કુલશુદ્ધતા સાચવવા સાથે ચોરને અર્થે અધર્મી પાશ્ચાત્ય કેળવણી લેવી તેણે શરૂ કરી. અંગ્રેજી કેળવણીની અશુદ્ધતાએ સુમતિના પવિત્ર "ગૌમતિ" સ્વભાવને બગાડ્યો. ધીમે ધીમે "સ્વાતંત્ર્ય" "વ્યક્તિત્વ" એવા એવા પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનના ભણકારા તેના કાનમાં વાગવા માંડ્યા અને–એક ઘણી ખાનગી વાત છે–એક વખત ત્રણ દિવસ લાગલગાટ સંધ્યા સુદ્ધાં તેણે ન કરી; એક વખત કૉલેજની "ડીબેટીંગ સોસાયટી"માં માણસ બધા સરખા છે એવી ચર્ચા કરવા ઉભા થવાનું નિર્લજ્જ પગલું લીધું; અને અધમતાની સીમાએ પહોંચી, એક વખત હિંમત ધરીને બાપદાદાની બોરાઈ વખાણી જીવવું એ પોતાની ક્ષુદ્રતા કબુલ કરવા જેવું છે એવું કહી નાખ્યું! એના અધઃપાતની પરંપરાની હદ વળી ગઈ. "ગૌમતિ" કુલમાં એ અંગાર ઉઠ્યો. સ્વર્ગમાં કે જ્યાં હોય ત્યાં ગૌમતિનો આત્મા ગાજી ઉઠ્યો. બ્રહ્મલોકમાં અત્રિ ઋષિના હાથમાંથી ગૌમુખી સરી ગઈ. તેના અર્ધાંગ અનસૂયાની આંખમાંથી આધ્યાત્મિક આંસુ ખરવા માંડ્યાં!

જેમ જેમ આ છોકરો બગડતો ગયો તેમ તેમ તેના મનમાં પૂજની ઓરડીમાંનો ભેદ ફોડવાની આકાંક્ષા વધી; ગૌમતિદાદા કોણ હતા તે જાણવાની જિજ્ઞાસા વધી; કારણ કે ક્યાંય પણ ઐતિહાસિક મુદ્દો હાથ નહિ લાગવાથી તે કોઈ ઠાકોર કે જમીનદાર હશે એમ તેને લાગ્યું. વીસ અને બાવીસ વર્ષ વચ્ચેનું અંતર ઝળહળતું લાગ્યું. આખરે બાવીસ વર્ષ પુરાં થવા આવ્યાં. કાકા મરી ગયા હતા એટલે કોઈ ઓએ તેને આ ગૌમતિનો મોટો ભેદ દેખાડવા હા કહી. ગમે તે વિચાર હોય પણ સુમતિશંકરનું હૃદય ઉછળી રહ્યું. મન પર માનનું દબાણ થયું. શુભ દિવસે તે નાહ્યો-ધોયો-ઘરની વહુઓને પિયર વળાવી, નાનાં છોકરાંને પરોસાને

ઘેર બેસાડ્યાં. બારણાં વાસ્યાં. ફોઈ જણીએ છાનાંમાનાં. ગૌમતિદાદાનો પહેરવેશ નીહાળવા પૂજાની ઓરડી પાસે ગયાં. બન્નેએ ખાસ ભાવો–માન, કૃતજ્ઞતા, પિતૃભક્તિ એ બધાની લાગણીને મહામૂલને રાખે મેળવી ભક્તિ અને અનશાની માનસિક આરાધના કરી. જાણે ગૌમતિદાદા અંદર ઊંઘતા હોય તેમ ધીમે ધીમે બન્નેં અંદર ગયાં. એક ફોઈના હાથમાં ઘીનો દીવો હતો, બીજાના હાથમાં નૈવેદ હતું. પૂજાની ઓરડી અંધારી હોવાથી વંદા વગેરેની વસ્તી ભરચક હતી, છતાં એક ગોખલામાં એક પેટી હતી તે એક ફોઈએ કાઢી.

સુમતિના કાનમાં રણશીંગાં ફુંકાયાં. બાવીસ વર્ષનાં સ્વપ્નોનું કેન્દ્રસ્થાન આજે નિહાળવાનો વખત આવ્યો. તેનો હાથ ધ્રૂજ્યો, મોઢામાં થુંક સુકાઈ ગયું. એક ફોઈએ ધીમે રહીને પેટી કાઢી, તેને બાંધેલી કટાયેલી કુંચી છોડી, લગાડી, પેટી ઉઘાડી. બંને ફોઈઓ આર્કિટેક્ટની તીજોરી બતાવતાં હોય તેમ ગર્વભેર સુમતિને જોવા કહ્યું. અંધારામાં સુમતિએ નીચા વળી નિહાળ્યું. ખરેખર લીલો મખમલનો પોશાક, કાંઈ રૂપાનાં ચકતા–એવું કાંઈ દેખાયું. જરીનો વાગો ને શિરપેચનાં સ્વપ્નાં ખોટાં ઠર્યાં. એક ચકતા પર કાંઈ કોતરેલું દેખાયું. સુમતિ નીચો વળ્યો. કાંઈ 'Surat' (સુરત) જેવું વંચાયું.

"ધીરમતિ ફોઈ! આપણે બહાર કાઢી જોઈએ. આના પર કાંઈ લખ્યું છે!"

"ના ના! બહાર કેમ કઢાય?

"જુઓ તો ખરાં, ગૌમતિદાદા કોણ હતા તે તો જોઈએ. ચોક્કસ થાય." જોયું? આ અંગ્રેજી કેળવણીની અસરની પીડા. ફોઈઓએ હા–ના કરતાં હા કહી. સુમતિના મનમાં કાંઈ કાંઈ વિચાર આવ્યા. વખત છે ગૌમતિદાદા સુરતના દિવાન હોય! સુરત બક્ષીસ પણ મળ્યું હોય!! વખત છે ને સરકાર સામે દાવો માંડી પાછું પણ લેવાય!!! વિલાયત સુધી લડવું પડે તો ભલે પણ ગયો હક્ક તો મળે. એમ વિચાર કરતાં તેણે પેટી બહાર અજવાળામાં કાઢી. રખેને સુરત શહેર હાથમાંથી સરકી

જ્યમ તેમ ધીરે રહીને તેણે કોટ ઉંચો કર્યો. કોટ ઉપર દેખાતા અક્ષરો હતા, તેને અજવાળે ધર્યા-ને શુમતિની આંખે અંધારાં આવ્યાં.

"Surat Factory, Mr. Howard's Hamal" "સુરતની કોઠી, મી. હાવર્ડનો હમાલ." તેણે વાંચ્યું.

શુમતિ બેભાન જેવો થઈ ગયો, તેના હાથમાંથી પોટકું પડી ગયો. ગૌમતિદાદા શું કરતા હતા તેની ખાત્રી થઈ. જરા ભાન આવ્યું અને તે ખડખડાટ હસી પડ્યો: કોઈ એ ખીજવાઈ, બત્રીસે ભરમ ભાગ્યો કોઈ આમ્બ અને બત્રીસમે કુલાભિમાનને જેમ તેમ કરેલાં સરખું કર્યું.

× × ×

રાત્રે બે કોટ ને બત્રીસ પાછલે બારણેથી બહાર નીકળ્યાં, એક પોટલી સાથે ધરીનું પડ આવ્યું અને પાડોશમાં કૂવો હતો ત્યાં "ગૌમતિ દાદાનું ગૌરવ" વિસર્જન કર્યું !!!

(નવલિકાઓ)

રામનારાયણ વિશ્વનાથ પાઠક
(દ્વિરેફ)

[જન્મ ઇ. સ. ૧૮૮૭માં—ભાલેજમાં. ઘણાં વર્ષ અમદાવાદ અને સાદરામાં વકીલાત કર્યા પછી તે ગુજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે જોડાયા. હાલમાં મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે કામ કરે છે અને પ્રસ્થાન નામનું માસિક ચલાવે છે.

રા. પાઠકની પ્રવૃત્તિ અનેકવિધ છે. વિવેચક અને પત્રકાર ઉપરાંત તે કવિ અને સુન્દર ટૂંકી-વાર્તાના લેખક છે. સ્વૈરવિહાર નામે હાસ્યરસ-પ્રધાન લખાણો સમદ પ્રગટ કરી તે લોકપ્રિય થયા છે. દ્વિરેફની વાતો ભા. ૧-૨ માં એમની ટૂંકીવાર્તાઓ સંગ્રહવામાં આવી છે.]

કોદર

વકીલ પરમાણંદદાસનાં પત્ની ચન્દનગૌરી ગુજરી ગયાં ત્યારે એમનો એના પ્રેમ જાણનારા એમ જ માનતા કે પરમાણંદદાસ આ આઘાતમાંથી ઊભા થઈ શકશે નહિ. પણ તેઓ તો સિદ્ધાન્ત પ્રમાણે ચાલનારા હતા. સ્મશાનયાત્રામાંથી પાછા ફર્યા પછી બીજે જ દિવસે તેમણે પોતાના નોકર કોદરને બોલાવી કહ્યું : "જો કોદર, હવે આપણા શાન્તિભાઈનાં આપણે જ 'મા' થવાનું. તારે અને મારે થઈને એની સંભાળ લેવાની. તું મારા કહ્યા પ્રમાણે ચાલીશ તો તેમાં કાંઈ બહુ મુશ્કેલી પડવાની નથી."

સામાન્ય માણસને લાગે કે પરમાણંદદાસ જેવા પ્રતિષ્ઠાવાળા રુઆબવાળા, કડપવાળા વકીલ પોતાના એક તુચ્છ નોકરને આવી વાત ન કરે. પણ એમના સખત અને જલદ સ્વભાવમાં અત્યન્ત માર્દવ પણ હતું જે તેમનાં પત્ની સારી રીતે જાણતાં હતાં અને જેનો અનુભવ કોદરને પહેલેથી હતો. કોદર તેમના ઘરના માણસ જેવો થઈ ગયો હતો. છપ્પનિયા પહેલાંના કોઈ કાળ વરસમાં એ છોકરો ઉત્તર ગુજરાત તરફથી રખડતો રખડતો આવેલો અને તેની નાતજાતની પડપૂછ કર્યા વિના પરમાણંદદાસે તેને પોતાના ઘરમાં નોકર રાખ્યો, મોટો કર્યો, થોડું ભણાવ્યો અને ઘરના માણસ તરીકે પોષ્યો. ચન્દનગૌરીના પણ તેના ઉપર ચારે પ હાથ હતા. તેના આવ્યા પછી એક શાન્તિબાબુનો જન્મ થયો એટલે તેમને મન કોદર સારાં પગલાંનો હતો. અને કોદરને તેમને અનુકૂળ રહેવાનો સ્વભાવ પડી ગયો હતો. પરમાણંદદાસ પણ કોદરથી ખુશ રહેતા. તેમને ખુશ કરવા બહુ સહેલું પણ હતું; કારણ કે તે સિદ્ધાંત પ્રમાણે ચાલનાર હતા. તેમની જરૂરિયાતો ઓછી હતી અને તે પૂરી પડતાં તેઓ તરત ખુશ થતા.

પરમાણંદદાસે, શાન્તિએ કેટલે વાગે ખાવું, કેટલે વાગે રમવું, કેટલે વાગે તેને ફરવા લઈ જવો, કેટલે વાગે ઊંઘાડવો, કેટલે વાગે જગાડવો તે સર્વે નક્કી કરી દીધું. તેમના કાયદા ઘડવાનો સ્વભાવ જે પત્નીના માર્દવમય વાતાવરણમાં મુગ્ધ થઈ પડી રહ્યો હતો તે હવે જાગ્રત થયો અને તેમણે કઈ ઋતુમાં કયાં કપડાં પહેરવાં, ચોમાસામાં અમુક જ ફ્લાલીનનાં કપડાં કરાવવાં. ખામાં ઋતુએ ઋતુએ કયો મસાલો નાખવો તે પણ ધાર્મિક ચોકસાઈથી નક્કી કરી દીધું. શાન્તિ મોટો થતો ગયો તેમ તેમ તેની નિશાળનો વખત, તેણે કયે દિવસે કઈ દિશામાં ફરવા જવું, કેટલે દૂર જવું, કઈ કસરતો કરવી વગેરે સર્વ દિવસવાર અને કલાકવાર નક્કી કરી દીધું. એ જમાનામાં અંગ્રેજોનો વખતસર અને ચોકસાઈથી કામ કરવાનો ગુણ ઘણો મોટો ગણાતો અને પરમાણંદદાસે ઘરમાં તેનો અમલ પૂરેપૂરો કર્યો.

કેટલાક માનસશાસ્ત્રીઓ આ સાંભળી કહે કે આવા ઘરમાં કોદરે બંડ કર્યું હશે, શાન્તિએ તોફાન કર્યું હશે, ઘરમાંથી નાસી ગયો હશે,

અથવા ચોરતાં શીખ્યો હશે, બાપને છેતરતાં શીખ્યો હશે. અથવા બાપના મરી ગયા પછી તેણે તદ્દન ઊલટાં આચરણો કર્યાં હશે. પણ આમાંનું કશું જ બન્યું નહોતું. શાન્તિ ઘણી જ તનદુરસ્ત અને મનદુરસ્ત સ્થિતિમાં મોટો થતો ગયો અને પરમાણંદદાસ ગુજરી ગયા પછી શું થયું તે તો મારી વાતનો મુખ્ય વિષય છે એટલે હમણાં કહેતો નથી, પણ તેમના જીવતાં તો ઘર ઘણું સારું ચાલ્યું. પ્રચારની દૃષ્ટિથી કહેતો નથી, અને આમ લખવાથી કે એકાદ દાખલાથી કોઈ કશું માની જતું નથી, પણ પરમાણંદદાસનો આ પ્રયોગ તો ઘણો જ સફળ થયો. કોઈ એક સાથે શાન્તિની મા, તેનો મોટો ભાઈ અને ચાકર બન્યો. શાન્તિ મોટો થયો ત્યારે તેણે પણ, શબ્દ પાછળની વ્યંજના પેઠે, બધા નિયમોની પાછળ રહેલી પિતૃત્વની નિર્નામ મમતા, મૃદુતા, ઉદારતા, મુક્તિ અનુભવી અને જો કે આવી વર્તણૂકવાળા ઘરનો કોઈ એકત્ર તરીકે વિચાર કરે નહિ પણ નોકર અને પિતાપુત્રનું આ ઘર એક આદર્શ ઘર બન્યું.

આવા નિયમબદ્ધ વ્યવહારવાળા ઘરમાં કશા જ બનાવો ન બને એ સ્વાભાવિક છે. પણ શાન્તિ બી. એ. થઈ રહ્યો ત્યારે એક બનાવ બન્યો. પરમાણંદદાસના મિત્રોએ શાન્તિને બારિસ્ટર બનાવવાનું કહ્યું. પરમાણંદદાસને પણ પોતાનો છોકરો બારિસ્ટર થઈ પોતાનો ધંધો હાથ કરે એવા કોડ થયા. તેમણે તરત જ નક્કી કરી નાખ્યું. તેને માટે ઇંગ્લંડમાં જે કાંઈ પત્રવ્યવહાર કરવો જરૂરનો હતો તે કર્યો. બીજી તરફ તેમના સિદ્ધાંત પ્રમાણે શાન્તિ ઇંગ્લંડ જવા ઊપડે તે પહેલાં તેને પરણાવવાની તજવીજ કરવા માંડી. સુરત નજીકના એક ગામના એક સરકારી કુટુંબની, તે જમાનામાં બહુ મોટી ગણાતી એવી મોટી ઉંમરની કન્યા નામે માલતી સાથે તેમણે શાન્તિના લગ્ન કરી નાખ્યાં. શાન્તિને ઇંગ્લંડ મોકલવા પહેલાં પરમાણંદદાસના સિદ્ધાંતના અંગે આવતું હશે તે, તેમણે પુત્રને અને પુત્રવધૂને પાસે બોલાવ્યાં અને હજુ માલતીએ કદી પણ ઊંચું મોં કરીને શાન્તિને કદાચ જોયો પણ નહિ હોય અને તેની સાથે વાત પણ નહિ કરી હોય તે પહેલાં, પુત્રની સામે તેમ જ પણ બન્નેને ઉદ્દેશીને કહ્યું: 'શાન્તિ ઇંગ્લંડ જાય પછી તમે બન્ને એકબીજાને કાગળો લખજો. તે જમિયતરામભાઈને વાત કરી છે.' પુત્રના સસરા માલતીના પિતા જમિયતરામનું સરનામું

સમજાવ્યું અને માલતી પાસે પ્રથમ તો [illegible] ફોટો [illegible] શાન્તિ પાસે તેમાં ઈંગ્લંડનું તેનું [illegible] તે ઘણી આનંદિત થાતી. પુત્રને ઈંગ્લાંડ વિદાય કર્યો. પરમાણુને વિદાય આપી અને પોતે 'મજબૂત મનના રહેવું જોઈએ.' [illegible] કરી, પુત્રને વળાવવા મુંબઈ સુધી પણ ન ગયા.

શાન્તિએ ઈંગ્લંડ જઈ માલતી સાથે નિયમિત પત્રવ્યવહાર કર્યો; પણ તેમાં ક્યાંય સવનન કે પ્રેમની વાત આવતી નહોતી. તેનામાં પિતાનો વારસો ઊતર્યો હતો એમ કહો. કે પિતાના સ્વભાવની તેના મન ઉપર એવી અસર થઈ હતી એમ કહો. તેને બોલ્યા વિના એકલા ઊંડા વિચાર કરવાની ટેવ પડી હતી. તે પોતાની ઊંડી લાગણી શબ્દોમાં મઢતાં કે બીજી રીતે બતાવતાં શરમાતો. લાગણી જેમ તેના હૃદયની વધારે નિકટની, તેમ તે વિશે તે વધારે મૂંગો રહેતો. તેણે પ્રેમ સિવાયની જ બધી વાતો કર્યા કરી. પોતે કેમ રહે છે, કોને મળે છે, શું જોવા જાય છે, ઈંગ્લંડની રીતભાત કેવી છે, એ જ તેણે લખ્યા કર્યું.

એ સિવાય તેણે કાંઈ બીજું લખ્યું હોય તો તે માત્ર પોતાના પિતાના ગુણો વિશે. કારણ કે શાન્તિ એમ માનતો કે પોતે ઘર માંડ્યા પછી તેની પહેલી ફરજ પિતાને સંતોષ આપી સુખી કરવાની છે અને તેમાં તેની પત્ની સહધર્મચારિણી થાય એમ તે ઇચ્છતો હતો.

પણ પરમાણંદદાસના જીવનમાં આ ચાકરી ભોગવવાનું હતું નહિ. પુત્ર ઈંગ્લંડ ગયા પછી જાણે એમની સર્વ શક્તિઓ હરાઈ ગઈ. પુત્રને સ્ટેશને વિદાય કરીને પાછા આવી, તેમણે હજુ સુધી કદી બહાર નહિ કાઢેલી પોતાની પત્નીની અને કુટુંબની છબીઓ અને થોડા દિવસ પર પડાવેલ પુત્રની છબી બેઠકના ઓરડામાં બહાર મૂકી, અને તે રાતે કોઈકે જમવા બોલાવતાં, તેમની નિયમિત જિંદગીમાં કદાચ પહેલી વખત જ તેમણે જમવાની ના પાડી. શાન્તિનો પત્રવ્યવહાર નિયમિત હતો. તેને તેઓ પોતાના ખુશખબર નિયમિત આપ્યા કરતા, પણ તેમનું શરીર ઘસાતું જ ચાલ્યું. તેમના મિત્રોને ચિંતા થઈ, તેમણે ખરું કારણ કળ્યું; પણ પુત્રને અભ્યાસ છોડાવી અહીં લાવવો કે તેને પોતાની માંદગીની

ખબર આપવી એ તેમને સિદ્ધાંતની વિરુદ્ધ લાગ્યું. બીજી તરફથી તેમને તો ખાતરી જ હતી કે હવે ફેર પડવાનો નથી. તેમણે મરણ બાદ શાન્તિને નિર્વિઘ્ન પૈસા મળે તેની ગોઠવણ કરી, પોતાની બધી મિલકતની વ્યવસ્થા કરી અને જરા પણ નિર્બળતા બતાવ્યા વિના દેહ છોડ્યો.

શાન્તિને પિતાના મૃત્યુના સમાચારથી આઘાત લાગ્યો. ઘરનો બધો બોજો એના પર આવ્યો તેનું ભાન તેને અસ્વસ્થ કરવા લાગ્યું. બીજી તરફથી માલતી સાથે રહેવાની ઇચ્છા તેને ખૂબ રીતે આકર્ષવા લાગી. આથી હવે ઘર કેમ ચલાવવું, હિન્દના લોકો ઘર કેમ ચલાવે છે, કેવી વ્યવસ્થા રાખે છે, એ જ તેણે તેના પત્રોનો વિષય કર્યો હતો. યુરોપની મુસાફરીનો કાર્યક્રમ રદ કરી સીધા દેશમાં જવાનો કાર્યક્રમ ગોઠવી દીધો. તે પ્રમાણે મુંબઈ ઊતરી જોનિયલગ્રામને ઘેર થોડા કલાકો ગાળી માલતીને સાથે લઈ તે નક્કી કરેલા દિવસે બધાં અમદાવાદમાં ઊતર્યાં.

સ્ટેશને કાદર સામે આવ્યો હતો. ઘેર જતાં ગાડીમાં રસ્તો આખો તેને સાહેબના અવસાનની વાત કહેતો. તેમને કેવી ચિંતા થતી, છેલ્લે કેમ બોલી ગયા અને અંત વખતે તેમણે શાન્તિભાઈની અને માલતીબહેનના નામ લીધાં કરી એ વાત ઠેઠ સુધી જુદા જુદા રૂપમાં કહી, "અને મેં એમના પગે પર હાથ મૂકી કહ્યું કે જેમ આજ સુધી કર્યું તેમ જ મરતાં સુધી બાબાની અને બહેનની ચાકરી કરીશ, ત્યારે એ શાન્ત થઈ ગયા." શાન્તિલાલ કાદરના મોં પર તેની પ્રતિજ્ઞાની સાચવણી અને સ્વરના વધવા સાથે તેનો વધારે આગ્રહ વધતો જતો થતાં નજર પણ તે જોઈ શક્યો. કાદરને હવે શાન્તિલાલની ચાકરી સિવાય જીવનમાં કાંઈ હેતુ રહ્યો નહોતો.

ઘેર જતાં થયેલ ઘરમાં શાન્તિલાલે ગંભીર પગલે પ્રવેશ કર્યો. પિતાના અવસાન વખતમાં જેમ ચોકિ ગોઠવાની હતી તેમ જ બધું ગોઠવ્યું હતું. માલતી પતિની ગંભીરતા સમજી ગઈ. ઘણી વાર પુરુષ ગમગીન થાય ત્યારે સ્વાભાવિક રીતે જ સ્ત્રીમાં આવી પતિની ગમગીની દૂર કરી આનંદનું વાતાવરણ ફેલાવવા પ્રેરાય છે. માલતીને લાગ્યું કે તેણે પ્રથમ ચાનાસ્તો તૈયાર કરવો જોઈએ. તેણે કહ્યું:

"કોદરભાઈ, અને અહીં લાવો, આમાં હું આ [illegible] કરું, અહીં [illegible] હાથની સાથથી આપો." પણ આનન્દિત આ પરિસ્થિતિથી [illegible] મુખ્ય રીતે ક્રમેક્રમે પડેલા હતો. તે કોદર તો આનંદમાં [illegible] ઘડી લાગ્યો હતો. જ્યારે જમવાનો સામાન્ય નિયમ [illegible] તેણે કહ્યું: "બહેન, તમને શાન્તિભાઈ આ કરવા નહિ દે, એટલે ભાઈને ભાઈ! મેં તમારે બન્નેને માટે [illegible] કર્યું છે." એમ કહી તેણે શાન્તિલાલ સામે જોઈ ઉત્તર માગ્યો. શાન્તિલાલ, પિતા, કોદર અને પોતા સાથે પડાવેલા ફોટા સામે જોતો હતો. તેને કોદર અત્યારે પિતાના એક ઉત્તમ સ્મારક જેવો લાગતો હતો. તેણે કહ્યું: "એને કરવા દો." જેમ કોઈ બાળકને તેની રમત ભાંગતા ગમે તેમ માલતી ખસિયાણી પડી ગઈ. તે વખતે તો તે ગમ ખાઈ ગઈ પણ પછી વખતે કોદર કંઈ કામે દૂર જતાં તેણે શાન્તિલાલને એક જ સવાલ પૂછ્યો: "ગઈ કાલે મેં તમને આ કઈ આપી હતી તે તમને કાંઈ નહોતી?" શાન્તિલાલે સરલ રીતે હા પાડી. પણ માલતીના પ્રશ્નમાં વ્યંગરૂપે એવું સ્પષ્ટ તહોમત હતું કે કોદરને આપેલ આદરનો તે ખુલાસો કરી શક્યો નહિ અને જરા અસ્વસ્થતાના વાતાવરણમાં કામ આગળ ચાલ્યું.

માલતી નાહીને રસોડામાં જાય છે તો કંસારનો સર્વ સામાન તૈયાર રાખી કોદર ઊભેલો. માલતી નાહતી હતી તે દરમિયાન તેણે શાન્તિલાલને શું રાંધવું તે પૂછેલું. શાન્તિલાલે ઠીક લાગે તે કરો એમ કહેલું. અને કોદરે કહેલું, "ભાઈ, આજે તો કંસાર જ હોય, મેં તૈયાર કરવી રાખેલ છે." શાન્તિલાલે 'ભલે' કહેલું અને તે પ્રમાણે ઉમંગમાં ને ઉમંગમાં માલતી રસોડામાં જાય તે પહેલાં તેણે બધું તૈયાર કરી મૂકેલું હતું. માલતી શું રાંધવું તેનો વિચાર કરે કે શું રાંધવું તે શાન્તિલાલને પૂછવાનો વિચાર કરે કે પોતે નિર્ણય કરે, તે પહેલાં કોદરે કહ્યું: "મેં ભાઈને પૂછ્યું છે. ભાઈએ કંસાર કરવાની હા પાડી છે."

માલતીએ પોતે પૂછ્યું હોત તો શાન્તિલાલ એ જ જવાબ આપત અને કદાચ માલતી પણ એ જ નિર્ણય કરત. પણ માલતીને આ પારકો નિર્ણય સ્વીકારવો પડ્યો તે ન ગમ્યું બાળકને કંઈ પણ ચીજ હાથમાં લઈ મોંમાં મૂકતાં આવડે છે તે જ ક્ષણથી તે બીજાના હાથે ખાતું નથી.

બીજાના હસ્તક્ષેપનો તેને અમર્ષ થાય છે. અને બાળક દરેક નવી પ્રવૃત્તિ કરે છે ત્યારે એ જ આત્મભાનથી તે શરૂ કરે છે. માલતીને પણ એવો જ અમર્ષ થયો તે પાછી બીજાવાર રમત ખાતી ગઈ.

[illegible] શાન્તિબાએ માલતીને કહ્યું: "ઘરમાં સામાન [illegible] આપણે [illegible]." [illegible] વસ્તુઓ [illegible] બે વસ્તુઓ સાથે માલતીએ સ્ટવનું નામ આપ્યું. તે [illegible] નવો જ પ્રવેશ કરતો હતો અને માલતીને [illegible] ઘરમાં વસાવવાનો શોખ થયો. પણ સ્ટવનું નામ [illegible] સમજ્યા અને બોલ્યા: "ના બાઈ, [illegible] તેનાથી રસોઈ ખરાબ થાય છે." માલતીએ [illegible] કહ્યું: [illegible] થઈ શકે." પણ [illegible] ને હું કહેશો તેટલા [illegible] કહેતા કે તેનાથી ભડકો થાય ને [illegible] નહિ. [illegible] વિના ચલાવી લો. [illegible]

[illegible] ઉત્પત્તિસ્થાનમાંથી નીકળી આગળ [illegible] આવે ને તે રૂંધાય. તેનાં પાણી [illegible] માટે. તેમ માલતિના મનના [illegible] તેટલો તેને આઘાત થયો. પણ તે [illegible] ભાનના હતી, તીખી હતી અને ગોઠવણી હતી. તે [illegible] "ભલે ત્યારે એમ" કહી, તેણે એ વાત પૂરી [illegible]

[illegible] પાણી ફૂટી વહે તેમ, માલતીની દરેક ઊર્મિ, વિચાર, [illegible] શાન્તિબાએ સમજી શક્યાં હતાં. તેને સમજાયું કે [illegible] માલતીના [illegible] આડે આવે છે. પણ બીજું [illegible] થયો છે. જૂના નિયમો સિવાય [illegible] નથી, અને પિતાના આદેશ પ્રમાણે, તે [illegible] માટે ઊભી શકવાનો નથી. તેને મનમાં થયું

કે કોદરે પોતાના માટે કેટલું કર્યું છે [illegible]
આવતી અને [illegible] [illegible]
માલતીને સમજાવ્યું. તો જ માલતીનું [illegible].

રાત્રે કોદરે [illegible] [illegible]
[illegible] પ્રમાણે [illegible] [illegible]
[illegible] શાન્તિએ [illegible] [illegible]
તો લાગશે. ત્યાં પિતાને ઘેર તો [illegible] છે. અહીં તો [illegible]

માલતીએ કહ્યું: "ના, કોદરભાઈ છે ને!" એ એક જ વાક્યમાં તેણે એટલી ઠંડાશ, એટલી નીરસતા ભરી કે શાન્તિલાલ આગળ વાત જ ન કરી શક્યો. તેને લાગ્યું કે માલતીના આનંદને માટે બીજો કોઈ રસ્તો શોધવો પડશે.

આખી રાત બન્ને કરી પણ વાતચીત વિના રહી ગયાં. માલતીએ પિયરથી નીકળતી વખતે, શાન્તિના કાગળોમાં આવેલી વર્ણનો વિષે, તેણે સાઇકલ ઉપર કરેલી મુસાફરીઓ વિષે, તેણે એક રાત એક ડુંગર ઉપર રાતવાસો કરેલો અને ત્યાં ધુમ્મસના અંધારામાં ડુંગરની કરાડ ઉપર અજાણતાં આવી ચડેલા, જે વાંચીને માલતી બેભાન થઈ ગયેલી અને તેનાથી તે અજાણ રીતે છુપાઈ ગઈ હતી એ વિષે, અનેક વાતો પૂછવાની મનમાં ધારેલી. પણ તેમાંથી એક પણ તેની જીભ પર આવી શકી નહિ. અમદાવાદ આવતાં ગાડીમાં એક બાઈએ માલતીને પૂછેલું: "તમે ક્યાંનાં રહેવાસી?" અને માલતીએ જરા પણ વિચાર કર્યા વિના પિયરનું નામ ન દેતાં 'અમદાવાદ'નાં કહેલું ત્યારે, હવે માલતી તદ્દન મારી થઈ ગઈ છે એ વિચારનો ઉમળકો આવતાં જળભર્યો મેઘ પર્વત પરની વનરાજિને આલિંગે તેમ, માલતીને આલિંગનમાં સમાવી દેવાની તેને ઇચ્છા થયેલી; પણ અત્યારે બન્નેની વચ્ચે જાણે કોદર આવી ગયો હતો. બન્નેની વચ્ચે હજારો માઈલનું અંતર હતું ત્યારે તેમનાં હૃદય નિકટ હતાં, અત્યારે બન્ને નિકટ હતાં ત્યારે તેમનાં હૃદયો દૂર દૂર થતાં જતાં હતાં.

બીજે દિવસે સવારથી જ બનાવો અવળી દિશાએ ચાલવા લાગ્યા. માલતીએ વહેલાં ઊઠવાની ટેવ કેળવી હતી. તે સવારે દૂધવાળાનો અવાજ

આંખ્ગી ઊઠીને દૂધ લેવા જતી હતી ત્યાં શુકનમાં સામો જ કોદર મળ્યો, તેણે કહ્યું: "બહેન, શા માટે આટલાં વહેલાં ઊઠયાં છો? મેં દૂધ લઈ લીધું છે. દાતણ કરવાના પાટલા ઢાળી રાખ્યા છે. તમે દાતણ કરશો એટલામાં ચા તૈયાર થઈ જશે."

માલતીને, કોદર જાણે દરેક કામમાં આગળ જઈ આડો ફરતો લાગ્યો. નાની નાની બાબતમાં તેને જાણે પોતાનું જીવન વ્યર્થ થતું લાગ્યું. એક વેલીને સહસ્ર ફૂલે ફાલવું હોય પણ તેની કળીઓ ઊગતાં જ કપાય તેવી તેની દશા થઈ. અનેક નાનાં દુ:ખો તેને પજવવાં લાગ્યાં, અને તે દરેક નાના દુ:ખની પછવાડે તેને અનન્તતા દેખાવા લાગી. બીજા દિવસની આખરે પરિસ્થિતિ બગડી હતી, સુધરી નહોતી.

આમ ને આમ દિવસો ને માસો ચાલવા માંડ્યા. માલતીને આ સ્થિતિ સામે ફરિયાદ કરવી કે તે ઉપર ગુસ્સો દર્શાવવો તે નિર્બળતા લાગી. આવી સ્થિતિમાં પ્રેમ કરવો, મનાવવો, આમંત્રવો કે યાચવો, તે તેને લઘુતા જણાઈ. તે એટલી ગૌરવશાળી હતી કે પોતાનું દુ:ખ તેણે કોઈ પણ મનુષ્ય આગળ દેખાવા દીધું નહિ. બહારનાં કોઈ માણસ આમની સ્થિતિના રહસ્ય અનાવરણ જોઈ શક્યાં નહિ; કોદર કદી જોઈ શકે તેમ નહોતો. શાન્તિલાલ બધું જોતો હતો, સમજતો હતો; પણ તેને માલતીના સ્વગર્ભ હૃદયની આસપાસ એવું એક જડ કોચલું બંધાતું જણાતું કે જેને મહેનતથી ભેદી શકાય એમ તેને ન લાગ્યું. સમય સ્થિતિના બારણાં ખુલાસા વિનાના કોઈ ક્ષણિક અનુનય કે પ્રેમોર્મિથી ન ખૂલે એવી તે માનતી હતી. અને આ કુટુંબના ગત અનુભવ વિના, તે અનુભવથી ઘડાયલું કોદરનું માનસ, તે પોતાના જીવનના આવેશમાં સમજી શકે તેમ નહોતી. તો કોદરનો પરિસ્થિતિસિદ્ધ જડ આગ્રહ માફ કરી કે નિભાવી તે સ્વસ્થ જ રહે. આ ઘરમાં બે અત્યન્ત રસોન્મુખ હૃદયો નિષ્ફળતાથી ભરેલાં અકથ્ય દુ:ખમાં દિવસ ગાળવા લાગ્યાં. ત્રીજો એક માત્ર હતો કોદર, તેની સેવાની કૃતકૃત્યતામાં.

દર્શનવાન શાન્તિલાલ કોદરને માઠું ન લાગે તેમ તેને દૂર કરવાનો વિચાર કરતો હતો. તેને એક યુક્તિ જડી. ઑફિસમાં વધારે જોખમવાળા

કામમાં તેના જેવા અભિમાનક [illegible] આપ [illegible] પોશાક પહેરાવી એક નાની [illegible] તેને નિવેદન કરી આપ્યું. એ રીતે ઘરમાં દિવસના [illegible] તે મેળવી શક્યો. આથી માલતીને કોદર [illegible] લાગી ગઈ, પણ તેના મનનું સમાધાન ન થયું. તેને લાગ્યું કે જાણે તેના ઉપર ઉપકાર કરવા એક માણસને ખરીદ્યો છે, ગૃહિણીના સ્વાભાવિક અધિકારમાં પોતે આવી હોય એવી તેને પ્રતીતિ ન થઈ. શાન્તિલાલ આ પણ સમજી ગયો. પણ ગાંઠીને-બાંધીને વાત કરીને આવી બાબત વાતનો ખુલાસો કરવો એ તેને અરુચિકર, અસ્વાભાવિક, અરસિક લાગ્યું. સમય જતાં **માલતીનું** મન જરા પીગળશે ત્યારે સ્વાભાવિક રીતે વાત કરવી ઠીક પડશે એમ માની તેણે દિવસો પસાર થવા દીધા. **માલતીએ** પોતાના સ્વભાવ પ્રમાણે કદી કશું પૂછ્યું પણ નહિ.

એક દિવસ બપોરના ઘરમાં ચાનું પાણી ઊકળતું હતું. **માલતી** બીજા ઓરડામાં હતી. ત્યાં કોદર ઓફિસના કોઈ કામે ઓચિંતો આવ્યો અને ચા ઊકળતી જોઈ, "બહેન, તમે આમાં મસાલો નાખવો ભૂલી ગયાં છો." એમ બોલી તેણે અંદર ફુદીનો, એલચી, તજ વગેરે નાખ્યું. **માલતી** ત્યાં જાય અને કશું ન થાય એટલા માટે **શાન્તિલાલ** ત્યાં ગયો અને "કંઈ નહિ, ભલે કોદર ચા કરે", એમ કહી પાછો વળ્યો, ત્યારે ઘણા દિવસના રોષે **માલતીના** મોંમાંથી નીકળી ગયું: "મને સમજાતું નથી કે હું તે એક વરને પરણી છું કે બે ને?" પણ આ વાક્ય કહ્યા પછી તેને ઘણું જ માઠું લાગ્યું. અંતસ્તાપમાં અને મૂઝવણમાં તેને હિસ્ટીરિયા થવા જેવું લાગ્યું, રડી જવાશે એમ તેને લાગ્યું. પણ તેણે મન ઉપર કાબૂ રાખ્યો. બેમાંથી એક પણ થઈ ગયું હોત તો બન્નેની વચમાં સમાધાનનો પ્રસંગ આવી જાત, પણ **માલતીએ** ફરી સઘળું મનોબળ ભેગું કર્યું અને બહારથી સ્વસ્થ થઈ પોતનું વાક્ય તેને માફી માગવા જેવું લાગ્યું હતું, પણ કોદરની સ્થિતિથી તેને પોતાને જે અન્યાય થતો હતો તે તેને અત્યારે ઉલટો વધારે તીક્ષ્ણ અને અસહ્ય લાગ્યો. તે માફી માગવા સુધી જઈ શકી નહિ. **શાન્તિલાલ** જાણે તેની આંખો

પારખી શકે તેમ આ બધું સમજી શક્યો. તેણે માલતીને પોતાના મનથી જ માફી આપી એટલું જ નહિ. તે સમજ્યો કે માલતી હવે વધારે મદદ નહિ કરી શકે.

કેદાર ઘેર ન આવે તેવી તેણે વધારે યુક્તિઓ કરી. પણ એ પ્રયોજન સ્ફુટ કર્યા વિના કરેલી એ યુક્તિઓથી એ પ્રયોજન પૂરેપૂરું પાર પાડી શકાય નહિ. એક વાર રવિવારને દિવસે એક બે મિત્રો બેઠા હતા. માલતી સાથે ચા-પાણીની તૈયારી થતી હતી. ત્યાં ઓચિંતો કેદાર આવ્યો અને જૂની રીતે બોલ્યો: "બહેન. તમે મસાલો નાખવો ભૂલી ગયાં છો!" શાન્તિલાલે આંખો છણકો કરીને કહ્યું: "દરેક બાબતમાં નકામી ડખલ શા માટે કરે છે? શાન્તિથી બેસતા નથી આવડતું!" કેદાર કંઈક બાપુના વખતની વાત કરવા જતો હતો ત્યાં શાન્તિલાલે ધમકાવીને કહ્યું: "મારે એ નથી સાંભળવું. તું તારી જગાએ જા."

'બાપુનું વચન નથી સાંભળવું' એ શબ્દોએ કેદારને આગ ચૂટ્યા બરાબર લાગ્યું. તે ત્યાંથી એ જ વખતે પહેર્યે કપડે નીકળી ગયો. શાન્તિલાલને લાગ્યું કે આ ખોટું થયું; પણ મિત્રો અને માલતીની હાજરીમાં તેણે પોતાની લાગણી દબાવી રાખી. મિત્રો ગયા પછી તેણે તરત ઉઠીને તેને શોધવા પોતાની ઓફિસના નોકરોને મોકલ્યા. જમતાં તેને જમવું ભાવ્યું નહિ. માલતીએ આ બધું જોયું. તે સમજી અને તેને ઊલટું વધારે ખરાબ લાગ્યું. તેને ફરી મનમાં થયું કે કેદારને ઓફિસમાં કાઢવો તે માત્ર બહારથી મારું મન મનાવવા જ હતું. બાકી તો એમના હૃદયમાં માત્ર કેદાર જ હતો. રાત્રે શાન્તિલાલને ચિંતાતુર દેખતાં તેને લાગ્યું કે કેદાર હાજરીમાં હતો તેથી વધારે હવે ગેરહાજરીમાં વ્યવધાનરૂપ થયો. આ દંપતી જે એટલાં બધાં એકમેકને ચાહતાં હતાં–ચાહવાને આતુર હતાં, તે પ્રેમની નિરાશાના અંતિમ બિન્દુએ પહોંચ્યાં. બન્નેને પોતાનો સહવાસ એક શિક્ષારૂપ હતો.

બીજે દિવસે પણ કેદારનો પત્તો લાગ્યો નહિ. કેદારને આ ઘર સિવાય કોઈ મિત્ર કે બેસવા ઉઠવાનું ઠેકાણું ન્હોતું; એટલે તેની ખોળ વધારે મુશ્કેલ થઈ પડી. તેનું શામ કયું હતું તે તો કેદાર પોતે પણ

ભાગ્યે જ જાણતો હશે. શાન્તિલાલે માલતીને કહ્યું જ જમ્યા વિન
પોલિસ મારફત તપાસ કરાવી. પણ બીજે દિવસે પણ કશો પત્તો લાગ્યો નહિ

ત્રીજે દિવસે બપોરે વરસાદ આવ્યો અને સાંજથી અમદાવાદમાં એવી ઠંડી પડી કે જે કોઈ જીવતા માણસની સાંભરણમાં નહોતી. પછીના દિવસોમાં આ ટાઢનું વર્ણન કરતાં વર્તમાન પત્રકારોએ લખેલું કે ઠંડીને લીધે પારો ૪૦ ડિગ્રી સુધી ગયો હતો. અમદાવાદ ફરતો વીસ માઈલ સુધીનો પાક બળી ગયો છે. સરકારે ભયંકર દુકાળને પહોંચી વળવા તૈયારીઓ કરવી પડશે. માત્ર પાક જ નહિ, ઘણુંખરાં મોટાં ઝાડો પણ કાળાં પડી ગયાં છે. મુંબાઈ અમદાવાદ વચ્ચે ટ્રેનની મુસાફરીમાં ત્રણ માણસો ટાઢથી મરી ગયાં હતાં. કૂતરાં, વાંદરાં, ખિસકોલાંઓ, કબૂતર અને કાબરો સુદ્ધાં ટાઢથી મરી ગયેલાં રસ્તા ઉપર પડેલાં હતાં. અને બીજે દિવસે બપોરના બાર સુધી તેને ખેંચી જવાને ભંગી પણ મળી શક્યા ન્હોતા. શહેરમાં મજૂરી કરવા આવેલું કાઠિયાવાડનું એક ડેડનું કુટુંબ નદીની રેતમાં સૂઈ રહેલું તે આખું, ધણિધણિયાણી અને પાંચ છોકરાં સર્વે ટાઢથી મરી ગયેલાં હતાં. એક વર્તમાનપત્રમાં વળી કોઈ લહેરી કવિએ આ ટાઢ ઉપર કવિત પણ જોડ્યું હતું.

આવી રાત્રે શાન્તિલાલે બાર વાગ્યા સુધી અંદર દીવાનખાનામાં ફર્યા કર્યું. માલતીએ સૂતાં સૂતાં આ સાંભળ્યા કર્યું, પણ તે તેને સૂવા ઉઠવાનું કહી શકી નહિ. શાન્તિલાલ સૂતા પછી પણ તેણે તેના ઉજાગરાના શ્વાસોચ્છ્વાસો અને પછી ઊંઘમાં નિઃશ્વાસો સાંભળ્યા કર્યા. ચિંતા, ગુસ્સો, દ્રોહ, મૂઝવણ એ સર્વથી તેને રાત આખી ઊંઘ આવી નહિ. સવારના સમયે તેણે દાદર ઉપર કંઈક અવાજ સાંભળ્યો. દૂધવાળો હશે જાણી તે કમાડ ઉઘાડી બહાર ગઈ અને ત્યાંનું દૃશ્ય જોઈ તે ક્ષણભર સ્તબ્ધ જ થઈ ગઈ.

કોદર એક કોથળાની માફક ભીંજાયેલે કપડે ઢગલો થઈ પડ્યો હતો. માલતી તેને ઓળખી શકે તે પહેલા તેણે કહ્યું: "બહેન, ભાઈ ગમે તેમ કહે પણ તેમને આજે મસાલો નાખીને ચા પાજો, નહિતર શરદી થઈ જશે બાપુ કહેતા ગયા છે." માલતી બહાદુર હતી, નહિતર

કોદરના ભયંકર મૃત્યુ પાસેથી આવતા જેવા અવાજથી તે ભડકી ગઈ હોત. તેણે એકદમ ઘરમાં જઈ "કોદરભાઈ બેભાન થઈ ગયા છે, ઝટ ઉઠો" કહી શાન્તિલાલને ઉઠાડયો. બન્નેએ તેને ઉચકી ઓરડામાં પહેલો જ માલતીનો ઢોલિયો આવ્યો તેના પર તેને સુવાડયો. "તમે તેમને કોરા કરી ગરમ કપડાં પહેરાવો," કહી તેણે રુવાલ અને પતિનાં જે ઝટ હાથમાં આવ્યાં તે ગંજીફરાક વગેરે હાજર કર્યાં નોકરને જગાડી તે જ વખતે દાક્તરને બોલાવવા દોડાવ્યો. ઘરમાં જઈ સ્ટવ કરી તેના પર ગરમ પાણી મૂકી, ઘરમાંથી કોદરે જ તૈયાર કરેલો સૂંઠનો ભૂકો આણી, તેણે કોદરને પગે ઘસવા માંડયો. શું કરવું તે શાન્તિલાલને વારંવાર પૂછતી ને ઉપર પર આવી કોદરને બચાવવા તેની સારવાર કરવા લાગી.

પણ તે સારવાર વ્યર્થ ગઈ. ડૉક્ટર આવ્યો અને તેણે કહ્યું કે થોડા કલાકનો જ સવાલ હતો. માલતીએ મસાલો નાખી ચા કરી આણી, પણ કોદર પી શક્યો નહિ. અને સવારના નવેક વાગ્યે, જેની સેવામાં તેણે જીવન વિતાવ્યું હતું અને ખોયું હતું, તેની એક છેલ્લી સેવા લઈ ને વિદાય થઈ ગયો.

દિવસ આખો કોદરની અંતિમ ક્રિયામાં ગયો. રાત્રે શાન્તિલાલ તેના ઓરડામાં સૂવા ગયો ત્યારે માલતી આરામખુરશી પર માથું નાખી પડી હતી. શાન્તિલાલ જોઈ શક્યો કે તે રડતી હતી. પાસેના ઢોલિયા પર બેસી શાન્તિલાલે ધીમેથી તેને માથે હાથ ફેરવ્યો. ધીમેથી માથું ઉંચું કરી તેને કહ્યું: "તેમાં તું શા સારૂ રડે છે? એ જતો ના રહ્યો મારા કહેવાથી!" અને એમ કહેતાં તેણે માલતીને નરમાશથી ઉભા કરી ઢોલિયા પર લીધી. જાણે કોઈક શબ્દની જ જરૂર હોય તેમ આટલું સાંભળી તેણે શાન્તિલાલના ખભા પર માથું નાખી લાંબા નિઃશ્વાસથી અસ્ખલિત અશ્રુપ્રવાહ શરૂ કરી દીધું. શાન્તિલાલે તેને શરીરે પંપાળ્યા કર્યું અને રડવું કંઈક ઓછું થયું ત્યારે ફરી કહ્યું: "તેમાં તારો શો દોષ?" માલતીએ રડવું રોકી કહ્યું: "નહિ નહિ નહિ. તમે એને લઢ્યા તે મારાથી કચવાઈને. હું જ એને ખરી મારનાર છું." અને એમ કહી તેણે ફરી રડવા માંડયું. માલતીના મનનું સઘળું બળ અત્યારે તેના પશ્ચાત્તાપમાં


[illegible]

× × ×

આપણે આરંભથી આ પ્રસંગ ન કરી દઈ વાતમાં આગળ ચાલીએ. આપણે જાણી લીધું કે માલતીના રસગર્ભ ચિત્તની આસપાસ તેણે ઉભું કરેલું કઠોર પડ આજે પીગળીને સરી ગયું છે એટલું બસ છે. એથી વધારે જોવાની જરૂર નથી. રસશાસ્ત્રીઓ માનતા હશે કે કરુણ કે વિષાદ શૃંગારનો વિરોધી ભાવ છે; પણ આપણા સાચા જગતમાં આ પરિસ્થિતિ કામદેવને જરા પણ ઓછી ગોચર નથી હોતી.

× × ×

ઉપરનો બનાવ બન્યાને દોઢેક વરસ વીત્યા પછી માલતી પિયેરથી એક સુંદર પુત્રને લઈને આવી. સૂતેલા છોકરાને જોઈ શાન્તિએ માલતીને કહ્યું: "આનું નામ શું પાડશું?"



શાન્તિ – આનું નામ શું પાડશું ? પૃ. ૪૮

માલતીએ શાન્તિના ખભા ઉપર મોં નાખી દઈ, છુપાવી કહ્યું: “ હું ઉપર કોઈ પણ નામ પાડો.’

કદાચ જ તેમને પ્રેમ ફરી જન્મ લીધો છે એમ માલતીએ લાગણીવશ થઈને કહ્યું હશે. જાય તેણે કે શાન્તિએ કોઈએ એ સાચું માન્યું પણ નહિ હોય. પણ આ જગત, જ્યાં માનવ ચૈતન્ય પણ જડ દેહનો વળગી જડ થઈ જાય છે ત્યાં સ્વજનો પણ એકબીજાને નથી સમજી શકતા અને નથી સમજવા માગતા, ત્યાં આવા નવા સબંધ સિવાય આ ત્રણ જીવાત્મા ભેગા થઈ શકે એમ નહોતું એટલું તો નક્કી!

રમણલાલ વસન્તલાલ દેસાઈ

[જન્મ ઇ. સ. ૧૮૯૨માં વડોદરા રાજ્યના શિનોર ગામમાં. ૧૯૧૬માં વડોદરા કૉલેજમાંથી એમ. એ. થયા, અને વડોદરા રાજ્યની સરકારી નોકરીમાં જોડાયા. હાલમાં નવસારી પ્રાન્તના નાયબ સુબાનો અધિકાર ભોગવે છે.

શ્રી દેસાઈ લોકપ્રિય નવલકથાકાર છે. તે ઉપરાંત એમણે નાટકો, વાર્તાઓ અને કાવ્યો પણ લખ્યાં છે. દિવ્યચક્ષુ અને ભારેલો અગ્નિ એ એમની મુખ્ય નવલકથાઓ છે.]

પ્રભુનો દરવાન

બહુ વર્ષો સુધી લક્ષ્મણે પ્રભુમંદિરની દરવાની કરી હતી. તે દસેક વર્ષનો હતો ત્યારથી તેને પ્રભુમંદિરની દેવડીએ બેસવાનો પ્રસંગ આવતો હતો. કારણ તેના પિતા પણ દરવાન જ હતો. લક્ષ્મણને લગભગ પિસ્તાળીસ વર્ષ થયાં હતાં. તે પરણ્યો, તેને બાળકો થયાં, એ બધી વારાફેરીમાં એક વાત કાયમ જ રહી હતી. ટુંકા પગાર ઉપર પ્રભુના મંદિરનું દ્વાર તેણે સતત સાચવી રાખ્યું હતું.

મંદિરમાં કંઈક ભાવિકો અને કંઈક શોખીનોને તેણે આવતાં જોયાં હતાં. આંખમાં આંસુ આણી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરનાર ભક્તોને પણ તેણે નિહાળ્યા હતા, અને દર્શન કરવા કેટલી અને કેવી સ્ત્રીઓ આવે છે તેની માનસિક નોંધ રાખી એ નોંધનો ઉપયોગ કરનાર ભક્તોને પણ તેણે જોયા હતા.

અજ્ઞાન લક્ષ્મણે જેવી બેદરકારીથી પ્રભુનાં દ્વાર ઉઘાડ્યાં હતાં તેવી જ બેદરકારીથી કોઈ કોઈ સ્નેહીઓના મિલાપ પણ કરાવી આપ્યા હતા. તે ભૂલો કરનારો, દુર્બળ હૃદયનો, અજ્ઞાન માનવી હતો.

પરંતુ પ્રભુના મંદિરનાં દ્વાર ઊઘાડવાં અને બંધ કરવા એ તેનું નિત્ય કામ બની ગયું હતું એટલે તે તેના જીવનનું અંગ બની ગયું હતું.

સંસ્કાર રહિત સ્ત્રીપુરુષને પણ જુવાની આવે છે એ ભૂલવું ન જોઈએ. રમતિયાળ અને વિલાસી યૌવન મુકતાં તે સહજ ગંભીર બનવા લાગ્યો હતો.

એ ગાંભીર્યની શરૂઆતમાં તેણે પ્રભુનો વિચાર શરૂ કર્યો. તેણે શરૂ કર્યો એમ કહેવા કરતાં તેને આપોઆપ જ પ્રભુનો વિચાર સ્ફુર્યો એમ કહેવું વાસ્તવિક થશે. દરવાજો ઊઘાડતાં અને બંધ કરતાં તે હરહંમેશ પ્રભુને પગે લાગતો. પરંતુ તે કાર્ય યંત્રવત્ માત્ર તેના શરીર પરત્વે જ થતું હતું. હવે તેને લાગ્યું કે પગે લાગવાના કાર્યમાં તેનું મન પણ રોકાતું હતું.

'હવે ઉમ્મર થઈ' લક્ષ્મણે જરા હસીને પોતાનું સમાધાન કર્યું. પ્રભુભક્તિ એ વૃદ્ધાવસ્થાનું અંગ હોય એમ સામાન્ય ભાવના છે જ, એટલે એમાં લક્ષ્મણનો વાંક કઢાય એમ ન્હોતું.

મંદિરમાં એક મહાન વિદ્વાન અને તપસ્વી પુરુષે ગીતાનું પારાયણ તથા પ્રવચન શરૂ કર્યું. આ વિદ્વાનનું મુખ દીપ્તિમાન અને આકર્ષક હતું. તેની વાણીમાં સાક્ષાત સરસ્વતીનો નિવાસ હતો. આત્મા, પરમાત્મા, જ્ઞાન, અજ્ઞાન, મોક્ષ, બંધ એ બધા કૂટ વિષયોનું એવું સરળ અને અસ્ખલિત વિચારશ્રેણીમાં તે વિવેચન કરતો કે સાંભળવા આવનાર આશ્ચર્યચકિત થઈ જતા. રોજને રોજ શ્રોતાઓની સંખ્યા વધતી જતી હતી, અને મંદિરમાં બેસવાનું સ્થાન પણ ન મળે એવી ગિરદી થતી. મહાત્માના વચનામૃતનું પાન કરવા સેંકડો સ્ત્રીપુરુષો મંદિરમાં ઊભરાતાં. લોકોના દોષ અને ખામીઓ ઉપર તે એટલા ઠોક પાડતા કે સાંભળનાર પશ્ચાત્તાપમાં ડુબી જતા.

સઘળા વિવેચનમાં તો લક્ષ્મણને સમજ પડતી નહિ, પરંતુ જે ઢબે મહાત્મા વિવેચન કરતા તે ઢબ ઉપરથી તેની ખાતરી થઈ કે ખરે આ મહાત્માને પ્રભુ પ્રત્યક્ષ છે. માનવીઓના દોષનું વર્ણન કરતાં લક્ષ્મણને પોતાના દોષ યાદ આવતા, અને પિસ્તાળીસ વર્ષ એળે ગુમાવ્યાની ખાતરી થતાં તેને ઘણો જ પસ્તાવો થતો.

× × ×

એક દિવસ મહાત્માના વચને તેનું હૃદય વિંધી નાખ્યું :

'તમે રોજ પ્રભુનાં દર્શન કરવા આવો છો. કહો તમારા હૃદયમાં એ પ્રભુને કેટલી વાર રાખો છો? મંદિરના દેવને મંદિરમાં જ મૂકીને તમે જતા હો તો તમારું દેવ દર્શન આવતું નિરર્થક છે.'

લક્ષ્મણે પોતાના હૃદયમાં દૃષ્ટિ કરી. પ્રભુની સામે રોજ બેસી રહેનાર પોતે પ્રભુ વિહોણો છે એમ તેને લાગ્યું. તેનું હૃદય રડી ઊઠયું:

'અરે, મારા કરતાં નાની ઉમરના મહાત્મા પ્રભુને ઓળખે છે, અને હું રોજનો દર્શન કરનાર તેને બે કોડી વરસ વીતી ગયાં છતાં પ્રભુ પ્રસન્ન નહિ?'

મહાત્માના પ્રવચનમાં તેણે પાછું ધ્યાન આપ્યું. તેને સમજાય એવાં વાક્યો સંભળાયાં:

'પ્રભુને તમે શોધવા માગો છો, ખરું? પ્રભુ ક્યાં છે તે જાણો છો? પ્રભુ આ રહ્યો: અહીં જ છે! તમારો હાથ લંબાવો અને ત્યાં પ્રભુ છે! તમારી આંખ મીંચીને ઉઘાડો અને ત્યાં પ્રભુ છે! તમે મનમાં વિચાર કરો અને ત્યાં પ્રભુ છે!'

લક્ષ્મણે હાથ લંબાવ્યો, આંખ મીંચીને ઉઘાડી અને મનમાં વિચાર કર્યો: 'પ્રભુ કેમ ન દેખાય? કેમ ન ઓળખાય? આખા શ્રોતામંડળે પ્રભુને નિરખ્યા અને પોતે જ એકલો રહી ગયો?' લક્ષ્મણની આંખમાં આંસુ આવ્યાં. તેણે દર્દભર્યો માનસિક પોકાર કર્યો:

'ભલા ભગવાન! મને જ દર્શન નહિ?'

પ્રવચન આગળ ચાલ્યું. પ્રભુના સ્વરૂપનું શ્રોતાઓને પૂરું ભાન થાય એ અર્થે પેલા વિદ્વાને સત્, ચિત્ અને આનંદ એ લક્ષણોનું અદ્ભુત વિવેચન કર્યું અને શ્રોતાઓની ખાત્રી કરી આપી કે પ્રભુ એ તેમના વચનો પ્રમાણે જ અસ્તિત્વ ભોગવતી સત્તા છે. પ્રભુને આ પ્રમાણે નખશીખ ઓળખનાર વિદ્વાન જાણે પ્રભુ કરતાં પણ ચઢી જતો તો નહિ હોય એમ સાંભળનારાઓ વિમાસણમાં પડતાં.

લક્ષ્મણને એ બધામાં કશી સમજ પડી નહિ. પ્રભુના દર્શન તેને પ્રત્યક્ષ ન્હોતા થતાં એટલે ક્લેશભરી વાત માત્ર તે સમજી શક્યો. પ્રવચન પૂરું થયે સર્વના નમસ્કાર ઝીલતા કૃતકૃત્ય વિદ્વાન ઉભા થઈ ચાલવા લાગ્યા.

આસ્તિક દર્શનનું કેવું [illegible] જ, [illegible]
લક્ષ્મણે તેમના પગ પકડ્યા:

'મહારાજ! મને પ્રભુનું દર્શન કરાવો!'

તેઓ લક્ષ્મણને ઓળખતા હતા. [illegible]
[illegible] માને [illegible] મંદિરના દરવાન [illegible]
પ્રસન્ન થયા. પૈસા લીધા વગર [illegible]
જેવો મહેરબાનીભર્યો ભાવ આંખમાં લાવી તેઓ બોલ્યા:

'લક્ષ્મણ, તું તો રોજ પ્રભુનાં દર્શન કરે છે!'

'ના, એમ નહિ. મારે તો દરબાર નહિ [illegible].'

'ઘેલો!' મહાત્મા દયા ભરી બોલ્યા: 'એમાં તો અધિકાર જોઈએ.'

'બાપજી, મારે અધિકાર કેવો? હું તો ચાકર રહ્યો! દરવાન છું!' લક્ષ્મણે કહ્યું. અધિકારનો શાસ્ત્રીય અર્થ તે જાણતો નહોતો. તેને તો અધિકાર એટલે 'અમલદારી' એટલું જ સમજાયું. પ્રભુના દર્શન પણ અમલદારી ઉપર આધાર રાખતાં હોય તો નવાઈ નહિ એમ અમલદારોના દોર સમજનારને ખ્યાલમાં આવશે.

'અધિકાર એટલે લાયકાત!' મહાત્માની પાસેથી તાજું જ ધર્મજ્ઞાન શીખેલા એક અનુયાયીએ લક્ષ્મણને અર્થ કર્યો.

લક્ષ્મણ એ અર્થ સમજ્યો કે નહિ તે કોણ જાણે. પરંતુ તે ઘેલી આંખ કરી સૌને જોતો ઉભો રહ્યો. મહાત્મા પ્રસન્ન ચિત્તે બહાર ચાલ્યા ગયા. તેમનાં યશોગાન ગાતા ભાવિકો જુદાં જુદાં ટોળાં વળી વિખરાવા લાગ્યા. પોતે ધર્મ વિષયમાં આજે કેટલું નવું જ્ઞાન મેળવ્યું તે વિષે ટોળામાં છૂટથી વિવેચન ચાલતું હતું. તત્ત્વજ્ઞાનની મિજબાનીમાં તૃપ્ત બનેલા સહુ કોઈ વાનીઓનાં વખાણ કરતા હોય તેમ યોગ, તપ, શ્રદ્ધા અને ભક્તિ વિષે પોતપોતાના અભિપ્રાયો આપતા હતા.

દેવને શયનનો સમય થઈ ગયો ત્યાં સુધી દેવની મૂર્તિ સામે લક્ષ્મણ જોતો જ બેસી રહ્યો. પૂજારીએ દેવશયનનો પડદો પાડ્યો અને લક્ષ્મણને કહ્યું:

'લક્ષ્મણ, હવે કમાડ મંગળ કર.'

લક્ષ્મણે તે સાંભળ્યું નહિ. પૂજારી તેની પાસે આવ્યો. લક્ષ્મણની આંખમાંથી આંસુ વહેતાં હતાં.

'અલ્યા, શું થાય છે!' પૂજારીએ પૂછ્યું.

'હું પ્રભુનો દરવાન! દરવાજા ઉઘાડું ત્યારે લોકો દર્શન કરે. અને મને જ પ્રભુનાં દર્શન ન થાય!' લક્ષ્મણે જવાબ દીધો.

પૂજારી હસ્યો.

'લાવ, હું કમાડ બંધ કરું. તને કાંઈ વળગાડ તો નથીને?'

× × ×

મંદિર નજીક જ મંદિરની ઓરડીમાં લક્ષ્મણ રહેતો હતો. બીજે દિવસે પ્રભાતમાં મંગળાનો સમય થયા છતાં મંદિર ખુલ્યું ન્હોતું. લક્ષ્મણ તેની લાંબી નોકરીમાં કદી વખત ચૂક્યો ન્હોતો. પૂજારી બૂમાબૂમ કરવા લાગ્યો. દર્શનના નિયમવાળા ભક્તોની બારણા પાસે ગિરદી થઈ. જરા વાર થોભીને ભાવિકો બીજા મંદિરના દર્શનનો સમય પણ વહી જશે એમ ધારી ત્યાંથી ચાલ્યા ગયા. પૂજારીની બૂમાબૂમ સાંભળી લક્ષ્મણનો મોટો છોકરો આંખો ચોળતો ઓરડીમાંથી બહાર નીકળ્યો.

'ક્યાં મરી ગયો લક્ષ્મણ!' પૂજારીએ બૂમ પાડી છોકરાને પૂછ્યું.

'એ તો આખી રાત જાગ્યા! ઘડીમાં હસે છે અને રડે છે! કોણ જાણે કશું વળગાડ લાગે છે!' છોકરાએ કહ્યું.

'મને કાલનો વ્હેમ પડ્યો હતો. ઉઘાડ દરવાજો!' પૂજારીએ હુકમ કર્યો. છોકરાએ તાળું ઉઘાડ્યું. પરંતુ તાળું ઉઘડ્યું નહિ. છોકરો ખૂબ મથ્યો. પૂજારીએ તાળું ઉઘાડવા પ્રયત્ન કર્યો. બીજા બે ચાર માણસોએ પણ મહેનત કરી. તથાપિ તાળું ઉઘડ્યું નહિ. પૂજારી ખૂબ ચીઢાયો. બૂમાબૂમ કરી, છોકરાને ગાળો દીધી; લક્ષ્મણને ગાળો દીધી; આખી દુનિયાને પોતે હિંદુ હોવા છતાં જહાન્નમમાં જવાનો શાપ આપ્યો; અને એક બીજી ડોકાબારીનું બારણું તોડી પાડી મંદિરની અંદર તેણે પ્રવેશ કર્યો. અંદર જઈ તેણે બૂમ મારી, અને તે પાછો બહાર નીકળી આવ્યો.

'ઠાકોરજીની મૂર્તિ ચોરાઈ! બધા શું કરો છો?'

લક્ષ્મણનો છોકરો ગભરાયો. પૂજારીને તેમ જ બીજા બધાને વ્હેમ પડ્યો કે લક્ષ્મણે મૂર્તિ ચોરી લીધી હશે. ગઈ કાલે તેણે ઘેલછાનો દેખાવ કર્યો હતો તેનું કારણ પૂજારીને સ્હમજાયું. ઠાકોરજીનાં ઘરેણાં લેવાની

લક્ષ્મણની દાનત થઈ હતી એટલે તેણે વિચિત્ર દેખાવ કરી બધાને થાપ આપી રાતમાં મૂર્તિ ઉઠાવી લીધી ! આમ પૂજારીની ખાત્રી થઈ.

'બોલાવ તારા બાપને ! હરામખોરની દાનત આટલે દહાડે ભ્રષ્ટ થઈ.' પૂજારીએ છોકરાને કહ્યું.

'એ તો ઘેલા થઈ ગયા છે. પૂછીએ એટલે કંઈને બદલે કંઈ જવાબ આપે છે.' છોકરાએ કહ્યું.

'એ તો હું બરાબર સમજી ગયો. સરકારમાં સોંપીશું એટલે બધું મળી આવશે.'

આસપાસ ભેગા થયેલા લોકોમાંથી બે ચાર માણસો લક્ષ્મણની ઓરડીમાં પેસી ગયા, અને આવું ભયંકર કાર્ય કરવા માટે લક્ષ્મણને ધક્કા મારી બહાર ઘસડી લાવ્યા.

'બાપુ, આ બધું શું છે?' લક્ષ્મણ ધક્કા ખાતો પૂછવા લાગ્યો.

'હરામખોર, આ તેં શું કર્યું? કંઈ નહિ ને ઠાકોરજી ચોરી લીધા?' પૂજારીએ તેનો કાન આમળીને એક લપડાક ચોડી દીધી.

લક્ષ્મણ ઘેલું ઘેલું હસ્યો. તેની આંખ ચમકી ઊઠી. ઘેલછામાં આંખની ચમક ઘણી વધી જાય છે.

ગીતાનું પારાયણ કરનાર વિદ્વાન પણ નાહી ધોઈને મંદિરમાં દરરોજ સવારથી બેસતા. પ્રવચન સાંજે થતું. તેઓ નિત્ય નિયમ પ્રમાણે આવી પહોંચ્યા. તેમણે પણ મંદિરના દરવાજા બંધ હોવાની અને મૂર્તિ ચોરાયાની હકીકત સાંભળી અને લક્ષ્મણની ઘેલી આંખ નિહાળી. ટોળાને ખસેડી તેઓ લક્ષ્મણ પાસે આવ્યા અને તેને કહ્યું:

'લક્ષ્મણ!'

'બાપજી, બાપજી! પગે પડું છું!' કહી લક્ષ્મણે એ તપસ્વીને સાષ્ટાંગ પ્રણામ કર્યા.

'લક્ષ્મણ હજુ મંદિર ખોલ્યું નથી?' તપસ્વીએ પૂછ્યું.

'બાપજી, મંદિર ખુલી ગયું!' લક્ષ્મણે કહ્યું.

'જો! જો તો ખરો, કમાડ બંધ છે. બધા દર્શન કરવા તલપી રહ્યા છે. ઉઘાડી નાખ' તપસ્વીએ કહ્યું.

ઊંડું ઊંડું જોતા હોય તેમ લક્ષ્મણે મંદિરના દ્વાર તરફ જોયું અને તપસ્વીને સંબોધીને કહ્યું:

'કમાડ ખુલ્લાં છે! જુઓ બાપજી!'

તેણે કમાડનું તાળું ખોલ્યું અને દ્વાર ઊઘડી ગયાં.

'પણ મૂર્તિ ક્યાં? બદમાશ!' પૂજારીએ પૂછ્યું. લક્ષ્મણની સ્મૃતિમાં તપસ્વીના શબ્દો તરી આવ્યા: 'પ્રભુ આ રહ્યો! અહીં જ છે! તમારો હાથ લંબાવો અને ત્યાં પ્રભુ છે!......'

'બાપજી, મારો પ્રભુ આ રહ્યો! અહીં જ છે!' લક્ષ્મણે હાથ લાંબો કરી સિંહાસન ભણી નિર્દેશ કર્યો. ક્ષણભર સહુને લાગ્યું કે મૂર્તિ તો ત્યાં નથી જ. પરંતુ ના, ના, કાંઈ ભૂલ થાય છે! લોકોએ આંખો ચોળી, મીંચી અને ઉઘાડી.

શૃંગાર સજેલી પ્રભુની મૂર્તિ બિરાજેલી સહુએ જોઈ! સ્થિર ઊભેલા વિદ્વાન તપસ્વીએ લોકોના કરતાં કાંઈ વધારે જોયું. લક્ષ્મણના હૃદયમાંથી કોઈ પડછાયો નીકળી સિંહાસન ઉપર સ્થિત થઈ મૂર્તિરૂપે ઘટ્ટ થઈ જતો તેણે જોયો. તપસ્વી ક્ષણભર ન હાલ્યા, ન ચાલ્યા. તેમના હૃદયમાં એક પ્રશ્ન ડંખ મારતો ઝબકી ઊઠ્યો.

'પ્રભુની નજીક કોણ? વિદ્વાન? તપસ્વી? કે ભક્ત?'

એકાએક સહુની અજાયબી વચ્ચે તપસ્વીએ લક્ષ્મણના પગમાં માથું મૂક્યું.

'હાય, હાય! બાપજી! તમે તો મારા ગુરુ! આ શું કરો છો?'

તપસ્વીએ પોતે શું કરે છે તે કહ્યું નહિ; પરંતુ તે સાંજથી પ્રવચન કરવું તેણે બંધ કર્યું.

(ઝાકળ)



જુગતરામ દવે

[વઢવાણ પાસે આવેલા લખતર ગામના વતની છે. કાકા કાલેલકરના પરિચય પછી તે નવજીવનમાં જોડાયા. હાલમાં સુરત જિલ્લામાં વેડછી આશ્રમમાં કામ કરે છે. એમણે પોતાનું જીવન દેશસેવા માટે અર્પણ કર્યું છે.

લેખો ઉપરાંત એમણે બાળનાટકો અને બાળવાર્તાઓ લખ્યાં છે અને "ડુંગરાંના કવિ" તરીકે પ્રસિદ્ધ થયા છે.]

ઘોડાનું બન્ધન

પહેલાં ઘોડો આજની જેમ માણસનો ગુલામ ન હતો. જેમ છોકરાંઓ કારણ હોય કે ન હોય તોપણ આખું આંગણું ગજાવી મૂકે છે તેમ ઘોડો આખા બીડમાં મનભાવની હરિયાફરી કરતો. તેના મોંમાં કોઈનું ચોકઠું ન હતું. તેની પીઠ ઉપર કોઈ સવાર ન હતું કે તેની છાતીએ ગાડીનું ઝૂંસરું ન હતું.

આ તેજદાર અને પાણીવાળું પ્રાણી જે દિવસ સ્વતંત્ર હતું તે દિવસ સ્વતંત્રતા ઓર બહારમાં ખીલતી.

એક બીડ પુષ્કળ મીઠા ઘાસથી ભરપૂર હતું. ઘોડો મનને ગમે તેમ વિચરતો. આ છેડે ઘાસની એક પૂળી ખાય ને દોડી મેલે. સામે છેડેથી વળી એક પૂળી ખાય ને પાછો દોડી મેલે. આમ એનો વખત જતો.

એક વખત ઘોડો બીડમાં આમનેમ દોડી રહ્યો હતો, ત્યાં છેટે એને કંઈ કાળું કાળું દેખાયું. ઘોડો કાન ઊભા કરીને એની તરફ જોવા લાગ્યો. તેને લાગ્યું કે આ વળી નવો ડુંગર અચાનક ક્યાંથી! ધારીને જુએ છે તો કાળા ડુંગર જેવું એ કંઈક ચાલે છે, અને હળવે હળવે તેના બીડ તરફ વધી રહ્યું છે. હવે ઘોડો ગભરાયો. હતું તેટલું જોર કરીને તે

જુગતરામ દવે

[વઢવાણ પાસે આવેલા લખતર ગામના વતની છે. કાકા કાલેલકરના પરિચય પછી તે નવજીવનમાં જોડાયા. હાલમાં સુરત જિલ્લામાં વેડછી આશ્રમમાં કામ કરે છે. એમણે પોતાનું જીવન દેશસેવા માટે અર્પણ કર્યું છે.

લેખો ઉપરાંત એમણે બાળનાટકો અને બાળવાર્તાઓ લખ્યાં છે અને "દુબળાંના કવિ" તરીકે પ્રસિદ્ધ થયા છે.]

ઘોડાનું બન્ધન

પહેલાં ઘોડો આજની જેમ માણસનો ગુલામ ન હતો. જેમ છોકરાંઓ કારણ હોય કે ન હોય તોપણ આખું આંગણું ગજાવી મૂકે છે તેમ ઘોડો આખા બીડમાં મનભાવતી હડિયાપટ્ટી કરતો. તેના મોંમાં કોઈનું ચોકઠું ન હતું. તેની પીઠ ઉપર કોઈ સવાર ન હતું કે તેની છાતીએ ગાડીનું ધૂંસરું ન હતું.

આ તેજદાર અને પાણીદાર પ્રાણી જે દિવસ સ્વતંત્ર હતું તે દિવસ સ્વતંત્રતા જોર બહારમાં ખીલતી.

એક બીડ પુષ્કળ મોટા ઘાસથી ભરપૂર હતું. ઘોડો મનને ગમે તેમ વિચરતો. આ છેડે ઘાસની એક પૂળી ખાય ને હડી મેલે. સામે છેડેથી વળી એક પૂળી ખાય ને પાછો હડી મેલે આમ એનો વખત જતો.

એક વખત ઘોડો બીડના આનંદમાં દોડી રહ્યો હતો, ત્યાં છેટે એને કોઈ કાળું કાળું દેખાયું. ઘોડો કાન ઊભા કરીને એની તરફ જોવા લાગ્યો. તેને લાગ્યું કે આ વળી નવો દુશ્મન અચાનક ક્યાંથી? ધારીને જુએ છે તો કાળા ડુંગર જેવું એ કંઈક ચાલે છે, અને હળવે હળવે તેના બીડ તરફ વધી રહ્યું છે. હવે ઘોડો ગભરાયો. હતું તેટલું જોર કરીને તે

કાકા, અત્યારે મને એક તમારો જ આધાર છે. મને તેમ કરો, પણ મારું આટલું એક કામ કરી આપો. તમારો પાડ હું કદિયે નહિ ભૂલું.'

ઘોડાએ તે વખતે માણસની આંખ જોઈ હોત તો તેમાં 'ઠીક લાગ આવ્યો છે' એવી લુચ્ચાઈભરેલી વૃત્તિ તે ઉકેલી શક્યો હોત. પણ ગરજવાનને અક્કલ ન હોય.

માણસે કહ્યું કે ભાઈ ઘોડા, તારા જેવા સુંદર પ્રાણીનું કામ કોણ ન કરે? પણ તું જાણે છે કે હું તો સાવ નાનો છું. મારાથી ઉતાવળે દોડી પણ શકાતું નથી. તારો વેરી હાથી કેવડો જબરો! એનું બળ કેટલું! છતાં હું કહું તેમ તું કરે તો મને ઉમેદ છે કે હું તને મદદ કરી શકીશ.'

ઘોડાએ કબૂલ કર્યું, 'જેમ કહેશો તેમ કરીશ. મારે માટે કરવું છે ને? ક્યાં તમારું કામ છે?'

ઘોડાએ મોંમાં આંગળી આપી, એટલે હવે માણસ હળવે હળવે એનો પોચો ગળવાની તૈયારી કરવા લાગ્યો. એણે કહ્યું, 'મને તારી પીઠ પર ચડીને બેસવા દે.' ઘોડો કહે, 'ખુશીથી.'

'મારે કયી તરફ જવું છે એ તને ખબર પડે એટલા માટે તારા મોંમાં લગામ નાંખવા દે.'

ઘોડો કહે, 'કબૂલ.'

'મારે ઉતાવળું કે ધીમું ચાલવું છે તે તું સમજે તે માટે તારાં પડખામાં લોખંડી એડીઓ મારવા દે.'

ગરજુ ઘોડાએ કહ્યું, 'ભલે તેમ.'

કબૂલાત થઈ ગઈ. ઘોડા ઉપર ચડીને માણસ હાથીને હરાવવા ચાલ્યો. યુદ્ધમાં બુદ્ધિમાન માણસે હાથીને પાડ્યો.

માણસ એ બીડમાં જ રહ્યો. ઘોડાના મોંમાં લગામ કાયમ હતી.

માણસ હવે આજ જશે, કાલ જશે, એમ ઘોડો દહાડા ગણતો હતો. પણ પેલાની તો જવાની દાનત જરાયે જણાતી ન હતી. એક દિવસ ઘોડાએ કહ્યું, 'માણસકાકા, આ જન્મમાં તો હું તમારું ઋણ નહિ ફેડી શકું, પણ મારી ખાતર હવે તમારે તમારાં બૈરાંછોકરાંનો વિયોગ ખમવાની જરૂર નથી. હવે તો હું મારું ફોડી લઈશ.'

પરોપકારી માણસ બોલ્યો, 'તને એમ એકલો મૂકીને મારાથી કેમ જવાય? બેરાંછોકરાંને તો હું અહીં જ તેડી લાવનાર છું. તેં મારું શરણ લીધું તો મારે તને પૂરી મદદ કરવી એ મારો ધર્મ છે. તું તારા પોતાના જ જોર વડે એકલો રહેવા જેટલો હોશિયાર થઈ જા, ત્યાર પછી જ હું અહીંથી ખસી શકું.'

ઘોડાને કાળજે હવે ફટકો પેઠો. થોડા દિવસ રહીને એણે ડરતાં ડરતાં પૂછ્યું, 'મારી જીભમાં છાલું પડ્યું છે. મારા મોંમાંથી આ લગામ...'

ડોળા કાઢીને મોટો ઘાંટો તાણીને માણસ બોલ્યો, 'ફિટકાર છે તને, નિમકહરામ! તારે માટે મેં મારાં ઘરબાર છોડ્યાં, જીવનું જોખમ ખેડીને મેં હાથી જેવા મહા બળવાન પ્રાણી સાથે યુદ્ધ કર્યું, અને આટલી એક લગામ પણ તારાથી નથી ખમાતી? આવા નિમકહરામનો ભરોસો શો! કાંટાવાળી લગામ પહેરાવ્યા વગર તું પાંસરો ચાલવાનો જ નથી.

ઘોડાએ ઘડીક ઠેકડા માર્યા. લગામના કાંટાથી તાળવું ફૂટી ગયું હતું. ચાબુકના ફટકાથી પીઠ ચિરાઈ જતી હતી. એડીના ઘાથી પડખાં વીંધાઈ જતાં હતાં; એના ઠેકડા બધા સુકાઈ ગયા.

ઘોડાનો આજની ઘડી સુધી છુટકારો થયો નથી, સ્વતંત્રતા શું એ હવે તો એને યાદ પણ નથી રહ્યું.

(મધપૂડો)

•••o❂o•••

શ્રી હીરુભાઈ રતનજી દેસાઈ

[જન્મ ઈ. સ. ૧૯૦૯માં સુરત જિલ્લાના આરેઠી ગામમાં. ૧૯૩૧માં અમદાવાદની પ્રેસમાં ... જોડાયા. ફરી ... ગુજરાત વિદ્યાપીઠમાં રાજ્યશાસ્ત્રના અધ્યાપક તરીકે કેટલુંક કામ કર્યું. હાલમાં હંસ નામના હિન્દી માસિકના વ્યવસ્થાપક તરીકે કામ કરે છે. એમણે તારા દેશપાંડેની સુન્દર વાર્તાઓના અનુવાદનો સંગ્રહ છે. અને શ્રી. હીરુભાઈની સરળ અને સરસ અનુવાદ કળાનો ખ્યાલ આપે છે. પ્રસ્તુત વાર્તા મરાઠી વાર્તાકાર રા. ઢોંડકરની કૃતિનો અનુવાદ છે.]

કૂતરાનો પટો

"પેલો પટો કેટલાનો?" દુકાનદારને એણે કિંમત પૂછી.

"દુકાનદારે દુકાનમાંની વસ્તુઓ સાફ કરવાના કપડાની દાંડી એક પટા તરફ ધરી પૂછ્યું, "આ પટો?"

"એ નહિ."

તેણે બીજા પટા તરફ લાકડી વાળી.

"આ......હં! એની ઉપરનો."

એને જોઈતા પટા તરફ દુકાનદારની લાકડી જતાં જ તે એકદમ બોલી ઊઠી, "હા, એનું શું?"

"બાર આના."

આ કિંમત એને એના ખ્યાલ કરતાં ઘણી વધારે લાગી; તો પણ મનના ખાલી સમાધાન માટે એણે ફરી પૂછ્યું, "શું—શું?"

"બાર આના"

આંગળીના વેઢા ઉપર એણે તે રકમ ગણવા માંડી.

ગુજરાતી બીજી ચોપડીમાં હમણાં જ ગયેલી તે હજુ તો ચણિયે ચોળી પહેરતી હતી. પૈસા બે પૈસા કરતાં વધારે મોટી રકમ તેના હાથમાં કદી આવી ન્હોતી. નિશાળમાં તે પૈસાના કોઠા સુધી પહોંચી હતી—ચોસઠ પૈસાના સોળ આના, સોળ આનાનો એક રૂપિયો, એટલું તેને મોઢે આવડતું હતું. પણ વ્યવહારમાં એણે કદી આટલા પૈસાનો ઉપયોગ ન્હોતો કર્યો, તેથી જ બાર આનાની રકમ સાંભળતાં તેના હોશકોશ ઉડી ગયા.

નિશાળમાંથી જતાં આવતાં કેટલી યે વખત તેણે તે પટા તરફ જોયું હતું. તેની સાથેની બીજી છોકરીઓ ટીકડી, રેવડી, પેન, પેન્સિલ વગેરે લેવા માટે તે દુકાનમાં જતી ત્યારે, કોઈ કોઈ વખત તે પણ તેમની જોડે જતી. પણ તેનું બધું ધ્યાન તે પટામાં જ ચોંટેલું રહેતું. તે તેને ખૂબ ગમી ગયો હતો.

કેટલી બધી વખત તેણે તે પટો જોયો હતો! કેટલી બધી વખત તેણે તેની કિંમત પૂછી હતી! અને કેટલી યે વાર આમ ખાલી કિંમત પૂછવા માટે દુકાનદારે ધુતકારી કાઢી હતી!

દુકાનદાર ધંધાદારી માણસ હતો. છોકરીની ફોગટની પૂછપરછ એને ગમતી ન્હોતી. કદી એણે પૈસાની ટીકડી સુદ્ધાં તેની પાસેથી લીધી ન્હોતી. કાગળ, પેન્સિલ, રબર, નિબ—કાંઈ કહેતાં કાંઈ પણ એણે તેની પાસેથી ખરીદ્યું ન્હોતું. આ બધી ચીજો એને એમને એમ મળતી હતી. મહિને મહિને એ ચીજો એનો બાપ એને આણી આપતો તેથી એને પોતાને આમાંનું કશું ખરીદવાનું રહેતું નહિ. પાઈની પણ ખરીદી ન કરતાં પટાની કિંમત ફોગટની એ પૂછ્યા કરતી તેથી દુકાનદાર કંટાળી ગયો હતો. દુકાનદાર તેને ધૂતકારી કાઢતો હતો. છતાં તે પટો જોવાનો મોહ તે કદી રોકી શકી ન્હોતી.

નિશાળમાં જતાં આવતાં તે દુકાનમાંના પટા તરફ જોયા શિવાય તેને ચેન પડતું નહિ; અને તે પટો પણ તેવો જ આંખમાં ભરાઈ રહે એવો હતો. તેનું ચામડું સરસ કમાવેલું અને નરમ હતું. તેને લટકાવેલી ચાર ઘૂઘરીઓ તીણું રણકી રહેતી. પાતળા પતરાંના તારની નકશી તથા બક્કલ આગળના ચામડાના ગૂંથેલા ગોફને લીધે તે પટો ખૂબ મનોહર લાગતો. વળી તેને એક સુંદર પૂંઠાં પર લટકાવેલો હતો. પૂંઠાંને પવન

લાગતાં જ પટાની નકશી ચમકતી અને ઘૂઘરીઓ ધીમે ધીમે ઝમકતી, ત્યારે તેને ખૂબ આનંદ થતો.

પટા તરફ જોવાનો અને પોતાની સાથેની બહેનપણીઓને તે બતાવવાનો તેને એક છંદ જ લાગ્યો હતો.

પટો વેચાતો લેવાની એને ખૂબ ઇચ્છા હતી. પણ આવડી મોટી ચાર આનાની રકમ ઉભી ક્યાંથી કરવી?

બપોરની રજામાં ખાવાનું લેવા માટે તેની બા તેને કોઈ કોઈ વાર પૈસો આપતી. પણ ખાવાના પૈસાને માટેની રોજની ટકટકથી કોઈ કોઈ વખત બા તેના પર ખૂબ ગુસ્સે થતી અને "રોજ રોજ ખાવાનું શેનું? ચાલ જા. આજે નહિ મળે પૈસો." એમ કહીને તેને પૈસા વિના જ નિશાળે મોકલતી.

તો પણ તે દુકાનમાંનો પટો જોવાનો ક્રમ તેણે છોડ્યો નહિ; અને ભૂખી રહીને પણ ખાવાના પૈસા એકઠા કરવાનું તે ભૂલી નહિ. એમ કરતાં કરતાં ચાર આનાનું પરચૂરણ તો તેની પાસે ભેગું થયું. કેટલીયે વાર તે પૈસા તેણે ગણી જોયા. ચાર આના—સોળ પૈસાના ચાર આના; બસ એટલા જ! હજુ આઠ આના એકઠા કરવાના? અધધધ......હજુ તો બરાબર બમણી રકમ બાકી હતી!

ચાર આનાના પૈસા ભેગા થયા તે દિવસે નિશાળમાંથી આવતાં એણે દુકાનદારને કહ્યું, "એ પેલા પટો કોઈને વેચી દેતા નહિ. હ. જો, હું તે વેચાતો લેવાની છું."

"ચાલ, ચાલ!" કહીને દુકાનદાર કટકા વડે દુકાનમાંથી કાચની પેટીઓ સાફ કરવા લાગ્યો, પણ એણે તો દૂર રસ્તામાં ઉભાં રહીને એની નજરે તે પટા તરફ ઘણો વખત જોયાં કર્યું.

કેટલાક દિવસ પછી એની બાને મળવા એની માશી આવી જતી વખતે માશીએ ભાણેજનાં ઓવારણાં લીધાં અને તેના હાથમાં એક અડધો મૂક્યો. આ અડધાએ અચાનક તેની અંતરની ઇચ્છા પૂરી કરી.

માશી ગઈ કે તરત જ એણે પોતાનું દફતર છોડ્યું, અને એમાંથી સિગારેટનું એક ખોખું બહાર કાઢ્યું. પછી પગ પહોળા કરીને તેમાંનું

પરચૂરણ ઠાલવ્યું અને એક એક સિક્કો લઈને ગણવા લાગી. પરચૂરણ ગણાઈ રહ્યા પછી તેમાં તેણે પેલો અડધો ઉમેર્યો. બરાબર બાર આના ને ત્રણ પૈસા જેટલી તેની સિલક થઈ.

તેને જોઈતી હતી તેટલી રકમ આટલી જલદી અને અચાનક ભેગી થવાથી તેને ખૂબ આનંદ થયો. એ દિવસે નિશાળમાં તેનું જરા પણ ધ્યાન ચોંટ્યું નહિ. ક્યારે નિશાળ છૂટે અને ઘેર જાઉં એમ તેને થઈ રહ્યું હતું. ઘંટનો પહેલો ટકોરો પડતાંની સાથે જ દફતરને ગમે તેમ ગળામાં લટકાવીને તે દોડતી દોડતી પેલી દુકાને ગઈ.

હજુ પણ પટો દુકાનમાં જ છે એ જોઈને તે ખૂબ હરખાઈ. સિગારેટના ખોખામાંથી પૈસા પોતાના ટિચુકડા હાથમાં ઠાલવી તેણે તે દુકાનદાર આગળ મૂક્યા. દુકાનદારે પૂંઠામાંથી તેને તે પટો કાઢી આપ્યો.

જતાં જતાં વચમાં તે પટાને અમથો જ હલાવતી અને તેની ઘૂઘરી જેમ જેમ વાગતી તેમ તેમ તે મલકાતી. પટો વેચાતો લીધા પછી પણ તેની પાસે ત્રણ પૈસા બાકી રહ્યા હતા.

આ પૈસાનાં તેણે નાનાં બિસ્કિટ લીધાં; પણ તેમાંનું એક પણ તેણે પોતાના મોંમાં મૂક્યું નહિ.

પોતાના મોતીને આજે પટો મળવાનો છે એ વિચારથી હરખાતી તે દોડતી દોડતી ઘેર ગઈ. મોતી પર તેને ઘણું વહાલ હતું. ભાત ખાઈ શકે એવા દાંત પણ તેને ન્હોતા આવ્યા ત્યારથી દૂધ પાઈને એણે તેને ઉછેર્યો હતો. હવે તે મોટો થયો હતો તો પણ એને મન તે કુરકુરિયું જ હતું. હજુ મોટા કૂતરામાં તેની ગણના થવા પામી ન્હોતી.

મોતી એને એના જીવ જેટલો વહાલો હતો. મોતીની આસપાસ જ એનો સઘળો સંસાર હતો. ઓટલા ઉપર કૂતરાની રહેવાની જગાની ફરતે જ તેના સંસારનો બધો ખેલ મંડાયેલો રહેતો. રંગબેરંગી કપડાંના તથા કાચના ટુકડા, મેળામાંથી આણેલી ઢીંગલી, ચહાનો નાનો સેટ, પાલણું, પલંગ ત્યાં હંમેશ પડેલાં રહેતાં. માથું દબાવતાંની સાથે મ્યાઉં મ્યાઉં કરતું એક નાનું રુવાંટીવાળું કૂતરુ પણ મોતીને રમવા માટે તેણે મેળામાંથી આણ્યું હતું. પેલા ત્રણ પૈસાનાં તેણે બિસ્કિટ લીધાં તે પણ મોતીની સાથે

બેસીને તેમાં ખાવા માટે જ. એની પણ મિત્ર ગુણવાળો હતો. ઘરમાંના બીજાં બધાં કરતાં એના પર તેનો પ્રેમ વધારે હતો. એને દીઠી કે તરત જ તેની પૂછડીનો પટપટારો શરૂ થતો અને તે એક સરખો થતું રહેતો: તેના કાન ઉપરનીચે થતા; અને એની આસપાસના તેના આંટાનો તો સુમાર જ રહેતો નહિ.

પાટી લઈને દોડતી દોડતી તે ઘેર આવી અને બારણામાં પેસતાં જ રોજની જેમ "મોતી" "મોતી" એમ હાક મારી.

પણ એની હાકનો જવાબ મળ્યો નહિ. આંગણામાં, ઓટલા ઉપર, પરસાળમાં, પાછલે બારણે, માળપર, અગાસીમાં—બધે તે તેને શોધી વળી પણ મોતીનો પત્તો જ ન્હોતો.

કેટલીયે વખત તે ઓટલા પર મોતીના રહેઠાણ તરફ જોતી ગઈ. પણ સવારે તેણે નાખેલા ટુવાલ સિવાય બીજું કશું તેને ત્યાં દેખાયું નહિ. તે સવારે તેણે મોતીને કેટકેટલા લાડ લડાવ્યા હતા! તેણે જાતે જ તેને બરાબર નવડાવેલો અને પછી પોતાનું શરીર લૂછવાના ટુવાલથી સાફ લૂછી પણ નાખેલો: બન્ને હાથથી તેને વળગીને તેની સાથે તેણે કેટકેટલી વાતો કરી હતી! છેક તેના મોઢા પાસે પોતાનું મોઢું લઈ જઈને એણે તેને કહ્યું હતું, "આપણે તારે માટે આજે એક મજાનો પટો લાવીશું. આપણે હની બને આજે એવી મજા કરીશું..."

સવારે ઓટલા પર તે કૂતરાને લાડ લડાવતી હતી, ત્યારે તેમના તરફ લક્ષ આપવાને ઘરમાંના વડિલવર્ગને જરા પણ નવરાશ ન્હોતી. તે બધાં એક બીજા જ કામમાં પડ્યા હતા. તેના બાપની ઑફિસના સાહેબની બદલી થવાથી આજે તે બીજે ગામ જવા ઉપડવાના હતા, એટલે તેમને માટે ચહાપાણીની વ્યવસ્થા કરવામાં સવારથી એ લોકો દોડાદોડ કરી રહ્યાં હતાં.

સાંજે નિશાળમાંથી તે ઘેર આવી તે પહેલાં જ 'સાહેબ' તેમને ત્યાંથી ચહા પીને ગયા હતા. અને તેમને સ્ટેશન પર વળાવીને તેનો બાપ હમણાં જ ઘેર આવ્યો હતો.

...

બધે શોધ્યા પછી પણ જ્યારે મોતી ક્યાંયે દેખાયો નહિ ત્યારે છોકરીએ આક્રંદ કરવા માંડ્યું.

તેની માએ તેને સમજાવવાનો ખૂબ પ્રયત્ન કર્યો; બાપે તેને બીજું કૂતરું આણી આપવાનું કહ્યું, પણ તેની આંખમાંનાં આંસુ અટક્યાં નહિ, તેમ જ "મોતી" "મોતી"નો તેનો જાપ બંધ પડ્યો નહિ. કંટાળીને તેના બાપે તેને ઝૂડી પણ કાઢી. પણ તેથી કાંઈ તે મોતીને ભૂલી નહિ.

તે દિવસથી તેની રમતિયાળ વૃત્તિ બિલકુલ મરી ગઈ. કશામાં પણ હવે તેનું મન લાગતું નહિ. રાત્રે વચ્ચે વચ્ચે તે ઊંઘમાં લવારો કરતી, "સરસ પટો છે, નહિ મોતી? ગમે છે ને, તને તે?"

પણ તેનો મોતી ગયો ક્યાં?

તેને આનંદમાં લાવવાને કરેલા બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. તેને માટે કેટલાં યે નવાં કૂતરાં આણ્યાં, પણ એકે તરફ તેણે ફૂટીને પણ જોયું નહિ; અને દહાડે દહાડે તે સુકાતી જ ચાલી.

તેની તબીયત સારી થાય તેટલા માટે જુદા જુદા સ્પેશિયાલિસ્ટ દાક્તરોએ નાના તરેહની નવી અને રામબાણ દવાઓ તેને આપી, પણ એકેનો તેને ગુણ લાગ્યો નહિ. ક્રમે ક્રમે છેવટે તે મરવા જ પડી.

બદલી થવાથી ગયેલા સાહેબની ભલામણથી એના બાપનો પગાર વધ્યો; અને એ વધેલા પગારની રકમ લઈને એનો બાપ ઘેર આવ્યો તે જ દિવસે એનું લક્ષણ કાંઈ બરાબર જણાયું નહિ. હવે તે થોડા જ કલાકની મહેમાન લાગી. એના બાપની વાટ જોતો એક કાગળ ટેબલ પર પડેલો હતો; પોતાને પ્રમોશન અપાવનાર સાહેબના હસ્તાક્ષર પાકીટ પર જોઈને તેણે તરત જ તે ફોડ્યું. આમતેમની હકીકત લખ્યા પછી છેક છેવટે કાગળમાં આ પ્રમાણે હતું:

"......અહીં આવતી વખતે દેખાવમાં જરા ઠીક દેખાયું તેથી ગમી જવાથી તમારે ત્યાંથી પેલું કૂતરું હું લાવેલો; પણ પહેલેથી જ તેણે ભસી ભસીને અમને હેરાન કરી દીધા. ખાવાપીવાનું તો તેણે નામ જ છોડી દીધું હતું. અમારાં 'મટન પાઉં' કદાચ તેને માફક નહિ આવ્યાં

હોય ! સારા ખોરાકની તેને ટેવ જ નહિ હોય એમ લાગતું. કંહ-કંહ કરતાં ખૂણામાં પગ વચ્ચે માથું ખોસીને બેસવું અને સહેજ છેડો કે ઘૂરકીને એકદમ શરીર પર ધસી આવવું—આવી તેને કુટેવ હતી. આવું કરડકણું કૂતરું બાળબચ્ચાંવાળા ઘરમાં રાખવું જોખમકારક હોવાથી તરતજ મેં પાંજરાપોળમાં મોકલી દીધું હતું. તે ત્યાં કાલે જ મરી ગયાનો રિપોર્ટ હમણાં જ મારી પાસે આવ્યો છે અને તેથી જ તેને વિષે મને સાંભર્યું. હાલ એ જ."

કાગળ વાંચી રહ્યા પછી બાપની નજર પથારી પર પડેલી પોતાની દીકરી તરફ ગઈ. તેના શરીરમાં કાંઈ પણ રહ્યું ન્હોતું. આંખની પાંપણ હલાવવા જેટલી શક્તિ પણ તેનામાં ન્હોતી. તો પણ તે કૂતરાનો પટો તેણે ખૂબ જોરથી પકડી રાખેલો જણાતો હતો. કાંઈક બોલવા માટે એના હોઠ ફરકતા હોય એવું એના બાપને જણાયું. ઉતાવળથી પાસે જઈને તેણે એના હોઠ આગળ પોતાના કાન ધર્યા.

અત્યંત ઊંડા અવાજમાં તદ્દન અસ્પષ્ટ "મોતી" "મોતી" શબ્દ સંભળાયાનો તેને ભાસ થયો. પણ ભાસ જ હતો કે ખરી હકીકત હતી ?

સુકાઈ ગયેલી છોકરી અને પાળેલું કૂતરું એ બેનો કાંઈ સંબંધ હતો ખરો ?

(ખોવાયલા તારા)

બળવન્તરાય કલ્યાણરાય ઠાકોર

[જન્મ ઇ. સ. ૧૮૬૯માં–ભરૂચમાં. ૧૮૮૯માં બી. એ.ની ડીગ્રી લીધા પછીનું એમનું જીવન કેળવણીખાતાની નોકરીમાં વ્યતિત થયું છે. કરાંચી, વડોદરા, પૂના વગેરે સ્થળોએ એમણે પ્રોફેસર તરીકે કામ કર્યું. ૧૯૨૪માં નિવૃત્ત થયા ત્યારથી વડોદરામાં રહે છે.

પ્રો. ઠાકોર મુખ્યત્વે વિદ્વાન વિવેચક તરીકે જાણીતા છે. એમણે સર્જનાત્મક સાહિત્યમાં પણ સારો ફાળો આપ્યો છે. વાસ્તવદર્શી અનેક કાવ્યો ઉપરાંત એમણે નાટકો, વાર્તાઓ, અને જીવનચરિત્રો લખ્યાં છે. એમની ટૂંકી વાર્તાઓ બોધપ્રદ અને રસમય હોય છે.]

મુકુલ

મુકુલ અને કળી બે ભાઈબ્હેન હતાં, કળી કંઈક મોટી હશે. એક દિવસે દીવાબત્તી થતાં બંને શેરીમાંથી દોડતાં દોડતાં ઘરમાં આવ્યાં. ત્યાં પરસાળમાં જ એમની બા પથારીમાં બેચેન પડી હતી. અને ડોસીમા તેને સેક કરી રહ્યાં હતાં. આ જોઈને મુકુલ અને કળીનું હસવું અને એમના કલ્લોલ પરસાળને પગથિયે પ્હોંચ્યાં જ નહીં. બંને છાનામાનાં એક બીજાની સોડમાં બાના મો આગળ બેઠાં. કળીએ ધીરે રહીને પૂછ્યું, "બા શું થાય છે?" પણ તે મુકુલે જ સાંભળ્યું, બાએ હાથ લાંબો કરી બેયને એક પછી એક પાસે લીધાં, ચૂમી ન કરી, થોડી વાર એમના સુકોમલ ગાલ પોતાને ગાલે દાબી રાખ્યા, અને પછી પાસું ફેરવ્યું. ડોસીમા કહે, "કળી, જા, તું ને મુકુલ વાળુ કરીને સુઈ જાવ." બંને રસોડામાં ગયાં.

—

ત્યાં માસી રાંધવા આવી હતી. ફળીએ તેને ફરી પોતાનો સવાલ કર્યો, "વ્હાલી માસી, બાને શું થાય છે?" સુકુલે તે સાંભળ્યું, પણ માસી તે જ પળે તપેલી ઉપર ઢાંકણું ઠીક કરતી હતી, તે ખખડ્યું. તેણે એટલું જ કહ્યું, "ફળી, સુકુલ, આમ આવો. લ્યો આ રકાબીમાં બંનેને એકઠું પિરસું છું, ચુપચુપ ખાઈ લ્યો. ફળી, બ્હેન, પાણીની લોટી લેતી એસ." જમીને હાથ ધોતાં ફળીને ફરી પૂછવાનો વિચાર થયો, પણ ત્યાં તો ન્હાનાકાકા અંદર આવ્યા, તેણે એમની પાછલી મેડીમાં લઈ જઈને સુવાડી જ દીધાં.

બંને સવારે તડકો થતાં ઉઠ્યાં અને નીચે ઉતર્યાં, ત્યાં તો આખા ઘરમાં એકલાં ડોસીમા.

× × ×

સુકુલ અને ફળી થોડા મહિનાથી એમની માસીને ત્યાં રહેતાં હતાં. માસીનું ઘર ન્હાનું હતું તેમાં બંને એની પૂઠે પૂઠે જ ભમતાં. બીજે ત્રીજે એ કલાક બે કલાક બ્હાર જતી ત્યારે જ તેની જોડે બ્હાર નીકળતાં. કોઈ વાર સુકુલ આડો થતો અને ફળી રડવા પર ચ્હડતી, ત્યારે માસી એમને પોતાની મોટી બ્હેન—એમની બા—ની વાતો કહેતી એટલે બંને ટપ શાંત થઈ જઈ સાંભળતાં, માસીની પાસે ખરી બનેલી હકીકતોનો સંચય ખૂટ્યો, ત્યારે તે જોડી જોડીને કહેવા લાગી. એમ કરવાની તેની કલ્પનાશક્તિ ખૂટી પડી, ત્યારે એણે રામચંદ્ર, કૃષ્ણ, હનૂમાન, અંગદ, પ્રહલાદ, ધ્રુવ વગેરેનાં બચપણની વાતોનો અને પંચતંત્ર, ઇસપનીતિ જેવી વાર્તાઓનો અખૂટ ખજાનો ઉઘાડ્યો. "જો ફળી," અથવા જો "સુકુલ, એક વાર કની મોટી બ્હેને મને ફલાણી વાત કહી," એટલું માથું બાંધીને કહેવા માંડે, એટલે બંનેનું મન તુરત ગમે તે વાત કે વાર્તા કે ટુચકો હોય, તે સાંભળવા તરફ વળે જ, અને મસ્તી, તોફાન, રાડ, રાવ, દુઃખ બધું જ ક્યાંય ઉડી જાય. મોડી રાતે ય કોઈ કોઈ વાર માસી કે તેનો વર જાગતાં ત્યારે આ નમાયાં છોકરાંની ઊંઘની લવરીમાં પણ, "પછી, વ્હાલી માસી, બાએ શું કહ્યું?" એવા જ કંઈ બોલ તેમના સાંભળવામાં આવે.

× × ×

એક દિવસ ન્હાનાકાકા મુકુલ અને કળીને પાછા ઘેર લઈ આવ્યા. પરસાળનું પગથિયું ચ્હડતાં ડોશીમાએ મુકુલને તેડી લઈ બચ્ચી કરી, ત્યાં મુકુલે આંગળી લાંબી કરીને પૂછ્યું, "મા, આ કોણ છે?" "આવો મુકુલ, આવો કળી," કહેતી તે સામે આવી. તેનો ઉમળકો આ બાળકો સહી ગયાં ખરાં, પણ એમના લોહીમાંથી સામો ઉમળકો ઉછળ્યો નહીં. બે ચાર દિવસ થયા ને બંનેને નિશાળે મૂક્યાં. નિશાળની રમતગમત, નિશાળનાં કામકાજ, નિશાળનાં ભાઈબંધ બ્હેનપણીઓમાં એમનો ઘણો વખત જવા લાગ્યો. પણ તો યે બાકીનો વખત તેઓ એક બીજા સાથે, કે ડોસીમાની સોડે, કે ન્હાનાકાકાનાં ચાવીવાળાં ઇંજિનો અને ટીખળોની ધમાચકડીમાં ગાળવા લાગ્યાં. બપોરના લાંબા ગાળામાં છૂટાં હોય ત્યારે તેઓ માસીને ત્યાં જતાં રહેતાં, કે ડોસીમાને કૃષ્ણલીલામૃત, એક ઇંચિયા અક્ષરોમાં છાપેલો ગિરિધરકૃત, વિષ્ણુપુરાણ, કે એવો કોઈ મોટો ચોપડો બેસણી ઉપર બરાબર ગોઠવીને "મો-ર-લી વા-ગે તે મ-ધુ-વં-ન-માં રે" એમ અક્ષરે અક્ષર છૂટો ચીપી ચીપીને વાંચી સંભળાવતાં. ઘડી મુકુલ વાંચે ને ઘડી કળી વાંચે. કળીએ અગિયારસ અને અખારી ચોથનાં વ્રત કરવા માંડ્યાં હતાં, અને એવો દિવસ હોય ત્યારે તો વાંચવાનો હક કળીનો ગણાતો.

૨

એક શનિવારે નિશાળમાં વર્ગ શરૂ થયા ને મુકુલની જોડેના છોકરાએ કંઈ અટકચાળું કર્યું, અને મુકુલથી ન રહેવાયું. તે ખડખડ હસી પડ્યો. શિક્ષક તડૂક્યાઃ "કોણ હસ્યું એ?" મુકુલ ઉભો થયો. "આમ આવ!" મુકુલ ગયો. શિક્ષક હતા ચોવીસના, મુકુલને આઠમું જતું હતું. પણ આંખ શિક્ષકની આંખની સામે જ રાખીને એ આવ્યો, અને શિક્ષકની આંખથી તે સ્હેવાઈ નહીં. અવાજ કડક થયોઃ "કેમ હસ્યો અત્યાર?" બીજા છોકરા આવા પ્રસંગે કેમ વર્તતા તે મુકુલે જોયેલું જ નહીં. બાળકની હિંમતને દાબી દેવામાં ગુરુપણું નથી, હીચકારાપણું છે, એ શિક્ષકને ખબર જ નહીં. વર્ગમાં છોકરાઓને શાંત અને ચાલતા વિષયમાં ધ્યાન આપતા ગમે તે પ્રકારે રાખવા જોઈએ, એટલુંજ તે

[illegible]

"શું! [illegible] નથી [illegible]?"... [illegible] સપાટાક [illegible] દીધી. [illegible] ને ફરી [illegible] લીધાં. [illegible] નહીં. "[illegible]! [illegible] કોનો કહું?"—ફરતાં તમાચો પણ [illegible] બાળક [illegible] ઠેકરને વળગી રહ્યા.

શિક્ષકે તેને પાણીના નળ આગળ લઈ જઈને ધોઈ [illegible]. બંડી ઉપરના ડાઘ ધોઈ આપ્યા, પાણી પાઈ છાનો રાખ્યો, અને પોતાના રૂમાલથી તેનાં આંખ મોં લૂછ્યાં. પરંતુ એની હિંમતની તેમને કદર હતી જ નહીં, વળી હવે તો આટલી સેવા એની કરી તે એણે ગુન્હો જાણવો જોઈએ એમ પણ માની લીધું, અને ફરી પૂછવા લાગ્યા. મુકુલ ડગ્યો જ નહીં શિક્ષક કહે, "હજુ નથી માનતો તો જા ઘરે, આજનો દિવસ ત્હને વર્ગમાંથી કહાડી મુકું છું. આજે જ હું વર્ગનો વિષય પૂરો થતાં ગુનેહગારને પકડી કહાડીશ; પણ તું જ સૌથી વધારે વાંકમાં હઈશ, તો ત્હને વધુ શિક્ષા નિશાળના મુખ્ય શિક્ષક સોમવારે કરશે." મુકુલને ખબર નહીં કે આવા પ્રસંગમાં તેણે જ તુર્ત જ મુખ્ય શિક્ષક પાસે ફરિયાદ કરવા જવું જોઈતું હતું. એના મનમાં એટલું જ બેસી ગયું હતું કે અટક-

… કહ્યુ તે પેલાનો વાંક ભાગે, પણ હતી પાયો હું ને ક એનો વાંક ! … મ્હારાથી હતી પડાયું તેમાં મ્હારો પણ શો વાંક ! આપામાં એક … ણું પડી રહ્યું હતું ત્યાં કંઈક ભાગતું પણ હતું અને પોતાને વગર … આમ મ્હાડી મારો ને બહુ લાગ્યું. ફરીને રાતું ઉંક એવું મૂકી … યું. પણ ને એણે દાબી દીધું, અને ભણે કંઈ જ પરવા ન હોય એમ … ની જગાએ આવી દફતર પાટી ઉપાડી લઈ શિક્ષકને સલામ ભરી … ો થયો. રસ્તે ભાગનું આવતું રોક્યું, પણ ભાગી ઊઠ રસોડામાં તે … ાયું નહીં, એટલે થોડી વારમાં જ—ઉશ્કેરાયલો રોવાથી હંફાતો ગયો, આવ્યો ઘેર.

આજે રસોઈ ડોસીને કરવાની હતી, ને પણ રસોડામાં હતાં. ન્હાના- … હજુ હાઈસ્કૂલમાં હતા, હસી તેની નિશાળે હતી. પરસાળમાં બાપા … કે છાપું વાંચતા હતા. મુકુલ પગથિયું ચ્હડી થાંભલે અઢેલીને ઉભો. … પાસે જવાની ને છૂટથી બોલવાની ટેવ નહીં. ઉશ્કેરાયલો હતો, … માં દુઃખતું હતું, તેમાં આમને શું કહું ? કેમ કહું ?—એ ગભરામણ … ભણી, અને એણે રડી દીધું. "કોણ-મુકુલ ! અત્યારે ક્યાંથી ! … ળે હજુ ગયો જ નથી કે શું !" આ નવું—વધારે ખોટું—આળ આવતાં … થાંભલે સરી બેસી જ ગયો, અને "મા, મા, બહુ દુઃખે છે રે !" … મોટેથી રોવા લાગ્યો.

બાપા હીંચકેથી ઉઠયા એમને કોણ જાણે કેમ ઢોંગનો જ વ્હેમ … યો. પાસે આવતા ધમકાવતા બોલ્યા : "બોલ, બોલ, રડે છ શેનો ! … ળે નથી ગયો !" મુકુલ માથું બે હાથ નીચે ઘાલી મોટાં ડુસકાં વચ્ચે … હુ દુઃખે છે રે !" એમ બોલતો હતો. બાપાએ હાથ ખેંચ્યો અને ફરી "નિશાળે નથી જવું ! જવું જ પડશે !" મુકુલ ઉભો થતાં દુઃખતું'તું … ઉપર બીજો હાથ ઢાંકી ત્રુટક બોલવા લાગ્યો : "ગયો'તો, બાપા, … શિક્ષક ગુસ્સે થયા ને મને માર્યો તે દુઃખે છે રે, અરર, બહુ દુઃખે … !" હજુયે બાપાને શું દુ.ખે છે તે તપાસ કરવાનું સુઝયું નહીં. તે "વાંક વગર મારે ? ત્હારો જ કંઈ વાંક હશે. પણ તું અહીં કેમ … ી આવ્યો !" ડોસી રસોડામાંથી હાથ ધોઈને આવ્યાં. તે કહે, "બંડી … ી નાખ, હું ન્હાયલી છું, ને આમ આવ જોઉં શું દુઃખે છે ?"

પોચા દિલનાં બૈરાં છોકરાંનું ઉપરાણું લે તેની બાપાને ચીડ હતી. તે બોલ્યા, "દુઃખે શેનું, બા? એ તો ન્હાસી આવ્યો છે, તે ઢોંગ કરે છે.–બોલ રે લુચ્ચા, ન્હાસી કેમ આવ્યો?"

સુકુલ ડુસકાં ખાતો હતો તેથી શિક્ષકે ધોલ મારેલી ત્યાં શૂળ પણ થવા લાગી. તે પાછો બેસી જવા ઇચ્છતો હતો. બાપાએ કાંડું ઝાલેલું તેમના હાથ ઉપર પોતાનો ન્હાનો હાથ મુકી, હતી એટલી શક્તિ ભેગી કરીને તેણે જવાબ દીધો: ન્હાસી નથી આવ્યો, શિક્ષકે જ કહા–કહા–ક્હાડી મુક્યો." એટલું મહાપ્રયત્ને બોલતાં જ તે હાથ છોડાવીને બેસવા ગયો. ત્યાં બાપાએ તેને છોડી દીધો તે આંચકો વાગ્યો, કે હાથ મુકતાં તેમણે ધક્કો પણ માર્યો, કે મુકુલ જ બેસતાં લથડ્યો, એ કાંઇ સમજાયું નહીં. અને થયું એવું કે બેસી જવા જતાં એ પડી ગયો. જ્યાં વાગ્યું હતું ત્યાં જ ફરીને કુંભીની ધાર વાગી, બોચી પગથિયાના પત્થરમાં અફળાઈ, અને એ ચોકમાં ઢગલો થઈને પડ્યો, તથા એ બેભાન લોથ જેવા શરીરના માથામાંથી એ ઠેકાણેથી લોહીની ધારા ચાલી.

ડોસી ન્હાયલાં રહેવું હતું તે ભુલી ગઈ. મુકુલને પોતાના ખોળામાં લઈ લીધો. બાપાની ચીડ પણ શરમ અને ભયના બેવડા ભારથી મરી જ ગઈ.

પાસે જ મોટા રસ્તા ઉપર એક દાક્તરનું દવાખાનું હતું. દાક્તર ઘેરથી ચાલ્યો આવીને પોતાને ટેબલે બેસવા જાય છે ત્યાં જ મુકુલના બાપા એને મરણતોલ છોકરા પાસે તેડી લાવ્યા. લોહી વ્હેતું બંધ પાડી, બધું ધોઈ, કાન પણ એણે તપાસ્યા. એક કાનમાંથી સ્હેજ લોહી નીકળ્યું હતું તે પણ ધોઈ નાખી, પાટા તૈયાર કરતાં કરતાં બેચાર સવાલ પૂછ્યા. બાબરીમાં પડેલો (શિક્ષકની આંગળીનો) સોળ બતાવ્યો. ત્યારે બાપાએ કહ્યું, "શિક્ષકે માર્યો અને ક્હાડી મુક્યો એમ કહેતો હતો." "પછી તે ઉપર બીજી વાર આ ત્હમે માર્યો?" ડોસી કહે, "ના, ના. થાંભલે ઉભો ઉભો થાકી ગયો, માથાની શૂળ પણ સ્હેવાઈ નહી; અને બેસવા જતાં તંમર આવી તેથી આ કુમ્ભીની કોર પેસી ગઈ, અને આ પગથિયે અફળાઈને પડ્યો." "બરાબર" દાક્તરે કુમ્ભીની કોર ઉપર આંગળી ફેરવીને સુંધી જોઈ, માથાનો તે ભાગ ફરીને સાફ કરી ત્યાં ભૂકી છાંટી,

અને પછી દાંત ખોલી નાક બંધ કરી સુકુલના કોઠામાં દવા ઉતારી દીધી, તે પછી પાટા બાંધ્યા અને પથારીમાં બરાબર ગોઠવીને સુવાડ્યો. બરફ વગેરેની સૂચના કરીને ઉઠ્યો. ડોસી પૂછે, "આમ અવાચક ક્યાં સુધી રહેશે?" દાક્તર ગંભીર થઈ ગયો, "ચાર પાંચ મિનિટમાં જ હું આવી પહોંચ્યો એટલું બહુ જ સારું થયું છે. પણ ડોસીમા, સાંજે હું પાછો આવીશ ત્યારે કહી શકીશ. હમણાં તો શું કહું? સાંજ પ્હેલાં પણ જો તાવ આવ્યો લાગે તો તુરત મ્હને બોલાવજો. સાડા અગિયાર સુધી તો દુકાને જ છું."

૩

સાંજે દાક્તર પાછો આવ્યો ત્યારે સુકુલ એને એ સ્થિતિમાં હતો. હાલ્યો સરખો ન્હોતો. દાક્તરે નાડી અને શ્વાસ તપાસી જોયાં, અને આનંદમાં આવી ગયો. "ડોસીમા, તમારાં પુણ્ય બહુ જબરાં છે. હવે તાવ કદાચ ને આવે તો ય ચિંતા નહીં. આવી મરણતોલ ઈજા થઈ છે, પણ આ ફૂલ જેવી કાયામાં કુદરત સો યે સો વસા પોતાની અજબ શક્તિઓ અજમાવી રહી છે." ડોસી કહે છે, "હા બાપ, હું પણ જોઈ રહી છું. રામ રાખે તેનો વાળ પણ વાંકો થતો નથી. મૂર્છા વળી ગઈ છે, હવે તો મહા નિદ્રામાં જ છે." દાક્તરે સુકુલને તળિયે સ્હેજ પીછું અડકાડી જોયું. પગ આપોઆપ જરા હાલ્યો. બીજી વાર જોયું: ખાતરી થઈ. "ખરી વાત, માજી, આમ ક્યારથી હશે?" ડોસી કહે, "ચાર વાગ્યા સુધી ચ્હેરા ઉપર ઝાંખ હતી, હવે પાછું આખે શરીરે એનું પૂરું તેજ આવી ગયું છે." માની પણ પાસે બેઠી હતી. તેણે પૂછ્યું, "બે ચમચા દૂધ રેડીશું?" દાક્તરે મોઢું, લમણાંઓ અને પેટ ધારી ધારીને અને આંગળી દાબી દાબીને જોયાં. પછી કહે, "જરૂર જણાય છે ખરી, પણ ઉભાં રહો, હું દવા લઈ આવું."

× × × ×

શુદ એકાદશીની રાત હતી. ચન્દ્રના અર્ધથી મોટેરા બિંબનું અજવાળું બરાબર સુકુલના મ્હો ઉપર પડતું હતું ડોસી પાસે જ ઢોલીયા ઉપર જરા આડી થઈ હતી. માની બેઠી હતી. બીજી બાજુ હજી પણ એક ઊંઘ કહાડી આવીને બેઠી હતી. નવી અસ્પૃશ્ય હોવાથી ઢીંચણે પહેરી જરા જરા

ઘોરતી હતી; પણ એ નિયમિત અને અતિ નાજુક ઘોરણ શાંતિની મધુરતામાં કંઈક ભાત જ પાડતું હતું. ત્યાં ફળીએ જોયું અને સાંભળ્યું; માસીએ પણ.

રાતની શાંતિ બધે જામી ત્યાં મુકુલને સ્વપ્ન શરૂ થયું હતું. પાંચ-પંદર છોકરાઓ સાથે એ ખેલતો હતો, ત્યાં જાણે એનો પગ સર્યો. થોડે સુધી ઘાસમાંથી જ સરતો સરતો એ ઉભો થવા ગયો ત્યાં એકદમ ધાર ઉપરથી જઈ પડ્યો ઝાડીમાં. પણ પડતાં પડતાં એક આંબાના ઘુમટમાં ઝીલાઈ ગયો. એના આઘાતથી બેચાર ઝીણી ડાળીઓ ભાંગી હશે, પણ એક મોટી ડાળ એના હાથમાં આવી ગઈ, જે ઝાલીને તે એના ઉપર ચ્હડી બેઠો. જુએ છે તો ચોતરફ ઝાડ જ ઝાડ. પણ તેમનાં બધાં ડાળ પાંદડાં પારદર્શક, એટલે ખુલ્લી જગા હોય એમ તે બધું જોઈ શક્તો. જે ડાળીએ તે બેઠો હતો તેને એક અશોકની ડાળ અડકતી હતી. મુકુલ આંબેથી અશોક ઉપર ગયો, અને ત્યાંથી જાંબુડા, આમલી, કોઠી, બીલી બકુલ એમ પંદર વીસ ઝાડ ઉપર થઈને તે એક નવા જ ઝાડ ઉપર આવ્યો. તેની ડાળો શેલડીના અતિશય જાડા સાંઠા જેવી હતી અને પાંદડાંને ઠેકાણે તેને ફુલો હતાં. પાંદડાં કે ફુલ તોડીને લેતાં હાથમાં ગોળ ફળ જેવાં થઈ જતાં, અને દડા જેટલાં મોટાં પણ સ્વાદમાં શેતૂર જેવાં લાગતાં. મુકુલ આ વીસ શેતૂરો મળીને એક થયું હોય એવું અને વળી ગોળ ઘાટનું, જોતાં પાંદડું, અડતાં ફુલ, અને ખાતાં ફળ, તેને ખાવા લાગ્યો. તોડતો જાય અને ખાતો જાય! ખાતાં ધરાયો ત્યાં એણે એક ન્હાની ડાળખી તોડી તોડીને ચૂસી, પાતળી કાતળીઓ ચૂસતો જ ગયો, તેનો રસ એને શેલડીના રસ જેવો લાગ્યો. કોણ જાણે કેટલી ડાળખીઓ ચૂસી હશે. પછી એને તરસ લાગી. નીચે આઘે એક વ્હેળિયું ખળખળ વહી રહ્યું હતું. અને તેની વચ્ચે એક ગોળાકાર કુંડ જેવું દેખાતું હતું. એ કુંડના પાણીમાં જાણે ચંદ્ર પોતાનું મોં જોઈ-ધોઈ રહ્યો હતો. અને તેમાં વચ્ચેથી-ચંદ્ર પ્રતિબિમ્બના મૃગલાંછનમાંથી-એક એકલનાળ એકલફુલ પોયણું ઉગ્યું હતું. ઝરણાના બાલ ધક્કાથી નાળ ભાંગી પડે એટલી બધી નાજુક હોવાથી તેના રક્ષણને માટે જ જાણે આસપાસ આલવાલ-કુંડ-રચવામાં આવ્યો હોય એમ લાગતું હતું. ડાળે બેઠેલા મુકુલની નજર એ ચંદ્ર-મૂલ એકલનાળ

એકલફુલ પોયણી ઉપર ઢળી જ ગઈ. ને ફુલમાંથી જાણે મુકુમારનિગ્રહમ રશ્મિતનુ નીકળી લાંબા થતા એની પાંખડીઓએ વળગ્યા. અને તંતુઓનો એકાદ્યો તે ધીમે ધીમે ઝાડ પરથી ભરી પડ્યો, ધીમે ધીમે ઝરણુ પાસે આવ્યો, ધીમે ધીમે ઝરણનાં ચળકતાં પાણી ઉછાળનો ચાલવા લાગ્યો, ધીમે ધીમે કુંડને કાંઠે આવી ઉભો. ત્યાં એ એકલનાળ પોયણી હાલી, દોરી–જાણે એને એક ડગલું પણ આગળ ભરવાની મના કરતી હોય એમ. મુકુલે આજ્ઞા માની અને એ ઝરણના વદનમાં જાને પગ જરા આઘા રેતી ટટ્ટાર ઉભો. ત્યાં એક કૌતુક થયું. નાળ થોડીક કુંડના પાણીમાં ઉતરી ગઈ, અને મુકુલ તરફ વળી, લળી પોતાના ફુલને બરાબર મુકુલના મુખની સામે લાવી રહી. રશ્મિતનુઓ ઉંચા ફુવારા પેઠે ઉછળ્યા, અને તેમનું ગોળ પરિમંડળ રચાયું તે વચ્ચે ફુલ અને મુકુલનું મુખ આવી જતાં મુકુલની આંખ નવી શક્તિથી ચમકવા લાગી, અને પોયણીના ઉત્તમાંગ ફુલને તેણે પોતાની આનું મુખ જ જોયું, પોતાની ઘણા સમયથી વિખુટી પડેલી બા જ જોઈ, પવિત્ર, શાંત, હેત અને સ્મિતની તેજોમય મૂર્તિ. મુકુલે તેનાં પોપચાં ઉપર ચુમી લીધી. બીજી લીધી. ફુલે મુકુલના કપાળ ઉપર મધ્ય ભાગે ચૂમી કરી. પછી તેના માથામાં બે ઠેકાણે ઘા હતા તેને એ ફુલ જરાક અડક્યું. એ ચુમી અને સ્પર્શસુખથી મુકુલની રગેરગમાં અમી રેડાયું. તેના મુખ ઉપર તેની આખી કાયા ઉપર અલૌકિક સ્મિતનાં કિરણ ફુવારાની ધારાઓ પેઠે ફરફરી રહ્યાં. અને તેના આત્માના ઉંડાણમાંથી મીઠો, મૃદુ, મંજુલ સ્વર નીકળ્યો. "બા, ત્રીજી ચૂમી લઉં ?"

ફઈએ અને માસીએ નિદ્રાવસ્થ બાળકની પથારી આગળ બેઠાં મધરાતના શાંતિસાગરમાં એ જોયુ. એ સાંભળ્યું. માસીએ ફઈ સામે જોઈને પોતાના હોઠ ઉપર આંગળી મુકી. ફઈને એવી સંજ્ઞાની જરૂર જ ન હતી. પરંતુ બેમાંથી એકે બીજું કંઈ પણ જોવા સાંભળવા પામ્યાં જ નહીં.

એકલનાળે પોતાના ફુલને પાછું ખેંચ્યું. ફુલ અને મુખની આસપાસનો રશ્મિગોળ આછો થયો, પણ તે વેરાતા પહેલાં ફુલની પાંદડીઓમાંથી મુકુલને જવાબ મળ્યો. "ના, બેટા, કુંડમાં પડ્યા પછી જ ત્રીજી ચુમી લેવાય, અને હારે કુંડમાં પડવાને વાર છે. હજુ હારે મોટા થઈ હારા

બાપાની, ફળીની અને ત્હારી નવી બાની સેવા કરવાની છે; એ સેવા માટે કરવાની અધૂરી મુકીને હું અહીં આવતી રહી છું તે. જા બેટા, પામ મ્હારા આશીર્વાદ."

મુકુલ સાંભળી જ રહ્યો. તેને જરા પણ દુઃખ કે ગ્લાનિ થઈ નહીં. રશ્મિ મંડલ ઉકલી રહેતાં તેનાં પોપચાં ઢળી ગયાં અને તે ગાઢ નિદ્રામાં પડયો.

× × ×

સ્હવારે પાછા દાક્તર આવ્યા. માસી કહે, "પાટા ઉખેડી જોશો? ઘા રૂઝાવાની તૈયારી હશે." "વાહ રે, બ્હેન, ત્હમારા મોંમાં સાકર. પણ તમે બહુ જ આશાવાદી છો. અમારો અનુભવ તો એમ કહે છે કે બહુ ઉતાવળ કરવા જાય તે પાછો પડે." પરંતુ પછી દાક્તરને દર્દીની હાલત જોતાં એટલો તો સુધારો લાગ્યો કે તેમણે પાટા ઉખેડ્યા જ. ખોપરી આગળનો ભાગ હજુ છેક જ પોચો હતો. ફરી પાટા બાંધે છે એટલામાં તેની ખેંચથી મુકુલે આંખ ઉઘાડી, અને બોલ્યો, "મા, મ્હને પાણી પાવ." ત્યાં એણે માસીને જોઈ અને તેની તરફ પાસું ફેરવવા ગયો. દાક્તરે તેને સંભાળીને પાસું ફેરવાવ્યું. ડોસીમા વ્હેલાં વ્હેલાં દૂધ લાવ્યાં તે દાક્તરે બહુ જ થોડે થોડે પાયું. પછી મુકુલ બેઠો થવા જતો હતો, તે ન થવા દેતાં એને પાછો તકિયા વગેરે બરાબર ગોઠવીને સુવાડ્યો. મુકુલ સૂતો અને સૌ સાંભળે એમ બોલ્યો, "બાપા, બા કહે છે મ્હારે ત્હમારી, ફળીની, અને નવી બાની સેવા કરવી. શી સેવા કરું?" બાપાની આંખમાંથી બોર જેવાં બે આંસુ પડ્યાં. માસી અને દાક્તરે સાથે જ જવાબ દીધો: "આ ઘડીની સેવા એ જ કે પાછો ઊંઘી જા."

× × ×

પૂનમ સુધીમાં મુકુલ સાવ સાજો થઈ ગયો અને નિશાળે જવા લાગ્યો. પોતાના સ્વપ્નની વાત એણે કહી તો બે જ જણને, પણ તેના જ સંસ્કાર એનું આખું જીવન અને ચારિત્ર્ય ઘડવામાં મોટું બળ નીવડ્યા.

(દર્શનિયું)

"હુસેનભાઈ, સ્ટીમ વધી ગઈ છે." ફાયરમેન ફરીથી હિમ્મત કરી બોલ્યો, અને વધુમાં તેણે ઉમેર્યું, "સ્ટીમ છોડું?"

હુસેનને ભાન આવ્યું કે સ્ટીમ ખૂબ વધી ગઈ છે, અને સેઈફ્ટી વાલ્વ તો ક્યારનો ભયંકર અવાજ કરી રહ્યો છે. તેણે તરત જ ફાયરમેનને સ્ટીમ ઓછી કરવા કહ્યું.

ફરીથી તે વિચારે ચડયો. આગગાડી આગળ ધપ્યે જ જતી હતી. ફાયરમેન વરાળ છોડવામાં અને આગ ઓછી કરવાના કામમાં પડ્યા. હુસેન સામે દૂર દૂર સુધી શૂન્ય દૃષ્ટિ નાખતો બેઠો. સિગ્નલની લાલ બત્તી તેણે દૂરથી જોઈ. પણ તેને ખ્યાલ રહ્યો હતો નહિ કે તેણે ગાડી અટકાવવી જોઈએ. તેને તો તે લાલ બત્તી જોતાં જાણે તાવથી પોતાના બાળકની આંખ લાલ અંગારા જેવી બની ગઈ હોય એમ લાગ્યું. અપાર વેદના સાથે તે તે બત્તી તરફ જોઈ રહ્યો. અન્તર સપાટાભેર કપાતું જતું હતું. એન્જિન જાણે નિરંકુશ બની પોતાનો સુકાની ગફલતમાં રહ્યો છે તેથી જાણે ઘોર અટ્ટહાસ્ય કરી ધસ્યે જતું હતુ. બે ફર્લાંગ, એક ફર્લાંગ, અર્ધો ફર્લાંગ—હુસેન એકદમ ચમકયો. તેને એકાએક ખ્યાલ આવ્યો કે સિગ્નલ આપવામાં નથી આવ્યો. તેની છાતી ધ્રુજી ઉઠી પાસેના પાટા ઉપર તેણે એક બીજી ગાડી ઉભેલી જોઈ. પોતાનું બધું જોર વાપરી તેણે બ્રેક દબાવી, પણ ગાડી અટકે તે પહેલાં તો તે બીજા પાટા પર ચડી ગઈ હતી. હુસેનને અંધારાં આવ્યાં તેણે એ ભયંકર દૃશ્ય નજર સમીપથી ટાળવા આંખ મીંચી દીધી. ક્ષણમાં તો એક મોટા ધડાકા સાથે પોતે હતો ન હતો થઈ જશે એમ તેને ખાતરી હતી. પણ તે આપત્તિમાંથી તે બચ્યો. માત્ર દસ ફુટ જ જો સામેના પાટા ઉપરની ગાડી આગળ ઉભી હોત તો અકસ્માત જરૂર થાત. પણ મુંઝાં ખાતા કોઈ માનવીની જેમ હુસેનનું એન્જિન સામા પાટા પર ધસી જઈ પેલા ગાડીથી પાંચ ફુટને અન્તરે આવી થંભી ગયુ. અકસ્માત અટક્યો, પણ હુસેનના માથા પરની વિપત્તિ દૂર ન થઈ. સ્ટેશન પર તેનો જવાબ લેવાયો. તેને કામ પરથી ઉતારી તેની જગાએ બીજો ડ્રાઈવર મૂકવામાં આવ્યો અને ફરજમાં આવી બેદરકારીની સજા તેને ખાતા તરફથી કરવી કે અદાલતદ્વારા તેનો ન્યાય

ઠરાવવો, તે માટે ઉપરી અધિકારીનો નિર્ણય ન આવે ત્યાં સુધી તે સ્ટેશનની પોલીસના કબજામાં તેને રાખવાનું હતું. આ આજ્ઞાથી હુસેન ગાંડા જેવો થઈ ગયો. તેને ખાતરી થઈ ગઈ કે પોતાના પુત્રનું મોં જોવા તે હવે નહિ પામે. પોતે જો તેની નજીક હોત તો જરૂર કોઈ ને કોઈ ઉપાયે તેને બચાવી શકાત: પણ સાહેબે રજા ન આપી એટલે પોતાના છોકરાને આમ અકાળે મરવાનું આવ્યું. સાહેબનો વિચાર આવતાં તેના મનમાં એક ખ્યાલ આવ્યો: એ સાહેબ જ પોતાના છોકરાનો ખૂની છે! હુસેનનો આખો પ્રાણ સાહેબ પ્રત્યે વેરથી, તિરસ્કારથી, ઘૃણાથી જાગી ઉઠ્યો. તેણે તેને અનેક શાપ આપ્યા. ખુદા એનો બદલો જરૂર તેને આપશે, એમ તે મનમાં ને મનમાં બોલવા મંડ્યો. સ્ટેશન પાસેના લોકઅપમાં આમ હુસેનનું એક અઠવાડિયું વીતી ગયું. તેમાં એને સમાચાર મળ્યા કે તેનો પુત્ર ગુજરી ગયો હુસેનને એ ઘા અસહ્ય થઈ પડ્યો. તેને જીવનમાં હવે કોઈ રસ રહ્યો નહિ.

દસ દિવસ પછી ઉપરી અમલદારનો હુકમ આવ્યો કે હુસેનને એની ગફલત બદલ નોકરીમાંથી રજા આપવી એટલી સજા પૂરતી છે. હુસેનના માથા ઉપર એક સાથે અનેક ઘા આવી પડ્યા. જે વડે એને જીવનનો અર્થ લાગતો હતો, જે એની જીવનદોરીરૂપ હતું તે બધું આજે તૂટી ગયું. હુસેને પોતાના ઉરમાં કોઈ દિવસ કોઈ અસાધારણ મહત્વાકાંક્ષા સેવી ન હતી તે જ્યારે ફાયરમેન હતો ત્યારે પણ તેને પોતાનું જીવન ભર્યું ભર્યું લાગતું. તેના યૌવનમાં તેની પ્રેરણામૂર્તિઓ બે હતી. એક આંખોના નૂર જેવી તેની અયેશા અને બીજું તેનું એન્જિન. અયેશાની આંખમાં પોતાનું પ્રતિબિંબ જોતાં તે કદી થાકતો નહિ. એન્જિનનું ઘોર સંગીત સાંભળતાં તે કદી કંટાળતો નહિ. અને પોતાના એ બે પ્રિય જીવનસાથીઓમાં જ્યારે અબ્દુલ્લા આવી મળ્યો ત્યારે તો તેને જગત ઉપર સ્વર્ગ જ ઉતર્યું ભાસ્યું. પણ એક દિવસ અચાનક અયેશા માંદી પડી ગઈ, અને ખુદાએ તેને તેની પાસેથી છીનવી લીધી. હુસેનને એ ઘા અસહ્ય હતો; પણ અબ્દુલ્લા અને એન્જિને તેની જિજીવિષાને અખંડિત રાખી. એ બેને લીધે પોતાનું જીવન હેતુપૂર્ણ છે એમ હુસેનને લાગતું. પણ આજે

એકાએક એ બન્નેએ તેને તજી દીધો. હવે એને માટે જીવનમાં શું રહ્યું! હુસેનને પોતાની જિંદગી એક બારરૂપ લાગી. આજ એ કોઈના પણ ઉપયોગનો રહ્યો ન હતો. તેને માટે સહાનુભૂતિનાં આંસુ સારનાર કોઈ પણ રહ્યું ન હતું, તેમ જેને 'મારું' કહી શકાય, જેને માટે જીવનમાં સર્વ સુખો જતાં કરવાનું મન થાય એવું પણ કોઈ તેને માટે જગતમાં રહ્યું નહિ. આ બીજાણ નીરસ જીવન કરતાં તો મોતની નિર્વિકલ્પ સમાધિ અનેકગણી સારી. હુસેન મોતને કાજે ઝંખવા મંડ્યો. પણ એકાએક તેના મનમાં એક ચમકારો થયો. પોતાના જીવનમાં એક નવો હેતુ આવતો તેને દેખાયો. એ હેતુનું ભાન થતાં તેણે મોતનો વિચાર પડતો મૂક્યો. પોતાની આવી અવદશા કરનાર સાહેબને સુખમાં મહાલતો મૂકી પોતે આ જગતને છેલ્લી સલામ કેમ કરી શકે? પણ આ બાબ હુસેનના મનમાં તદ્દન નવો હતો. તેણે જીવનભર કોઈનું અકલ્યાણ કર્યું ન હતું. કોઈનું અમંગળ ઇચ્છયું ન હતું: એટલે આજે સાહેબનું અમંગળ ઇચ્છતાં તેનું હૃદય ધ્રૂજ્યું. 'હું શા માટે કાજી થઈ બેઠું! ખુદાના કરતાં મારામાં વધુ ડહાપણ છે શું?' એમ તેણે પોતાના મનનું સમાધાન કરવા માંડ્યું. પણ અબ્દુલ્લાનું અકાળ કરુણ અવસાન તેને યાદ આવ્યું. દૂરથી વિરહની વેદનાની એક કારમી ચીસ જેવી એન્જિનની સિસોટી તેના કાન પર પડી. 'એ સાહેબને સજા તો થવી જ જોઈએ'—હુસેનના મને દૃઢ નિશ્ચય કર્યો.


× × ×

સાહેબની મડમે એક બે વખત સાહેબને કહ્યું હતું કે કોઈ એક પાગલ જેવો મુસલમાન વારંવાર તેમના બંગલાની આસપાસ આંટા માર્યા કરે છે. તેને જોતાં તેને બીક લાગતી હતી. એથી મડમ સાહેબ ઇચ્છતાં હતાં કે કાં તો તેને ત્યાંથી હાંકી કાઢવો અથવા તો તેને પોલીસને સોંપી દેવો. પણ સાહેબે મેમ સાહેબની એ વાતને હસી કાઢી હતી. એ પાગલ હુસેન શું કરી શકવાનો હતો? ભલેને એ ગમે તેમ આંટા માર્યા કરતો. હુસેન સાચે જ શૂન્યમનસ્કની જેમ સાહેબના બંગલાની આસપાસ વારંવાર આંટા માર્યા કરતો. તેના જીવનમાં હવે બેત્રણ વસ્તુ જ રહી હતી; અબ્દુલ્લાની નાનકડી કબર પાસે જવું, તેના પર દીવો જલાવવો, તે પર

આંસુનાં કુસુમ વેર્યાં, હેલને લાર્ડન સામે બેસી પોતાના ઉરની વાત જાણે કે પોતાના ચિરસાથી ઍડ્વિનને સંભળાવવા મથતું, અને સાહેબના બંગલાની આસપાસ ફરી પોતાની આગની જ્વાળામાં સાહેબના સર્વ સુખ બળીને ભસ્મ થઈ જાય એવી ઇચ્છા સેવતી. અગાઉની તેના મુખ ઉપરની સંતોષ અને શાંતિની રેખાને બદલે વિષાદ, મ્લાનતા અને ઘૃણાની રેખા પ્રગટી હતી. ક્વચિત્ ક્વચિત્ તેની આંખમાંથી તણખા ઝરતા, અને જાણે તે જગતનો પ્રલય કરી દેશે એમ લાગતું.

એક દિવસ રાત્રે લગભગ નવેક વાગ્યે તે સાહેબના બંગલાની આસપાસ આંટા મારી રહ્યો હતો. તેના પ્રાણમાં આજ ક્રોધની જ્વાળા ભભૂકતી હતી. અબ્દુલ્લાનો ખૂની પોતાનાથી થોડા જ અન્તરે આરામથી ઊંઘે છે, અને પોતે આમ રસ્તાનો ભિખારી બની રખડે છે, એ વિચારે તેને અશાન્ત બનાવ્યો. ખુદા ઉપરની તેની શ્રદ્ધા ડગી. ખુદા છે જ નહિ; અને જો છે તો તેના દિલમાં દયા નથી; એવા બેરહમ ખુદા ઉપર શ્રદ્ધા રાખવાથી શું? હુસેને આજ નિશ્ચય કર્યો કે ખુદા ઉપર ભરોસો રાખી બેસી રહેવા કરતાં પોતે જ સાહેબનાં કુકૃત્યનો ન્યાય તોળી દેવો. તેણે પોતાનું હૃદય દૃઢ કર્યું. આજ મધરાત પછી તક જોઈ સાહેબને તેનાં કર્મોનો બદલો આપવો જ.

એટલામાં તેની આંખ ચમકી. સામે સાહેબના બંગલામાંથી જાણે ક્રોધની લાલ ભયંકર આંખ ઉઘડતી હોય એવો પ્રકાશ દેખાયો. જરાવારમાં તો ધૂમાડાનાં ભયંકર વાદળોથી વિંટાયેલી અનેક નાગિણી જેવી પ્રચંડ જ્વાળાઓ સિત્કાર કરતી, હુંહુંકાર કરતી, આકાશમાં પોતાની અનેક ફેણ પ્રસારી તાંડવ કરવા મંડી. પવન પણ ગાંડો બની તોફાને ચડયો: પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ સર્વ બાજુએ જ્વાળાઓ ફેલાઈ વળી ઝાડો પણ જાણે સળગી ઉઠયાં. હુસેનના મુખમાંથી આનંદના ઉદ્‌ગાર નીકળી ગયા: "વાહ, ખુદા! તું સાચે ન્યાયી છે – રહેમદિલ છે." એવામાં તેને કાને કારમી ચીસ પડી: "હાય, મારો જ્યોર્જ!" હુસેનના મુખ ઉપર એક પાશવી આનંદની લહરી ફેલાઈ ગઈ – અબ્દુલ્લાના ખૂનીનો એકનો એક




ક્રોધની લાલ આંખ ઉઘડતી હોય એવો પ્રકાશ દેખાયો. પૃ. ૮૯

પુત્ર આજે એ પ્રલયવર્ષિણી નાગિણીઓના કોટિ કોટિ ડંખથી બેભાન બની તેના સર્જનહાર પાસે જઈ ગ્યો હતો. તેને તેના વેરની તૃપ્તિ થતી લાગી. ફરીથી તેના કાન ઉપર મરમની હૃદયભેદક ચીસ અથડાઈ: "મારો જયોર્જ!" હુસેનના મુખ ઉપરનો ભાવ તરત પાછો બદલાયો: "સેતાન, શરમાતો નથી! ફુલ જેવું પેલું બાળક કરમાઈ રહ્યું છે – અને તું અહીં રાજી થય છે! ઇન્સાનના બેટા હુસેન..." એ ભયંકર જ્વાળાઓને વીંધી તીરની જેમ, ફડફડાટ કરી તૂટી પડતો. અગાશી ઓરડાની એ બીજી બાજુના કોઈ અરણ્ય થઈ ગયું. એક કારમી ચીસ નાખી મડમ બેભાન થઈ ગઈ. થોડા જ સમયમાં બેભાન જેવો હુસેન પોતાને ખભે એક ત્રણ ચાર વરસના બાળકને લઈ આવી હાંફતો હાંફતો 'લ્યો તમારો જયોર્જ'

એમ સાહેબ પાસે તે છોકરાને મૂકતાં બોલ્યો. શેઠ બધા છોકરાને વીંટી વળ્યા. મડમને ભાન આવતાં તે છોકરાને બાઝી પડી. આ બધી ધમાલમાં હુસેનનો તો કોઈને ખ્યાલ જ રહ્યો ન હતો. પણ ઉપકારથી ભરાઈ ગએલું માતૃહૃદય થોડી વારમાં પોકારી ઊઠ્યું: "ક્યાં છે એ હુસેન–મારા જ્યોર્જનો જીવનદાતા?...એને એની નોકરી પાછી આપવું તો યે એનું ઋણ ફીટે એમ નથી..."

પણ.....પણ હુસેન ક્યાં હતો?

(ગાતા આસોપાલવ)



ઝવેરચન્દ કાલીદાસ મેઘાણી

[જન્મ ઈ. સ. ૧૮૯૬માં. ૧૯૧૭માં બી. એ.ની પદવી મેળવી એમણે કલકત્તામાં નોકરી લીધી. ૧૯૨૨માં સૌરાષ્ટ્ર પત્રના તન્ત્રી ખાતામાં જોડાયા. ૧૯૩૦માં સત્યાગ્રહની લડત સમયે જેલમાં જવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં ત્યાં એમણે ઘણાં રાષ્ટ્રીયગીતો લખ્યાં હતાં. હાલમાં જન્મભૂમિ પત્રના તન્ત્રી વિભાગમાં છે.

ભૂલાઈ જતા લોકસાહિત્યને સંઘી, પ્રગટ કરી એમણે ગુજરાતી સાહિત્યની અમૂલ્ય સેવા કરી છે. સૌરાષ્ટ્રની રસધાર (ભાગ ૧–૫) અને સોરઠી બહારવટિયા (ભાગ ૧–૩)માં એમણે સોરઠી સંસ્કૃતિની વીરકથાઓનો સંગ્રહ કર્યો છે.]

વલીમામદ આરબ

"જમાદાર સા'બ, ચલો રોટી ખાવા."

"નહિ, હમ ખાયા."

"ચલો ચલો, જે બટકુ આવે તે, મેરા ગળાથ."

"નહિ નહિ, હમ અભી ખાયા."

ત્રણ ગામને ત્રિભેટે, આછે પાણીએ ઝૂલતી એક નાની વાવ હતી. એ વાવને ગાળે માના ખોળા જેવી ઘટા પાથરીને એક જૂનો વડલો ઊભો હતો. એક દિવસ ઉનાળાને બપોરે એ હરિયાળા દેવમાતની છાંયડીમાં, વાવને ઓટે બે જણ બેઠા હતા. એક આરબ ને બીજો વાણીઓ. ભાથાનો ડબરો ઉઘાડીને ટીમણ કરવા બેઠેલા એ વાણીઆએ એ આરબને જમવા આવવા સોગંદ દઈ દઈને બોલાવેલો હતો તેનું એક કારણ હતું. એક તો કાંડિયા વળુંકી મદદ કરીને સાચવનાર આ મરદીઓ બેઠો એને ખબર

[illegible]

[illegible]

[illegible]

"[illegible]"

"[illegible]"

"[illegible]"

[illegible]

"[illegible]"

[illegible] "[illegible]"

"[illegible]"

[illegible]

[illegible]

[illegible]

"મારી નાખ્યા સાહેબ! હવે શું કરશું?"

"કેમ! આપણી પાસે શું છે તે સૂઝે?"

"ચાડિસ, મારી પાસે પાંચ હજારના દાગીના છે."

"હત્ બનિયા! ખોટું બોલ્યો હતો કે? સાચ હવે, ડબ્બો કાઢીને જલદી મને આપી દે, નહિ તો આ કોળીઓ તારો જાન લેશે."

વાણિયાએ ડબ્બો કાઢીને ચાડિસના હાથમાં દીધો. આ બધું તે સાથે આવનાર કોળીઓએ નજરોનજર જોયું, અને છેટેથી બૂમ પાડી કે, "એ ચાડિસ, રહેવા દે રહેવા, નહિ તો તું નવાણીઓ કુટાઈ ગયો જાણજે."

"સેઠ," ચાડિસે વાણિયાને કહ્યું: "હવે તું તારે ઘોડી હાંકી મૂક. જા, તારી જિંદગી બચાવ. મને એમને ભળવા દે."

"વાણિયે ઘોડી હાંકી મૂકી. એને કોળીઓએ ન રોક્યો. એ તો ચાડિસને જ ઘેરી વળ્યા. અને હાકલ કરી કે, "એલા ચાડિસ, હાથે કરીને મરવા માટે ડબ્બો લીધો કે?"

ચાડિસ કહે: "હમ કિસકા અનાજ ખાયા."

"અરે અનાજ હમણાં નીકળી જશે, ઝટ ડબ્બો છોડ!"

"નહિ. કિસકા અનાજ ખાયા."

"અરે ચાડિસ, ઘેરે છોકરાં વાટ જોઈ રહેશે."

"નહિ. કિસકા અનાજ ખાયા."

ચાડિસે બીજું એક વેણ પણ ન કહ્યું. એને તો બસ એક જ ધૂન હતી કે "કિસકા અનાજ ખાયા."

કોળીઓએ ચાડિસનો પીછો લીધો. પણ ચાડિસની નજીક જવાની કોઈની હિંમત ન ચાલી; કારણ કે ચાડિસના હાથમાં દારૂગોળો ભરેલી બંદૂક હતી. કોળીઓને ખબર હતી કે આ જણની બંદૂક જો છૂટે તો કદિ ખાલી ન જાય.

હજારોના દાગીનાનો ડબ્બો છે. હાથમાં બંદૂક છે, અને આખું ઝપાટાબંધ જેનો કાપવો જાય છે. આગે આગે કોળીઓ ચાલ્યા આવે છે; જરા નજીક આવીને તીર કામઠાં ખેંચીને તીરનો વરસાદ વરસાવે છે;

આરબ એ ખૂતેલાં તીરને પોતાનાં શરીરમાંથી ખેંચી, ભાંગી, ફેંકી દેતો જાય છે, કોળીઓને બંદૂકની કાળી નાળ બતાવી ડરાવતો જાય છે, એટલે ડરીને કોળીઓ દૂર રહી જાય અને આરબ રસ્તો કાપતો જાય છે.

પણ આરબ શા માટે બંદૂકનો બ્હાર કરતો નથી? કારણ કે એ ભરેલી દારૂગોળી શિવાય, બીજી વખત અવાજ કરવાનું એની પાસે કંઈ સાધન નથી. માટે જ ફક્ત ડરાવીને એ પોતાનો બચાવ કરે છે.

ત્યાં તો આકડીઆ ગામની લગોલગ આવી પહોંચ્યા. કોળીઓએ જાણ્યું કે આરબ જોતજોતામાં ગામની અંદર પેસી જશે. ગીગા શિયાળનો જુવાન ભાણેજ બોલી ઉઠ્યો: "અરે શરમ છે? બાર બાર જણાની વચ્ચેથી આરબ ડબરો લઈને જાશે? ભૂંડા લાગશો! બાયડીઉને મોઢાં શું બતાવશો?"

એ વેણ સાંભળતાં તો કોળીઓ આરબ પર ધસ્યા. આરબે ગોળી છોડી. ગીગાના ભાણેજની ખોપરી વીંધી. લોહીમાં નહાઈ ધોઈને સનસનાટ કરતી ગોળી ચાલી ગઈ. એ તો આરબની ગોળી હતી!

પણ આરબ પરવારી બેઠો; અને કોળીઓ એના પર તૂટી પડ્યા; આરબના હાથમાં રહ્યો કેવળ એક જમૈયો. સાત કોળીઓને એણે એકલાએ જમૈયાથી સુવાડ્યા. ત્યાં તો ગામ નજીક આવી ગયું. ગીગો અને એના જીવતા સાથીઓ પાછા ચાલ્યા ગયા.

લોહીમાં તરબોળ આરબ ધીરે ધીરે ડગલાં માંડે છે. એની આંખો પર લોહીના થર બાઝી ગયાં છે. શરીરમાંથી લોહી ટપકી રહ્યું છે. એને રસ્તો દેખાતો નથી. ચાલતો ચાલતો એ સીતાપુરી નદીને કાંઠે ઉતર્યો અને એક વીરડા ઉપર લોહીવાળું મોઢું ધોવા બેઠો.

નદીને સામે કાંઠે આઈ જાનબાઈની જગાના ઓટા ઉપર ગામના ગરાસદાર ચારણ વીકોભાઈ બેઠેલા. એની નજર પડી કે કોઈ લોહી લોહાણ, જખ્મી આદમી પાણી પીવા બેઠો છે. વીકોભાઈ એની પાસે આવ્યો, ત્યાં તો એ અજાણ્યા માણસનો પગરવ સાંભળીને અંધ બની ગયેલો આરબ એ હાથે પોતાનો હમાચો દબાવી બૂમ પાડી ઉઠ્યો કે "ચોર! ચોર!"

વીકાભાઈએ આરબને દારૂ પાયો. એનું શરીર સાફ કર્યું, ઘેર લઈ ગયા, પથારીએ રાખ્યો, હોશિયાર વાળંદને બોલાવી જખ્મો પર રેશમ સેવરાવ્યાં અને પોતે માના જણ્યા ભાઈ જેવી બરદાસ્ત કરવા લાગ્યા.

બીજે જ દિવસે ગીગો શિયાળ પોતાના ત્રીસ માણસોને લઈ આવી પહોંચ્યો. વીકાભાઈને કહેવરાવ્યું કે: "મારો ચોર સોંપી આપો; નહિ તો ગામની ચારે પાસ કાંટાના ગળાઆ મૂકી હું ગામ સળગાવી દઈશ."

વીકાભાઈ કહે: "ગીગા, શરણે આવેલાને ન સોંપાય, હું ચારણીનું દૂધ ધાવ્યો છું. હું દેવીપુતર."

ગીગો કહે: "મારા ગામને પાદર મારા ભાણેજની ચેહ બળે છે; એ જુવાન ભાણેજના મારનારને હું એ જ ચિતામાં બાળું ત્યારે જ મને ઠરક થાય તેમ છે. માટે છોડી દો, નીકર તમારી આબરૂ નહિ રહે."

વીકાભાઈના સાઠ રબારી હાથમાં લાકડી લઈને ઉભા થઈ ગયા અને ગીગાને હાકલ કરી કે "તો હવે ગીગલા! થઈ જા માટી. અમે જીવતા છીએ ત્યાં સુધી આશરે આવેલાને તું એમ લઈ જઈશ?"

ગામ આખું ગરજી ઉઠ્યું. ગીગો લજવાઈને પાછો ચાલ્યો ગયો.

૨

દિવસ ગયા. આરબને આરામ થયો. પણ સૂતાં કે બેસતાં આરબ પોતાનો હથિયાર છોડતો નથી. આરામ થયે એણે વીકાભાઈની રજા માગી.

વીકાભાઈએ પૂછ્યું: "ચાઉસ! રસ્તામાં વાપરવાની કાંઈ ખરચી છે કે?"

ઓશિયાળો ચાઉસ ફક્ત એટલું જ બોલ્યો કે "નહિ."

વીકાભાઈએ ખરચી બંધાવી. આરબે આજીજી કરી, કે "વીકાભાઈ, ખોપાળા સુધી મને મૂકવા આવો."

વીકાભાઈ સમજ્યા કે આરબ ગીગા શિયાળથી ડરીને આવી માગણી કરે છે. બન્ને જણા ખોપાળે પહોંચ્યા. આરબના મનમાં તો મૂંઝવણ જાગી હતી. દાગીનાવાળા વાણીઆનું નામ એને યાદ ન્હોતું આવતું. અને પારકી થાપણ એને હવે સાપના ભારા સમાન થઈ પડી હતી. ધણીને ઘરાણું પહોંચાડયા પહેલાં એને નીંદર આવે તેમ ન્હોતું.

ત્યાં તો ખોપાળાની બજારમાં એણે એ દાગીનાના માલિક વાણિયાને દીઠો. એણે પેલો દાગીનાનો ડબરો વાણીઆના હાથમાં મૂકી કહ્યું, "શેઠ આ તમારા દાગીના જલ્દી ગણી લ્યો.

વીકાભાઈની તાજુબીનો પાર ન રહ્યો. એ પૂછે છે કે "અરે ચાઉસ! આટલી બધી મૂડી બગલમાં હતી તો યે કેમ કહેતા હતા કે પાસે કાંઈ નથી?"

આરબે ઉત્તર દીધો કે "એ તો પારકી થાપણ."

વીકાભાઈ બોલ્યા: "રંગ છે તારી જનેતાને, ચાઉસ!"

એને સમજાયું કે આરબે પોતાને ખાતર નહિ, પણ આ પારકા માલને ખાતર ધીંગાણું ખેલ્યું હતું. એણે શેઠને બધી વાત કહી સંભળાવી. જેની સ્વપ્ને પણ આશા ન્હોતી એ દાગીના મળવાથી શેઠને અંતરે આનંદ માતો ન્હોતો. એણે આરબને બક્ષીસ આપવા માંડી–રૂપીઆ પાંચ! આરબે માથે ચડાવીને પાછા વાણીઆના હાથમાં ધરી દીધા.

શેઠની પીઠ પર એક ખાસડાનો ઘા કરીને વીકોભાઈ બોલ્યા: "કમજાત! વ્યાજના ખાનારા! તારા પાંચ હજારના દાગીના ખાતર મરવા જનારને પાંચ રૂપરડી આપતાં તું શરમાતો નથી?"

× × ×

આરબ વડોદરે પહોંચી ગયો, એનાં અંતરમાં વીકાભાઈનું નામ રમતું રહ્યું. આરબનો બચ્ચો ઉપકાર ન ભૂલે.

૩

વડોદરાના મહારાજા ફત્તેહસિંહરાવના દરબારમાં આરબ નોકરી કરે છે. એમ થતાં એક વખત મહારાજના એક વણિક મિત્ર પોતાની સ્ત્રીને પરગામ તેડવા ગયા. તેની સાથે એ જ આરબને મોકલવામાં આવ્યો.

કડકડાણી રથ હાંકીને વડોદરા તરફ આવ્યાં આવે છે. બપોરને વખતે એક વાવ આવી ત્યાં શેઠાણીનો રથ છૂટ્યો છે. શેઠ વહેલા વડોદરે પહોંચવા માટે આગળ ચડી ગયા છે.

શેઠાણીએ આરબને કહ્યું: "જમાદાર, વાવમાં જઈને પાણી લઈ આવોને!"

ચોપાસ સૂનકારભરી ભોમ જોઈને આડેસે જવાબ દીધો: "અમ્મા, તમ છોડીને તો હું નહિ જાઉં!"

"અરે આડેસ, ગાંડો છો? એટલી વારમાં આંધી કોણ આવી ચડે છે!"

અચકાતે દિલે, ઝાડને થડે બંદૂક ટેકવી આરબ પાણી ભરવા વાવમાં ઊતર્યો. આવીને જ્યાં જુએ ત્યાં ન મળે બંદૂક કે ન મળે શેઠાણી! દેખનારા ગયેલ ગાય-બેડુએ આંગળી બતાવીને કહ્યું: "ઓ જાય ઊંટ ઉપર ચડેલા બે સંધીઓ–બંદૂકને અને શેઠાણીને બેને લઈ ને"

વાવના પથ્થર પર આરબ માથું પટકવા ને નિસાસા પાડવા લાગ્યો. પણ બંદૂક વિના એનો ઇલાજ નથી રહ્યો. એવામાં ઓચિંતો ઘોડી ઉપર ચડીને એક રાજપૂત નીકળ્યો. રાજપૂતે આરબને આક્રંદ કરતો જોયો. વાત સાંભળી. ઘોડી ઉપરથી ઊતરીને રાજપૂતે કહ્યું: "આ લે આડેસ, તાકાત હોય તો ઉપાડ આ બંદૂક, ચડી જા મારી ઘોડી પર; પછી વિધાતા જે કરે તે ખરું"

વીજળીના ઝબકારાને વેગે આરબે ઘોડી પર છલંગ મારી, હાથમાં બંદૂક લીધી અને ઘોડી મારી મૂકી. જોતજોતામાં સંધીના ઊંટની પાછળ આરબની ઘોડીના ડાબલા ગાજ્યા.

ઊંટ ઉપર એક સંધી મોખરે બેઠો છે; એક પછવાડેના કાઠામાં બેઠો છે; અને વચ્ચે બેસાડેલાં છે શેઠાણીને. આરબ મૂંઝાયો. એ શી રીતે ગોળી છોડે? પાછલાને ગોળી મારતાં શેઠાણી પણ વીંધાઈ જાય તેવું હતું. આરબ મૂંઝાય છે.

પાછલા દુશ્મનના હાથમાં પણ આરબવાળી ભરેલી બંદૂક તૈયાર છે. એણે મોખરેના સવારને કહ્યું: "ઊંટને જરાક આડો કર, એટલે આ વાંસે વહ્યા આવનાર ઘોડેસ્વારને હું પૂરો કરું."

જેવો ઊંટ આડો ફર્યો તેવી તો સનનન કરતી આરબની ગોળી છૂટી; છૂટયા ભેગો તો મોખરેનો હાંકનાર પડ્યો. બીજી ગોળી ઊંટ ઉપર અને ઊંટ પડ્યો ત્રીજી ગોળીએ પછવાડેનો સંધી ઠાર થયો. શેઠાણીને અને શેઠાણીના પચીસ હજારના દાગીનાને બચાવીને આરબ પાછો વળ્યો.

બહાદુર આરબ હવે તો મહારાજનો અંગરક્ષક બન્યો છે; બહુ બોલ-વાની એને આદત નથી: બીજું કંઈ નહિ ને જ એ હાથે ચાલે છે.

ફરી એકવાર એના શૌર્યનું પારખું થયું. એણે એક દિવસ મહારા-જાને શિકાર ખેલતાં સિંહના પંજામાંથી ઉગારી લીધા. ત્યારથી એ મહારા-જાના સૈન્યમાં મોટો સૂબેદાર બન્યો છે.

પેશકશી ઉઘરાવવા માટે મહારાજા પોતે સોરઠમાં વરસો વરસ મોટી ફોજ લઈને આવે છે. આ વખતે એ ફોજનો સેનાપતિ એ બુઢ્ઢો આરબ હતો. દરેકે દરેક રાજમાં જો મહારાજા સરકાર જાય તો વસતિને તેમ જ તે રાજને હાડમારીની હદ ન રહે; એટલે રાજાઓ પોતે જ સીધા દોર થઈને સામે પગલે ચાલી, ખંડણી ભરી આવતા. આ વખતે ગાયકવાડના ડેરા તંબુ લીંબડી મુકામે તણાયા છે.

બુઢ્ઢા આરબના મગજમાં હરદમ એક માનવી તરવરી રહ્યો છે: એનો જીવનદાતા વીકાભાઈ. પણ એ નામ આરબ ભૂલી ગયો છે; ગામનું નામ પણ યાદ નથી: 'હડકી', 'હડકી' કરે છે. એના મનમાં હતું કે જો ભેટો થાય તો એ જીવનદાતાનું થોડુંક કરજ ચૂકાવું.

એક દિવસ રાજાઓની કચેરી ગાયકવાડના તંબુમાં ભરાયલી છે. ઝરીયાની ચાકળા પર આરબનું આસન છે; પણ આરબ ઉઠીને બહાર ગયેલ તેવામાં વીકાભાઈ તંબુમાં આવી પહોંચ્યો, અને વીકાભાઈએ તો પેલા આરબની ખાલી પડેલી ગાદી ઉપર ઝુકાવ્યું.

જોતાં જ મહારાજા ફત્તેહસિંહરાવની આંખ ફાટી રહી, ત્યાં તો આરબ અંદર આવ્યો. આઘેથી જોતાં જ વીકાભાઈને ઓળખ્યા.

"ઓ મારા જીવનદાતા! મારા બાપ!" કરતો દોડીને આરબ વીકા-ભાઈના ચરણમાં ઢળી પડ્યો. મહારાજાને તમામ વૃત્તાંતથી વાકેફ કર્યા.

મહારાજાએ જાહેર કર્યું કે, "રાજા સાહેબો! આ વીકાભાઈ જેના હામી (જામીન) થાય તેની પેશકસી અમે ખમશું."

"ત્યારથી પ્રત્યેક રાજમાં વીકાભાઈને અનહદ આદરમાન મળવા લાગ્યાં. નાણાંનો પણ તોટો ન રહ્યો. આજ એની ત્રીજી પેઢી આકડિયાના અરધ ભાગનો ભોગવટો કરે છે. આ લગભગ સંવત ૧૯૧૫ની વાત છે.

(સૌરાષ્ટ્રની રસધાર–ભા. ૧)

ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતા

[જન્મ [illegible] સુરતમાં. [illegible] ઇન્ટર [illegible] મુંબઈમાં [illegible] કામ કરે છે.

[illegible] વિનોદ [illegible] પ્રસિદ્ધ [illegible] જાણીતા [illegible] છે. [illegible] હાસ્યરસિક [illegible] છે.]

કાંદીવલીની જયાફત

મેસર્સ ધનસુખભાઈ [illegible] એન્ડ કંપની, [illegible]ની ઓફીસમાં કામકાજ ઓછાં હતાં એટલે બધા [illegible] કામ કરે છે એમ [illegible] મોડ હતા. છગનલાલના ટેબલ આગળ બે ત્રણ જણા અંદર અંદર ગુસપુસ ગુસપુસ કરીને હસતા હતા પણ શી વાત કરતા હતા તે બીજાઓથી સમજાતું નહિ. થોડી વારે છગનલાલે મોટેથી [illegible] કેમખુશાલને કહ્યું, 'કેમખુશભાઈ! રવિવારે જયાફતમાં આવવું છે!'

' આવતે શનિવાર તો થયો અને રવિવારે પાર્ટી ! તમે તને આવે [illegible] હો ! પાકા ચાર પાંચ રૂપીઆનું પાણી આપણે કરવું નથી." [illegible]લાલે કહ્યું.

" નારે ના, બિરાદર! આ વખતે ચાર પાંચનો સવાલ નથી. માત્ર તમારા ગાડીભાડા ઉપરાંત માંડ આઠેક આનાનો ખરચ આવશે. બોલો, થાવ છે મરજી?" છગનલાલના એક ગોઠીઆ છોટાલાલે જરા આંખનું મટકું મારતાં કહ્યું, "કેમ છગનલાલ! બોલ્યો નહિ?"

"હા રે હા, આ વખત પૈસાને માટે તમારે બીવાનું નથી." છગનલાલે ટાપશી પુરી, "કોઈ દરીનો લાલ મળી ગયો છે."

"ત્યારે તમે માકુભાઈને કહ્યું?" રમણીકલાલે પૂછ્યું.

"ના રે ના, એ મવાલી કંઈ આવે એમ નથી. એને વારે ઘડીએ કોણ પૂછે? એ તો હમેશાં નાની ના જ કહેતો આવ્યો છે." છોટાલાલે જવાબ વાળ્યો અને એ છગનલાલ ખડખડાટ હસ્યા. રમણીકલાલને એમાં ઝાઝી સમજણ પડી નહિ, તેમ એણે એ ઉપર બહુ ધ્યાન પણ આપ્યું નહિ. વળી રવિવારે એને અમુક કામ હતું. એટલે જ્યાફતમાં કોઈ પણ રીતે એનાથી જવાય એમ ન હતું, તેમ જ રમણીકલાલ અને માકુભાઈ ખાસ દોસ્ત એટલે કોઈ ઠેકાણે એકલા જાય જ નહિ—જાય તો બન્ને જાય, નહિ તો એકકેય ન જાય.

પણ થોડીવાર પછી પાછું રમણીકલાલને કૈંક યાદ આવી ગયું. "છોટુભાઈ! રવિવારે આઠ વાગે પેલા દોલતરાયને ત્યાં સંગીતનો જલસો છે અને સાથે માવાની ધારી ને ફરસાણ કરવાનો છે, તેમાં તમે નહિ આવો?"

"અરે એ દોલતની મીજબાની તે છોડાય? કૈંક પાંચ વરસે એક વખતે બોલાવે ત્યાં આપણે મુકીએ પણ ખરા કે? એમાં જઈશું અને પછી અગીઆરેકની ગાડી ગ્રાન્ટરોડથી પકડીશું." છગનલાલ બોલ્યો.

"ત્યારે સીધું સામાનનું શું?" દેશી બીડીના ધુમાડા કાઢતાં રમણીકે પાછો સવાલ કર્યો.

"સીધું સામાન એક માણસ સાથે નવેક વાગ્યે મોકલાવી આપશું," છોટાલાલ બોલ્યો, "આ તો એક ગમ્મતની પાર્ટી છે. ત્યાં નીરાંતે જઈને હાથો હાથ જ રસોઈ કરવાના છીએ. બે ત્રણ વાગ્યે રસોઈ તૈયાર થશે તો પણ શી પરવાહ છે!"

વાત આટલેથી અટકી. પછી પાછા સૌ સૌના કામમાં પડયા. અસીલો, ફી, પ્લેઈન્ટિફ વગેરે શબ્દો છુટથી વપરાવા લાગ્યા અને પછી ઓફીસ બંધ થઈ. રમણીકલાલ તબીયતને જાળવવા કોઈ કોઈ

